॥ હરિ:ૐ ॥

# જીવનપાથેય

(પૂજ્ય શ્રીમોટાના સાધકોને પત્રો)


• સંપાદકો •

હેમંતકુમાર નીલકંઠ

નંદુભાઈ શાહ



હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, કુરુક્ષેત્ર, રાંદેર,
સુરત-૩૯૫ ૦૦૫. ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑ પૃષ્ઠ : ૧૮+૧૭૪=૧૯૨

❑ પડતર કિંમત : **રૂ. ૨૦/-**

❑ વેચાણ કિંમત : **રૂ. ૧૫/-**

❑

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૪૯ | ૧૦૦૦ | ત્રીજી | ૧૯૮૨ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૬૯ | ૧૦૦૦ | ચોથી | ૨૦૦૭ | ૧૦૦૦ |

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી-૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **ટાઈપસેટિંગ :**
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ચોથી આવૃત્તિ)**

પરમ પૂજ્ય શ્રીમોટાની પધરામણી પોતાના નિવાસસ્થાને
કરાવવાનું સદ્‌ભાગ્ય જેઓએ પ્રાપ્ત કરેલું
અને
પૂજ્ય શ્રીમોટાના વસંતપંચમી-દીક્ષાદિનના ઉત્સવ
સને ૧૯૮૧ અને સને ૧૯૯૯માં યોજવામાં જેઓનો
પરિવાર યજમાનપદે હતો
તેમ જ
હરિઃૐ આશ્રમ, સુરતના પુનર્વસનના કાર્યમાં
જેઓનો સદ્‌ભાવભર્યો સહયોગ મળ્યો છે
એવાં

**શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ પટેલ**

અને

**શ્રીમતી ઈન્દુમતીબહેન જયંતીભાઈ પટેલ**

તેમ જ તેમના સમગ્ર પરિવારને **'જીવનપાથેય'**ની આ
ચોથી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં
અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૪-૯-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**
જન્માષ્ટમી હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અર્પણ

## (પ્રથમ આવૃત્તિ)

## અ.સૌ. કુસુમબહેનને
## તથા
## શ્રી મણિભાઈ શાહને
## સપ્રેમ

(અનુષ્ટુપ)

કેવા કેવા મળ્યા મિત્રો વર્ણવું શું પ્રભુલીલા !
હજારો હાથ એવાથી પ્રાપ્ત કર્મ ફળાવવા. ૧

સંતોષ આપીને કેવા કર્યા પ્રસન્ન કર્મથી,
વિરોધ સૌ શમાવ્યા ને મિષ્ટ શા મધુથી થઈ. ૨

પ્રતિષ્ઠાપદની કેવી આકાંક્ષા જીવને ફળી !
કેવી કુનેહની શક્તિ મુશ્કેલી વિઘ્નમાં ખીલી ! ૩

પ્રતિસ્પર્ધી ભલેને હા તેની ના ગણના ધરી,
વરી ફતેહ સિદ્ધિને જીવને પ્રાપ્ત શી કરી ! ૪

અશક્ય કાંઈ જે લાગ્યું શક્ય શા કરવા મથ્યા !
કૌશલ્ય, ખંત, ઉત્સાહ, કેવાં સાહસ ઉદ્યમ !-
-જીવને દાખવી પૂરાં પામ્યા છો જીવને ફળ. ૫

આકર્ષાયો તમારાથી પ્રતિભા એવી ભાળીને,
સિદ્ધ હેતુ થવા ભાવે સમર્પું **આ** હું પાદપે. ૬

મુંબઈ, તા. ૧૫-૭-૧૯૬૯ **- મોટા**

॥ હરિ:ૐ ॥

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિ)

સંતપુરુષો પોતાનાં સ્વજનોની પરીક્ષા અનોખી રીતે કરે છે. ગુજરાતના વિખ્યાત સંત શ્રીમોટાનો કેટલાંક વર્ષથી મારા ઉપર અકારણ સ્નેહ રહ્યા જ કર્યો છે. અહેતુક અનુરાગ રાખવો એ એના શીલ-ચારિત્ર્યની પવિત્રતા છે. એકાએક તેઓશ્રીને કોણ જાણે શાથી મનમાં શી સ્ફુરણા થઈ, અને મને એમનું પુસ્તક **'જીવનપાથેય'** મોકલ્યું. સાથે એક પત્ર પણ લખીને એ પુસ્તકની પ્રસ્તાવના લખવા પ્રેમપૂર્વક આદેશ આપ્યો. પ્રેમસભર આ આદેશનું ઉલ્લંઘન કરવાની મારી શક્તિ નથી. આથી જ ખૂબ મથામણને અંતે આ લખી રહી છું.

**'જીવનપાથેય'** પુસ્તકમાં શ્રીમોટાએ લખેલા ગદ્ય તથા પદ્ય પત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. લગભગ વીસથી પચીસ વર્ષ પહેલાં આ પત્રો સાધકોને લખાયેલા છે. આ પચીસ વર્ષોમાં હંમેશાં પ્રગતિશીલ શ્રીમોટાનું આંતર્‌બાહ્ય પરિવર્તન પણ થયું હશે. અનુભૂતિની વિશદતા અને એની અભિવ્યક્તિની સહજ સુંદરતા પણ વિકસિત થઈ હશે. આમ છતાં આ પત્રોમાં શ્રીમોટાની સહૃદય રસિકતા પૂર્ણપણે છલકાય છે. માતા, બાળકની આંગળી પકડીને ચાલતા શિખવાડે છે. એ જ રીતે શ્રીમોટા સ્નેહપૂર્વક સાધકને માર્ગદર્શન કરે છે, એમ આ પત્રો જોતાં જણાય છે. શ્રીમોટાનો સ્નેહભર્યો સંપર્ક પામનાર આ સાધકો ભારે ભાગ્યશાળી ગણાય. ગુજરાતના આત્માર્થીઓને આ સત્સંગ દીર્ઘકાળ પર્યંત મળ્યા કરે એવી ઈશ્વરને પ્રાર્થના.

તા. ૧૯-૭-૧૯૬૯ **વિમલાતાઈ ઠકાર**

અર્બુદાચલ

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના આ **'જીવનપાથેય'** પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પાડતાં અમને આનંદ થાય છે, કેમ કે તેઓશ્રીનાં પુસ્તકોનું પ્રકાશન કરવાના કાર્યને હૃદયનો સાથ સદ્‌ભાવનાવાળાં ઘણાં જાણીતાં-અજાણીતાં ભાઈબહેનો તરફથી અમને મળ્યો છે. વળી, દેશની અને ગુજરાતની રાજકીય, સાંસ્કારિક તથા કેળવણી વિષયક હવા અને સ્થિતિ જોતાં, આવા દૂરથી નમસ્કાર કરવા લાયક આધ્યાત્મિક વિષય ઉપરનાં ગદ્ય તેમ જ પદ્ય લખાણોને જે આવકાર મળ્યો છે, તેથી અમને સ્વાભાવિક રીતે જ પ્રોત્સાહન મળ્યું છે.

પૂજ્ય શ્રીમોટાનાં લગભગ બધાં જ પુસ્તકો એમનાં આત્મીય સ્વજનોના પુછાયેલા પ્રશ્નો, તેમના સાંસારિક, માનસિક કે આધ્યાત્મિક કોયડાઓ, તેમની વૃત્તિઓ તથા આદર્શો વગેરેમાં માર્ગદર્શનરૂપે લખાયાં છે. એટલે આ પુસ્તકનું પણ તેમ જ છે. આથી, આજના મૂલ્યાંકન પ્રમાણેના સાહિત્યની કસોટીએ આ બધું લખાણ ચઢશે કે નહિ એ હેતુ તરફ કેવળ દુર્લક્ષ રખાયું છે. એટલું જ નહિ પણ પ્રત્યુત્તર પામનાર વ્યક્તિની કક્ષાને લક્ષમાં રખાઈને તેના ભણતરને ધ્યાનમાં લેવાઈને તે કક્ષાએ આ પત્રોનું લખાણ છે. તેથી, આ પુસ્તકમાં પણ પૂજ્ય શ્રીમોટાનું વ્યક્તિત્વ કે જે કંઈ તેઓશ્રી કહી શકે તેમ છે, તે (વક્તવ્ય) બધું યોગ્ય રીતે

બહાર પડતું નથી, પણ તેથી તો સાધારણ જિજ્ઞાસુ જનતાને અને આમ જનતાને પણ આ લખાણ વધારે ઉપયોગી થઈ પડે એવું છે. તે ઉપરાંત, ઊંચી ભૂમિકાવાળાઓને પણ લાભ થાય એવાં લખાણો અને સૂચનો ઝીણી નજરે વાંચનારને મળી આવશે.

પદ્યોમાં લેખકે કેટલેક ઠેકાણે અંતરની વરાળ ઠાલવી છે. જેમને ઉદ્દેશીને એ લખાયું છે, તે એમનાં સ્વજનો છે. અને એમનાં માર્ગદર્શન અને જીવનઘડતર સારુ એ લખાણ છે. એવાં સ્વજનો જ્યારે આડફંટા જાય કે તેઓ મંદતા કે તામસમાં પડી જાય કે કશાકથી આવરાઈ જાય ત્યારે તેમને એકદમ સચેત કરવા માટે દર્દભરી વાણીમાં લખાયાં છે, કેમ કે સ્વજનોને એવી દશામાં જોઈને લેખકના હૃદયના તારેતાર ઝણઝણી ઊઠે છે. એ વાણી ઉપર કશો પણ ઓપ ચઢાવ્યા વિના લેખકે જેમ આવે તેમ લખ્યું છે અને તેવું જ આમાં છાપ્યું છે. એમની વેદના સ્વજનનું અંતર દ્રવાવી તેમને કલ્યાણપંથે ધપાવવા માટેના જ્ઞાનભક્તિયોગપૂર્વકની સમાન હેતુવાળી હોવાથી વાચકને પણ એથી લાભ થશે.

આ પુસ્તકની નવી આવૃત્તિ છાપી આપનાર શ્રી વિષ્ણુપ્રસાદ સોમનાથ પંડ્યા સાથે અમારે ગયા વર્ષે પરિચય થયેલો. 'પૂજ્ય શ્રીમોટા : જીવન-માનાંજલિ ભાવાંજલિ' એ ગ્રંથ એમણે વિનામૂલ્યે છાપી આપ્યો હતો. એક વર્ષમાં એ દળદાર સ્મૃતિગ્રંથની તમામ નકલો ખપી ગઈ. ભાઈશ્રી વિષ્ણુભાઈનાં સ્વ. ધર્મપત્ની ભગવતીબહેનની સ્મૃતિ પૂજ્યશ્રીના સ્મૃતિગ્રંથ સાથે જોડાયેલી છે. સ્વ.

ભગવતીબહેનનાં સ્મારક તરીકેની પ્રકાશન પ્રવૃત્તિમાં, સ્વ.ની પ્રથમ સંવત્સરી નિમિત્તે એમણે પૂજ્ય શ્રીમોટાનું કોઈ પણ પુસ્તક વિનામૂલ્યે છાપીને, એની એક હજાર નકલ હરિઃૐ આશ્રમને ભેટ આપવાની ભાવના વ્યક્ત કરી. **'જીવનપાથેય'**ની આ બીજી નવી આવૃત્તિનું પ્રકાશન શ્રી વિષ્ણુભાઈની આ ઉદારભાવનાનું પરિણામ છે. તેઓશ્રીના ભાવની કદર અમે કયા શબ્દોમાં કરીએ?

હરિઃૐ આશ્રમ, **હેમંતકુમાર નીલકંઠ**<br>
નડિયાદ. **નંદુભાઈ શાહ**<br>
તા. ૮-૭-૧૯૬૯

॥ હરિઃૐ ॥

# બાર બાર વીત્યા માસ...

## (બીજી આવૃત્તિ)

ભાદરવા સુદ ૧૪, સંવત ૨૦૨૪નો દિવસ લોકો આનંદચૌદશ તરીકે ઊજવે છે. આ આનંદનો દિવસ મારા જીવનમાં ગોઝારો દિવસ બની રહેશે તેની કલ્પના ક્યાંથી આવી શકે ? આ બનાવને એટલે કે મારાં ધર્મપત્ની સ્વ. ભગવતીના અવસાનને બાર માસ વીતી ગયા.

એક વર્ષ ઉપર બનેલી આ ઘટનાએ મારા જીવનમાં કેટલાં પરિવર્તનો આણ્યાં છે ! છેલ્લા બે દાયકામાં મારા જીવનનાં દરેક ક્ષેત્રમાં મારી સાથે રહેલાં એ જીવનસાથીની ખોટ આજે ઘણી સાલે છે. મારું નાનકડું કુટુંબ જાણે કે વેરવિખેર થઈ ગયું. આ સંવેદનકાળ દરમિયાન પૂજ્ય શ્રીમોટાનો સહારો મને સાંપડ્યો. મારા જીવનના ઉત્કર્ષ માટે તેમણે હંમેશાં પ્રેરણા આપ્યા કરી. તેમની અકળ ઓથ નીચે આ બાર માસ વિતાવતાં મને મારા સંઘર્ષકાળમાં કોઈ દૈવી મદદ મળ્યા કરી છે તેમ લાગ્યું. મારા મિત્ર રમેશભાઈ સાથે બાળકોને લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ ગયેલો, ત્યાં પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં મને જે હૂંફ, શાંતિ અને બળ સાંપડ્યાં એ અનોખી વસ્તુ હતી. પૂજ્ય શ્રીમોટાની આ અકળ ઓથ મને હંમેશાં મળ્યા કરી છે, તે તેમનો મારા પ્રત્યેનો પ્રેમ જ છે.

એક બાજુ દુઃખ-વેદના હોવા છતાં સંતાત્માની હૂંફ સાથે છેલ્લા બાર માસમાં ઘણી નાનીમોટી ઘટનાઓ બની ગઈ છે. મારું નિવાસસ્થાન બદલાયું. મારાં મોટાં બહેન હસમુખબહેનના નજીકના નિવાસસ્થાનમાં આ બાર માસ દરમિયાનમાં તેમણે મને ઘણી મદદ કરી છે. સાથે સાથે મારા સાળા શ્રી બિપિનભાઈથી

હું દૂર રહેવા ગયો છતાં પણ તેમણે બાળકોની સંભાળ લેવામાં પાછી પાની કરી નથી. બાળકોની તથા ઘરની નાનીમોટી દરેક વ્યવસ્થાની સંભાળ ગોદાવરીબહેન નામનાં આધેડબાઈનો પણ સારો સાથ સાંપડ્યો છે. ચિ. શ્રેયસ પણ પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી પ્રિન્ટિંગ ટૅક્નોલૉજીના અભ્યાસમાં સારી રીતે પાસ થઈ બીજા વર્ષમાં આવ્યો. મારાં સૌથી નાનાં બે ફૂલ યજ્ઞેશ-હિમાદ્રી પણ પાસ થઈ આગળના ધોરણમાં આવ્યાં. સાહિત્ય મુદ્રણાલયે સારો એવો વિકાસ સાધ્યો. ટૂંકમાં કહું તો બાર માસમાં ન પુરાય તેવી સ્વ. ભગવતીની ખોટમાં જો તેનું સ્મૃતિબળ અને પ્રભુકૃપા ન હોત તો અમારું શું થયું હોત તેની કલ્પના પણ અશક્ય છે.

'પૂજ્ય શ્રીમોટા : જીવન-માનાંજલિ ભાવાંજલિ' એ સ્વ. ભગવતીની સ્મૃતિમાં સ્થપાયેલ ભગવતી પ્રકાશનનું સૌથી પ્રથમ પુષ્પ હતું. શ્રી ભગવતી પ્રકાશનનાં બીજાં પુષ્પ તરીકે પૂજ્ય શ્રીમોટાનું **'જીવનપાથેય'** તેની પ્રથમ સંવત્સરી પ્રસંગે પ્રકાશન કરવાની પૂજ્ય મોટાએ ઉદાર અનુમતિ આપી છે, તે ઋણ હું ક્યારે અદા કરી શકીશ, તે તો તેમની મારા ઉપરની કૃપા ઉપરનો પ્રશ્ન છે અને તેમની કૃપા તો મારા ઉપર હંમેશાં રહ્યા જ કરી છે. માનવમંદિર મુંબઈના મૅનેજિંગ ટ્રસ્ટી અને મારા સુખદુઃખના સાથીદાર સંનિષ્ઠ મિત્ર શ્રી કનૈયાલાલ દવેએ તેમનો કવિતાસંગ્રહ 'મુક્તા' સ્વ. ભગવતીને અર્પણ કર્યો તે પણ આ બાર માસમાં અગત્યનો બનાવ છે. તેમનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી. એક સ્ત્રી કે જેણે કેળવણી માટે અથાગ મહેનત કરી હતી, તેની સ્મૃતિમાં એક પ્રકાશન સંસ્થાના નેજા હેઠળ આવાં ને આવાં સત્કાર્યપૂર્ણ પ્રકાશનો થયાં કરે તેવું પ્રભુ મને બળ આપે.

સ્વ. ભગવતીનાં સહાધ્યાયિની શ્રીમતી ગિરજાબહેન વિ. પૂજારા તથા શ્રી વિનોદચંદ્ર પૂજારા કે જેમણે અમારા ઉત્કર્ષમાં

ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. તેમની સાથેના સંબંધોએ પણ આ બાર માસમાં સુખદ ગતિ સાધી છે, એ પણ આ બાર માસ દરમિયાનનો અગત્યનો બનાવ છે.

પૂજ્ય શ્રી નંદુભાઈ કે જેમણે આ સમય દરમિયાન વારંવાર મારા જીવનમાં બનતાં દરેક કાર્યની સંભાળ રાખી છે. તેમનો પણ હું ઋણી છું.

અંતમાં, બાર બાર માસના મારા સંઘર્ષકાળ દરમિયાન મારા અનેક સાથીઓની મદદ મારું જીવનકાર્ય આગળ વધારવામાં મળી છે. તેઓનો સૌનો હું આભાર માનું છું. અને મારા જીવનમાં જેનો સહકાર સુખદુઃખમાં હતો તેવી સ્વ. ભગવતીની સ્મૃતિમાં આ બીજું પુષ્પ **'જીવનપાથેય'** પ્રકાશિત કરીને તેને શ્રદ્ધાંજલિ આપું છું અને તેનાં સ્મૃતિબળથી મારું દરેક કાર્ય સફળ બને તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

'મમતા'
ઝીંઝુવાડિયા કૉલોની
બાલવાટિકા પાસે,
મણિનગર, અમદાવાદ-૮

**વિષ્ણુપ્રસાદ પંડ્યા**
પ્રકાશક
**ભગવતી પ્રકાશન**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

**'જીવનપાથેય'** અને **'જીવનસંદેશ'** પૂજ્ય શ્રીમોટાનાં પ્રકીર્ણ લેખસંગ્રહ જેવાં પુસ્તકો છે. 'જેવાં' શબ્દપ્રયોગ એટલા માટે કર્યો છે કે એમણે તો એ પત્રરૂપે જ લખેલું છે, પરંતુ એનું સંકલન જે રીતે થયું તે જાણે કે અધ્યાત્મવિજ્ઞાન વિભાવનાઓ ઉપર એકબીજા સ્વતંત્ર લેખો ન હોય ! પરંતુ **'જીવનસંદેશ'**ની જે આવૃત્તિઓ થઈ તેટલી આવૃત્તિ **'જીવનપાથેય'**ની થઈ શકી નથી.

શ્રી રમણભાઈ અમીનની પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ચાહના અનોખી જ છે. એઓ પૂજ્યશ્રીના લખાણના પણ ચાહક અને ઊંડાણથી અભ્યાસ કરનાર છે. એમને **'જીવનપાથેય'** છપાવવાની ઇચ્છા થઈ અને અમે અનુમતિ આપી. આવા એમના ભાવ માટે અમે ખૂબ ખૂબ આભારી છીએ. હૃદયપૂર્વક એમના ઋણનો સ્વીકાર કરીએ છીએ. એમની ઇચ્છાથી ઘણા વખતથી અપ્રાપ્ય એવું આ પુસ્તક સ્વજનોના હાથમાં આવે છે.

ફોટો પ્રિન્ટિંગની નવી પ્રક્રિયાથી એમણે એ અમને છાપી આપ્યું છે. ૧૦૦૦ નકલ કદાચ એવી પ્રક્રિયામાં મોંઘી પણ પડે. અમે આવી મોંઘી પ્રક્રિયા અમારે કારણે થાય એ ન ગમે એવી લાગણી વ્યક્ત કરી. છતાં એમણે એને બહુ મહત્ત્વનું ગણ્યું. આથી પણ અમે એમના વિશેષ આભારી છીએ.

આશા છે કે આ તૃતીય આવૃત્તિને સ્વજનોનો આવકાર મળશે. આની જે આવક થશે તે પૂજ્ય શ્રીમોટાનાં સામાજિક ઉત્થાનનાં કાર્યોમાં વપરાશે એ નિશ્ચિત છે.

હરિઃૐ આશ્રમ,
નડિયાદ — **નંદુભાઈ**
તા. ૨૯-૯-૧૯૮૨ — મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા જે સ્વજનો જીવનવિકાસમાં પત્રો દ્વારા માર્ગદર્શન મેળવી શક્યાં હતાં, તે બધાં બડભાગી હતાં. આ પત્રોનું પ્રકાશન થવાથી અન્ય અનેક સ્વજનો અને શ્રેયાર્થીઓ તેનો લાભ સ્વરુચિ પ્રમાણે હાલમાં પણ મેળવી શકે છે.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના અક્ષરદેહનાં પ્રકાશનોનું સમયાંતરે જરૂરિયાત અન્વયે પુનઃપ્રકાશન થતું રહે છે. એ સંદર્ભમાં **'જીવનપાથેય'** હાલ અપ્રાપ્ય હોવાથી તેની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન કરી અમો ધન્ય બનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિની જેમ સ્વજનો આ પ્રકાશનને પણ આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૪-૯-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**

જન્માષ્ટમી હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જગજ્જનનીને | ૧ |
| ૨. | ગુરુને અંજલિ | ૩ |
| ૩. | સાધનાનું હૃદય | ૬ |
| ૪. | શ્રીગુરુચરણમહિમા | ૯ |
| ૫. | એક પ્રેમીની હૃદયાંજલિ | ૧૪ |
| ૬. | સાધુ પુરુષની સમજણ | ૧૬ |
| ૭. | શ્રીચરણારવિંદે | ૨૦ |
| ૮. | યોગ્યવલણનાં જ્ઞાનભાન | ૨૧ |
| ૯. | એક રસાનંદ | ૨૩ |
| ૧૦. | પ્રસન્નતા | ૨૫ |
| ૧૧. | શરણભાવ | ૩૭ |
| ૧૨. | શરણાગતિ | ૩૮ |
| ૧૩. | એક વડીલ સદ્‌ભાવીને | ૪૧ |
| ૧૪. | નવસર્જનનાં સીમાચિહ્‌ન | ૪૨ |
| ૧૫. | યોગની કળા | ૪૩ |
| ૧૬. | સુખદુઃખની ઉત્પત્તિ-મન | ૪૬ |
| ૧૭. | નવા વર્ષે | ૫૦ |
| ૧૮. | મનની મથામણ | ૫૧ |
| ૧૯. | જીવનને ઘડનાર દુઃખ | ૫૩ |
| ૨૦. | હામ હારીશ ના તું | ૫૪ |
| ૨૧. | કર્મસાધના | ૫૫ |
| ૨૨. | સાચું સુખ | ૬૧ |
| ૨૩. | અંધશ્રદ્ધા | ૬૭ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૪. | અક્કલનાં તિસમારખાં પ્રતિ | ૭૦ |
| ૨૫. | પ્રભુનાં જ્યાં વસે ચરણો | ૭૧ |
| ૨૬. | સમર્પણની અનિવાર્યતા | ૭૨ |
| ૨૭. | પછી ઢંઢોળતો શાને ? | ૭૩ |
| ૨૮. | સાધનાની સમજણ | ૭૪ |
| ૨૯. | સહ-અનુભૂતિ | ૭૮ |
| ૩૦. | દંપતીને પત્ર | ૭૯ |
| ૩૧. | સ્વજન દંપતીને | ૮૩ |
| ૩૨. | સમજ | ૮૪ |
| ૩૩. | સનમનું તત્ત્વ | ૮૭ |
| ૩૪. | સ્ત્રીજીવનની મહત્તા | ૮૮ |
| ૩૫. | પરસ્પર ભાવના કરો | ૯૫ |
| ૩૬. | નામમહિમા | ૯૮ |
| ૩૭. | તીર્થયોગ્ય ભાવવર્તન | ૧૦૦ |
| ૩૮. | જીવનસાથી પ્રત્યેનો ધર્મ | ૧૦૫ |
| ૩૯. | સાધુ પ્રત્યેની દૃષ્ટિ | ૧૦૭ |
| ૪૦. | વૃત્તિનો ઉપયોગ | ૧૧૧ |
| ૪૧. | તકનો સદુપયોગ | ૧૧૩ |
| ૪૨. | માયાનાં સ્વરૂપ | ૧૧૮ |
| ૪૩. | હૃદય-આધાર | ૧૧૯ |
| ૪૪. | અનુકૂળતા માટે પ્રાર્થના | ૧૨૦ |
| ૪૫. | વ્હાલાં-ચેતના ચિનગારી | ૧૨૧ |
| ૪૬. | ક્રિયા-પ્રેમની સફળતા | ૧૨૧ |
| ૪૭. | પ્રેમભર્યું મલદાન | ૧૨૨ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૮. | વૈરાગ્ય | ૧૨૨ |
| ૪૯. | एक | ૧૨૭ |
| ૫૦. | જીવનમાં પ્રવેશવાની કળા | ૧૩૨ |
| ૫૧. | વ્યક્ત-અવ્યક્ત | ૧૩૭ |
| ૫૨. | પાગલ હું ! | ૧૩૯ |
| ૫૩. | અંતરનો પ્રલાપ | ૧૪૨ |
| ૫૪. | જેલમાં ગયેલા સ્નેહીને | ૧૪૭ |
| ૫૫. | અંતરનો બળાપો | ૧૪૯ |
| ૫૬. | પ્રેમની તાવણી | ૧૫૧ |
| ૫૭. | નિઃસ્પૃહી પ્રેમ | ૧૫૩ |
| ૫૮. | અનુભવનું મૂળ હૃદય | ૧૫૫ |
| ૫૯. | પ્રેમની ફનાગીરી | ૧૫૭ |
| ૬૦. | હૃદયનો પ્રેમ | ૧૫૮ |
| ૬૧. | ભાવરસ | ૧૬૦ |
| ૬૨. | સંસારમાં રસ | ૧૬૪ |


❑

# જીવનપાથેય

❑

- પૂજ્યશ્રી મોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# જગજ્જનનીને

(શિખરિણી-મંદાક્રાંતા)

પૂરો રંગાવી દે રસ બસ કરી પ્રેમના મસ્ત ભાવે,
કરી દેની બે'નાં ! જીવનપ્રિયની સાથ તાદાત્મ્ય હૈયે,
તમો બે'નોમાં તો જગતજનની શકિતરૂપે વસેલાં,
તમારે તો કોની જરૂર નવ રે' ધારણા રાખી જો ત્યાં. ૧

હશે એવી કોઈ જગત પર આ જીવતી શક્તિરૂપે,
બધાં એનાં ક્ષેત્રે કુશળ વરતી, કામ દેશે રૂડું તે,
હૃદયે દે પોતાના જીવનપ્રિયને શક્તિ એવી પ્રચંડ,
રહે વર્તી એવો પછી જહીં તહીં યોગ્ય સૌ હોય જેમ. ૨

થશે એવાની તો જગમહીં બધે બોલબાલા અનેરી,
કશું વાંકુંચૂકું કહીં નવ થશે મા ! હશો જો પૂંઠેથી,
સીધું જ્યાં વર્તાયું કદી નવ હશે, માડી ચેતાવશે ત્યાં,
અમારી રક્ષા તે પળ પળ કરી યોગ્ય દોર્યાં જશે, મા. ૩

અમારી એવી તું અમ જીવનમાં પ્રેમસંભાળ લે મા !
અમારાં સૌ ક્ષેત્રે રસ પૂરી પૂરી દે સદા પ્રેરણા, મા !
પથે જે સૌ ગૂંચો નડતર કશી તે ઉકેલી તું દે, મા !
પથે જે જે ભાથું જરૂર પડતું દેતી રે'જે સદા, મા. ૪

અમારે ક્ષેત્રે જો મન હૃદ વિશે ના ખૂંપ્યાં હોય પૂરાં,
અમોને ગોદાટી હૃદય કરતી તું રહેજે સદા, મા,
અમે જો હારેલા કંઈક વિષયે લાગતા હોઈએ મા !
અમારા પક્ષે તું ઝડપ દઈને આવી ઊભી થજે, મા ! ૫

ભરી દેજે મા ! તું અમ હૃદયમાં ખંત, ઉત્સાહ, જોમ,
વહેવા  દેજે મા ! તુજ હૃદયની શકિત સૌ રોમરોમ,
દૃઢાવી દે પાકું અમ જીવનનું ધ્યેય તારામહીં મા !
બધું રાગે પાડી ઠીક-અઠીકની તું કરી દે વ્યવસ્થા. ૬

પથે નિર્ધારિલા તુજ મદદથી પહોંચવું ત્યાં રહ્યું મા !
અમોને તો તારો ખપ ઘડી ઘડી લાગવાનો ઊંડો, મા !
વિના તારી સ્હાયે સ્થળ પર જઈ પ્હોંચવું હેમક્ષેમ,
ચઢે પંગુ ટોચે કદી, પણ થવું કાર્ય તે શક્ય ના મા ! ૭

અમારે તો તારી તરફ સઘળું ઉર જોવાનું છે, મા !
ફરી બેસો આડાં તમ મુખ કરી ઊંધું, તો શું થશે, મા !
અમારા ત્યારે મા ! મનહૃદયમાં જે વલોવાવું થાશે
કદી પીડા એવી જગતમહીં ના આપશો કોઈનેય ! ૮

અમારાથી જે કૈં બનતું કરવા દિવ્ય રૂપાંતરોમાં,
અમારામાં સૌની વ્યવસ્થિતિ થવા દો પુરુષાર્થ ત્યાં, મા !
કૃપાથી પોતાના સ્વરૂપ હૃદયે મા ! અમારે થવું છે,
હવે તો ભેળાવો તમ હૃદયમાં રાંકને એક ભાવે. ૯

મને બોલાવી લો તમ નયનના પ્રેમભીના ઈશારે,
મને મોહાવી દો ચરણકમળે ભાવના મુગ્ધ ભાવે,
હવે તો મારું સૌ કંઈ પણ થવું યોગ્ય જે હો બધું મા !
તમોને સોંપ્યું છે, રહમ કરતાં નિત્ય રે'જો હૃદે, મા. ૧૦

ત્રિચિનાપલ્લી *તા. ૧૭-૨-૧૯૪૩*

॥ હરિઃૐ ॥

# ગુરુને અંજલિ

(અનુષ્ટુપ)

વિના કર્મ પ્રભુનામાં ના પ્રવેશી કદી શકો,
કર્મ તેથી પ્રભુભાવે કરવા ધારણા ધરો. ૧

નિરાલંબ, નિરાસક્ત, નિર્મમત્વ સગુણ તે,
જીવને તેવું વર્તતાં થવાયે તેવું જીવને. ૨

ત્યાં લગી કર્મ મર્યાદા જીવને વર્તતી રહે,
જતાં ઓળંગી તે કક્ષા શો સ્વતંત્ર પછી બને ! ૩

મૌખિક પાઠ આવો તે ભણાવ્યો ગુરુએ મને,
એવા ગુરુતણો માનું હું આભાર કઈ રીતે ? ૪

એણે જે પ્રેમ દર્શાવ્યો હું જેવા મૂઢની પરે,
યોગ્ય ના હું હતો પૂરો છતાં શો આવર્યો મને ! ૫

ગુરુની શી પ્રભુતા હા, ગુરુ સર્વોપરી થવા,
કેવી કેવી રીતે હૈયે મથ્યા મને દૃઢાવવા. ૬

ગુરુના પ્રેમની ઝાંખી કો' રીતે ના કરી શકું,
મારામાં એમના જેવા ના બિંદુ એક પ્રેમનું. ૭

મહત્ત્વ તે ગુરુનું શું ? મુખે ના તે કથી શકું,
ગુરુને વળગી રે'તાં મને એણે બતાવિયું. ૮

બુદ્ધિ મારી પલાળીને એને ઠામ કરાવવા,
યુક્તિ પ્રયુક્તિથી કેવી કરી પાદ ઠરાવવા ! ૯

ગુરુ વિના નથી મુક્તિ સત્ય એ જીવને ઠસ્યું,
ગુરુનાં ગુણગાનોની શી મહા તે કથા કથું ? ૧૦

સંભારણાં ગુરુનાં તે મને સ્ફુર્યાં કરે હૃદે,
ગુરુ ના હોત તો કેવો રહ્યો પામર હું હતે ! ૧૧

હજીયે મારી મૂર્ખતાતણો પાર નથી ખરે !
ભલે સાચું ન માને કો સાચી વાત છતાં દીસે ! ૧૨

દક્ષતા વ્યવહારે ના કશાનું ભાન તે પૂરું,
બધી બાજુતણું એવું રહેતું નથી આપ શું. ૧૩

મૂઢતા વર્તનોમાંની મારી તે સમજાવવા,
સમર્થ કોઈને ના હું એવો છું મતિમંદ હા ! ૧૪

છતાં વ્હાલાંજનો મારાં કળા પ્રેમ કરી કરી,
મને નવાજતાં એ તો પ્રભુકેરી પ્રસાદી શી ! ૧૫

સૌના તે પ્રેમની મીઠી હૂંફાળી અમીછાંયમાં,
કરું પામરતાં વ્યક્ત જેમ હો પ્રભુપાદમાં. ૧૬

નકારવાનું બુદ્ધિનું ગુરુએ ના કદી કહ્યું,
બુદ્ધિ ઠરાવવા ઊંડી એનામાં ચિત્ત મેં ધર્યું. ૧૭

શ્રદ્ધા વિશ્વાસ એનામાં જીવતાં રાખવા મથ્યો,
એમનાં વચને તેથી કાઢતાં પ્રાણ હું શીખ્યો. ૧૮

એના જીવનનું ઊંડું મહત્ત્વ હૃદયે પૂરું,
સદા રહ્યા કરે એવું ધ્યાન હૈયે ધર્યાં કર્યું. ૧૯

ઘણી વાર ગુરુની તે મહત્તા છટકી જતી,
મહત્તા કૃષ્ણની જેવી યશોદા **મા** ભૂલી જતી. ૨૦

છતાં તે જીવને પાછી એનામાં દૃષ્ટિવૃત્તિને,
ફરી ફરી પરોવીને એમ વર્ત્યાં કર્યું હૃદે. ૨૧

ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ ભાવ તે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને. ૨૨

ગુરુ પ્રત્યક્ષ છો ના હો ગુરુની ભાવના હૃદે,
દૃઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે. ૨૩

ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા. ૨૪

ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવનસાધના જેઓ કરે તે જાણશે ખરું. ૨૫

ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું,
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ. ૨૬

સ્થૂળ દેહ ગુરુ ના છે સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો !
ગુરુના જીવને જ્યારે ભળશો, તો પિછાનશો. ૨૭

મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યા કરી
ઠસાવ્યાં જીવને ઊંડી કરી, તેથી ફળ્યાં કરી. ૨૮

મળ્યો લાભ મને જે કંઈ નજીવો હો ભલે છતાં,
ભક્તિભાવે તમોને હું નમીને મૂકું પાદમાં. ૨૯

જીવન માનવીકેરું શ્રેષ્ઠ સૌ યોનિની મહીં,
જીવન માનવી વિના મુક્તિ કો જીવને નથી. ૩૦

માળખું માનવીનું તે મળ્યું, તે પ્રભુની કૃપા,
હું તો માન્યાં કરી હૈયે એને શી કરું વંદના ! ૩૧

માનવી યોનિનું ઊંડું મહત્ત્વ ગુરુએ મને,
ઠસાવ્યું ઉરમાં તેથી પ્રભુને વરવા ચહ્યું. ૩૨

મનખા દેહ સદ્‌ભાગ્યે મળેલો ચેતવા હૃદે,
કૃપા રાખી ઊંડો ખ્યાલ યાચું તે જીવજો હૃદે. ૩૩

તમોને પ્રાર્થનાભાવે જે આવ્યું તે બક્યા કર્યું,
પોતાનું કોક જાણીને ક્ષમાભાવે નિહાળવું. ૩૪

*કાશી* *તા. ૫-૪-૧૯૪૪*

---

હરિઃૐ

## સાધનાનું હૃદય

પ્રિય...

આજે પણ તમારો કાગળ નથી. જ્યારે હૃદય ઝંખે ત્યારે નથી મળતું અને વધારે તપશ્ચર્યા તે કરાવે છે. એટલે તેમાં આનંદમાં રહીને આનંદની જ વૃત્તિ રાખ્યા કરીને હૃદયને તડપવા દેવું અને એવા તડપવામાં પણ કેવી કેવી મીઠી મીઠી ઊર્મિઓ ઊઠે છે, એવું જેને કોઈ વ્યસન પડ્યું હોય અને જ્યારે ન મળતું હોય ત્યારે જે તલપ લાગે છે, તેવો જ આદમી તે સમજી શકે, અનુભવી શકે.

મારા જીવનપ્રદાતા, જીવનપ્રેરક, જીવનજ્યોતિ, જીવન-આત્મા સમા, પૂજ્યપાદ ગુરુમહારાજે મને **આ** માર્ગમાં ઊંડો પ્રવેશ કરાવતાં પહેલાં કહેલું તે આજે કેટકેટલું યાદ આવે છે! ત્યારે એની પૂરી સમજ આવી ન હતી, પણ એની મહત્તા તો સમજાઈ હતી. એની અનિવાર્યતા ગળે ઊતરતી હતી. તેથી જ એમનો હૃદયથી લાભ (એમની જ કૃપાથી) લેવાઈ શક્યો હતો. એ અવાજ, એ અવાજની ગંભીરતા, એ અવાજની મૃદુતા, એ અવાજનો શુદ્ધ સાત્ત્વિક પ્રેમ, એ અવાજમાં એમનો શુદ્ધ સાત્ત્વિક હુંકાર, એ અવાજમાં એમનો નિર્ગળતો આત્મા, એ બધું આજે પણ વર્તમાનવત્ નજર સામે હૃદય આગળ પ્રત્યક્ષ થઈ જાય છે અને એ સૌજન્યભરી સાક્ષાત્ આત્મ-પ્રેમમય મંગળ રમ્ય ભવ્ય ગૂઢ મૂર્તિને હૃદયની પ્રાર્થનાથી ભાવમય પ્રણામો કરું છું. અને તમારા નિમિત્તે એ પુણ્ય સંસ્મરણ થયું એથી તમને પણ મારાં અનેકાનેક હૃદયનાં પ્રેમભર્યા આત્મોત્સર્ગપણે ઘણાં ઘણાં મીઠાં સંભારણાં. ('વંદનો' લખું તો તમને ઠીક ન લાગે, માટે તેમ લખ્યું છે, પરંતુ ભાવને યોગ્ય શબ્દો તો તે જ છે.)

---

मम हृदयं ते अस्तु ॥
मम चित्तं चित्तेनान्वेहि ॥
मम व्रते हृदयं ते दधामि ॥
मम वाचमेकमना जुषस्व ॥

'મારા હૃદયમાં તારું હૃદય હો !
મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યાં કર-અનુસર.

મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું અથવા હું ધારણ કરું છું. એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું છું. મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું.

મારી વાણીને એકમન વડે (એકમના) એટલે એકાગ્ર મનન વડે આનંદથી સેવન કર.'

આ જ પુણ્યશ્લોકો એક વાર વિદ્યાપીઠમાં ગુજરાતના સંસ્કારપ્રચંડ વિદ્વદ્‌વર્ય શ્રી આનંદશંકરભાઈના શ્રીમુખે સાંભળેલા ત્યારે પણ હૃદયમાં જે આનંદમય ભાવાવેશ જાગેલો તે આજે પણ એટલો જ તાદૃશ્ય છે.

ઉપરના શ્લોકમાં સાધનાનું સાચું રહસ્ય સમાયેલું છે. અને તે પછી એમના હૃદયમાં મારું ક્ષુલ્લક પામર અજ્ઞાન હૃદયને સતત પરોવવાનો નમ્ર પ્રયાસ એની જ કૃપાથી કર્યા કરતો હતો. એમના ચિત્તને મારા ચિત્ત વડે (શુદ્ધ કરી કરીને) અનુસરવાનું જેમ સૂઝતું તેમ મથ્યા કરતો. એમના જીવન-વ્રતમાં-ચારિત્રમાં-મારી હૃદયભાવનાની સમગ્રપણે ધારણા રાખ્યા જ કરવાનું બન્યા જતું અને એમની વાણીને એકાગ્ર મનવડે-એક મને-આનંદથી સેવન કર્યાં જ કરવાને સતત અખંડ એકધારો પ્રભુકૃપાથી પ્રયત્ન કર્યાં જ કરેલો. જેમની જેમની પાસેથી જે કંઈ શીખવાનું મળ્યા કરેલું હતું, એમનામાં તે તે રીતની જીવનદૃષ્ટિ, વૃત્તિ અને વલણ સહજપણે પછીથી મારાથી રખાઈ શકાતાં. એવી એ ગુરુકૃપા હતી.

એ પુણ્ય શ્લોકો સાધનાનું હૃદય છે. તે વિના જીવન મેળવવું લગભગ દુર્લભ છે. જીવન કંઈ કાળપ્રવાહમાં તણાયા

કરતું માત્ર લાકડું નથી, પણ જીવન એ તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે. ઊર્મિઓના પ્રવાહ પ્રમાણે તણાયા કરવું-ઘસડાયા કરવું-'Drifting' એ કંઈ જીવન નથી. જીવન તો એક મૂર્તિમંત સાક્ષાત્ કળા છે. જીવન એ તો ચૈતન્યશક્તિથી આવિર્ભાવ પામતી સર્વાંગસુંદર કળા હોવી ઘટે. એવું જીવન કાલ્પનિક તરંગોથી આપણે મેળવી શકવાના નથી જ. લાકડામાંથી કોઈ આકાર ઘડી લેવાનો હોય તો તે કારીગર પાસેથી તેને આકાર પમાડવાનું જ્ઞાન, એ માટે વાપરવાનાં જોઈતાં સાધનોની ખબર અને એને યોગ્ય કુશળતાથી વાપરવાની આવડત તથા લાકડામાંથી તે આકાર ઘડી કાઢવા માટેની ખેવના, ખંત આંતરદૃષ્ટિ- આ બધું તે માગી જ લે છે, અને એવું જ સાધનામાં થવાપણું રહેલું છે.

*હરિજન આશ્રમ, સાબરમતી* *તા. ૨૬-૬-૧૯૪૩*

---

હરિઃૐ

# શ્રીગુરુચરણમહિમા

શ્રીગુરુચરણ, શ્રીભગવાનનાં ચરણકમળનો મહિમા ભક્તિમાં અનેકગણો ગવાયેલો છે. ચરણ એટલે ગતિ પ્રેરાવનાર-ગતિપ્રેરક. સાધકને ધ્યેયને માર્ગે લઈ જનાર. ચરણમાં સ્થિતિસ્થાપકતા પણ છે, ગતિ પણ છે અને ઊર્ધ્વપણું પણ છે. તેથી, તેમાં ત્રણે ગુણનો સમાવેશ પણ છે અને તેનાથીયે તે પર પણ છે.

ચરણ જેને તેને સ્પર્શે છે. વળી, તે તેના ઉપર ટકતાં હોવા છતાં તેના તેનામાં જ તે જડાઈને રહેલાં નથી. જેને

જેને સ્પર્શે તેને તે ઓળખી લે, પણ તે તેનામય થઈ જતા નથી. એને પાર કરે છે. એના ઉપર તે રહે છે. જેના ઉપર થઈને જાય તેના ગુણદોષને તે પિછાણે ખરા, પણ તે મનમાં કદી સંગ્રહી રાખતા નથી.

ચરણ ઉપર જ જે તે ઊભું રહી શકે છે. ચરણથી જ જ્યાં જ્યાં જવાનું હોય ત્યાં જઈ શકાય છે. ચરણ જ શરીરના આધારરૂપે છે. છતાં તેની કશી જ ગણતરી ના હોય તેમ તે પ્રવર્ત્યા કરે છે. એ એક મહત્ત્વનું અંગ હોવા છતાં કશા જ મહત્ત્વનું જાણે ન હોય એવું લાગે છે. ચરણની ભાવનામાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા રહેલી છે, તેવું આપણાથી થવાય તે કાજે પ્રતીક-'Symbol'-તરીકે આધ્યાત્મિક માર્ગમાં એની પૂજાને સ્થાન છે, પણ તે જડ તરીકે નહિ. તે નીચામાં નીચા હોવા છતાં આપણને તે જ ટટ્ટાર રખાવી કે રાખી શકે છે. તે જો નબળાં હોય તો શરીર નબળું જ પડે. જેનાં ચરણ સાબદાં હોય તો તે પણ તેવો જ હોય. ચરણની સાથે જ જે તે બધું સંકળાયેલું છે. ચરણનો મહિમા જેને સ્થૂળ અર્થમાં સમજાય તે તો ચરણને તેની યોગ્યતામાં જો રાખે તો આખાય શરીરને માનવી તેની યોગ્યતામાં રાખી જ શકે. ચરણનો જ્ઞાનભાવ તો દાસાનુસાદ છે. ભક્તિભાવ તો પોતે નીચામાં નીચા પદે રહીને પણ ટટ્ટાર રહી શકે છે. તેવી જ્ઞાનદશામાં પ્રગટવા કાજેની એની એવી ધારણા છે. ચરણ વિના બીજો ક્યાંયે આધાર નથી. તેમ આપણામાં પણ રજનીયે રજ થયા વિના જીવનનું યોગ્ય થવાપણું નીપજવાનું જ નથી. ચરણથી જ શરીરની સાર્થકતા છે. ચરણ પોતે શરીરને અધ્ધર રાખે છે.

તેથી, તેવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નમ્રતા પ્રગટ્યા વિના જીવનવિકાસ દુર્લભ છે. ચરણનો મહિમા એટલે જીવનવિકાસ કાજેની એક પ્રાથમિક જરૂરિયાત-મુખ્ય અને મહત્ત્વના અંગ તરીકેની શરત, નમ્રતા કેળવવાનું પ્રત્યક્ષ તે પ્રતીક છે. ચરણમાં જ જે તે સમાયેલું છે. ચરણનાં તળિયાંની ચામડી ઘણી જ બરછટ-જાડી હોવા છતાં તેમાં જે સૂક્ષ્મપણું રહેલું છે તેવું શરીરના બીજા ભાગમાં નથી. રાત્રે અંધારામાં ચાલતાં પણ જો પગ તળે સુંવાળું સુંવાળું કંઈક આવે તો પગને એકદમ ખબર પડી જાય છે. પગતળે કશુંક દબાતું હોવા છતાં પગ એને કચરી દેતા નથી. જીવનમાં એવું જ્ઞાનભક્તિભાવે પણ વર્તવાની જરૂર રહ્યા જ કરે છે. ચરણમાં બરછટપણું હોવા છતાં એના સૂક્ષ્મ ભાવમાં ફરક પડી શકતો નથી. એ પોતે જડ જેવો હોવા છતાં એના ચેતનપણામાં ફરક પડતો નથી.

ચરણ ચાલે છે ત્યારે એને કશું ને કશું તો દબાવવું જ પડે છે. એ ચાલે છે ત્યારે રસ્તો કાપ્યાં જ કરે છે અને જીવનસાધનામાં પણ આમ જ બન્યા કરતું હોય છે. ચરણની રજનીયે રજ થયા વિના કોઈ જીવનો જ્ઞાનમાર્ગે ઉદ્ધાર નથી એમ જે કહ્યું છે એનો અર્થ  સરળ અને સહેલો છે. સંપૂર્ણ નિરભિમાની અને જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતાની છેલ્લામાં છેલ્લી હદ સુધી જીવથી પહોંચાયા વિના તેની ઊંચી ગતિ થવી કદી પણ શક્ય નથી. તે ઉપરાંત વળી સાચા અર્થમાં આપણે કશું જ નથી. તેમ જ આપણાથી કશું થઈ શકતું હોતું નથી, જે તે કર્તાકારવતા ચેતન જ છે. જે કંઈ થતું, બનતું દેખાયાં કરે છે, તે સઘળું ચેતન દ્વારા જ બનતું હોય છે. એ ચેતનને વ્યક્ત

થવાની ભૂમિકા માનવીનામાંથી ગુણભાવનું અહમ્ નષ્ટ નથી થતું ત્યાં લગી પાકી શકતી નથી. એટલે માનવી સાચી રીતે પરમ મંગળમય ચૈતન્યના રજનીયે રજ નથી.

શરીરની રચનામાં અર્ધો ભાગ તો ચરણ રોકી લેતો હોય છે. તે રીતે જોતાં ચરણનું મહત્ત્વ શરીરમાં જેમ છે તેમ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં ચરણ જ માનવીનું યોગ્ય સાધન છે. માનવીનું મન એવું ન બને ત્યાં લગી ઊર્ધ્વગતિ શક્ય નથી. મનને બોધ પ્રેરાવવાને અને પોતે કેવા સાધનથી અને કેવી રીતે થઈને ઊર્ધ્વભૂમિકાને યોગ્ય બનવાનું છે, તેનો દાખલો લેવાને કાજે એ તેને માટે ઉત્તમ નમૂનો છે.

સંત, મહાત્મા, ઉચ્ચાત્માની ચરણરજ માથે ચઢાવવાથી માનવી પાવન થાય છે, એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે, પરંતુ એવી રીતે ચરણરજ માથે ચઢાવવાથી જ કોઈ જીવનું કશું વળતું હોતું નથી. નમવું એટલે જેને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કંઈ ઉત્તમ હોય તે ગ્રહણ કે સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે. નમવું એ પોતાના જીવનવિકાસને અંગે છે. સ્થૂળ નમવામાં કશો લાભ નથી. બલકે દંભ વધવાનો પૂરો સંભવ રહે છે. જે કાર્ય પાછળ હૃદયની જીવતીજાગતી જાગૃતિપૂર્વકની ચેતના નથી, તે કાર્ય માનવીજીવનને કદી પણ ઊર્ધ્વજીવનમાં લઈ જઈ શકતું નથી. જે ગતિમાંથી આપણામાં જીવંત શ્રદ્ધા જન્મે અને જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે અને સચરાચરમાં વ્યાપી રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે, અને એવું જ્યાં

જ્યાં અને જ્યારે જ્યારે થાય ત્યાં ત્યાં મારા શ્રીગુરુનાં ચરણ છે એમ અનુભવવું. શ્રીગુરુ એટલે કંઈ શરીર નહિ. તેમ તેની તેજસ્વી પ્રભા પણ નહિ, પરંતુ તેના જીવનની કોઈ અલૌકિક દિવ્ય, રમ્ય અને ભવ્ય શક્તિ અને તેના જીવનદ્વારા ગતિમાન થઈ રહેલું વ્યક્ત ક્રિયમાણ થઈ રહેલું જીવંત દૈવત. સંત મહાત્માઓને પગે લાગવાથી કશું વળે નહિ. જે કર્મ થતી પળે સાધનાનું જેમાં જીવંત જ્ઞાન નથી એવું કર્મ એ કર્મ નથી, પરંતુ ઊલટું વેઠરૂપ છે. આંધળું અનુકરણ કર્યે પણ કશું ન વળે. કોઈ પણ મહાન આત્માની જગતમાંની પ્રતિષ્ઠાથી અથવા તો જગતથી અંકાયેલી પ્રતિભાથી અંજાઈ ગયે પણ જીવનો ઉદ્ધાર નથી, પરંતુ એ સાધુ, સંત, મહાત્માઓમાં જે પ્રચંડ ઝળહળતી ચેતના જાગી રહેલી છે અને તેમનામાં અથવા તેમની દ્વારા જે કંઈ નવું સર્જન કરવાને તેમનામાંનું તત્ત્વ ઇચ્છે છે, તે તત્ત્વના ભાવને સાધક જો જ્ઞાનભક્તિપૂર્વકની ધારણાથી હૃદયથી આવકારવાનું કરે, એટલું જ નહિ, પરંતુ એને કામે લગાડ્યા કરવાની કળા શીખે તો જ આપણને કંઈ સાચું તત્ત્વ મળી શકવાનું છે. સંત, સાધુ, મહાત્માઓનાં ચરણકમળનો મહિમા અનેક જ્ઞાની સંતભક્તોએ ગાયો છે, પણ તેનો જ્ઞાનભક્તિ-પૂર્વકનો જીવતો ખ્યાલ આજે સમાજમાં નથી. સમાજ આજે ચરણમાં પડે છે તો ખરો, પરંતુ એની એ ટેવમાં ક્યાંય પણ જીવતાપણું નથી. એ તો ખાલી અજ્ઞાનતા ભરેલી જડતા છે. એવી ટેવથી ઉદ્ધાર થવો તો ક્યાં રહ્યો, પણ પતન જ થાય. સંસારવહેવારનાં કર્મમાં પણ જડસુ માનવી તે તે કર્મનો કંઈક

ખ્યાલ રાખતો હોય છે. જો તે સાચું હોય તો સાધનાના માર્ગમાં કર્મમાં રાખવાનો જીવંત હેતુ કેટલો બધો પ્રાણવાળો હોવો ઘટે, તે સમજી શકાય તેવું છે. સાધનામાંથી માનવીની દૃષ્ટિ શક્તિ ખીલતી જવી જોઈએ, તો જ પ્રત્યેક કર્મમાં અને પ્રત્યેક કર્મથી જીવનની ગતિ થવાનો પૂરતો સંભવ રહે છે.

ચરણની સેવા કે ભક્તિ એ તો જીવનમાં જીવનને ગતિમાં આણવા કાજે છે. સંત, સાધુ, મહાત્માઓ તો સદા ચાલતા જ હોય છે. તેઓ કદી પણ સ્થિર કે સલામત સ્થિતમાં હોતા નથી. એટલે એક રીતે તેઓ ગતિમાન ચરણરૂપે જ છે અને તેઓ 'સર્વભૂતહિતરત' છે. એવો એમનો સહજ સ્વભાવ છે. એમાં એમને કશું વિચારવાપણું રહેતું નથી. એવા જીવતાં ચરણનો આદર્શ સાધકના ખ્યાલમાં રહે, એ કાજે ગુરુચરણનો મહિમા ગાયેલો હશે એમ હું માનું છું.

*સાબરમતી* *તા. ૨૪-૩-૧૯૪૮*

---

હરિઃૐ

# એક પ્રેમીની હૃદયાંજલિ

(માલિની)

વચનથી પર બધું જ્યાં વાણી ઉચ્ચારવી શી ?
મનથી પર બધું જ્યાં તર્કની ત્યાં ગતિ શી ?
જીવન જ બધું આ જ્યાં ભાવરૂપે રહેલું,
વિનત વદન ત્યાં હું ભાવરૂપે ભળું છું. ૧

(વસંતતિલકા)

ના સૂર્યને થતું કદી 'હું જ તેજરાશિ',
ના ચંદ્ર કે ઉડુગણો કરતા બડાઈ,
માઝા મૂકી ઉદધિ ના કદીયે વહે છે.
'હું'યે વિનમ્ર બની ભાવરૂપે જ રે'શે. ૨

જ્યાં ભાવરૂપ બધુંએ જગ ના કદી ત્યાં ?
જે જે બધું જગત, ભાવરૂપે બને ત્યાં,
આ ભાવને અનુભવે જ બૂઝી શકાય,
વાણી, વિચાર બધું ત્યાં બની દીન જાય. ૩

પાણીપટે બહુ તરંગ સદા જણાયે,
પ્રત્યેક અન્યતણું તાત! થતું જણાયે,
સંક્ષોભ આમ જલમાંહી થતો રહે છે,
ન તોય શાંત તલમાં બહુધા રહે તે. ૪

થાતું વિલીન જલમાંહી તરંગ જ્યારે,
બીજા તરંગ સઘળાંય શમે જ ત્યારે,
અક્ષુબ્ધ શાંત કરવા જગ હું ચાહું જો,
હુંયે રહું બની વિલીન સ્વરૂપમાં તો. ૫

જે જે બને જગતમાં પ્રભુ તે કરે છે,
'રે'વું નિમિત્ત બની' વર્તન ધર્મ ઊગે,
જ્યાં કૃષ્ણ વાંસ ફૂંકી દિવ્ય સૂરો જગાવે,
બંસી બડાઈ કરતી ક્યમ ત્યાં ફુલાયે! ૬

(અનુષ્ટુપ)

પડ્યો હોય કદી ફેર ભાવમાં તો ક્ષમા કરો !
'રહું હું ભાવમાં ભાવે', થઈને દીન યાચતો.

*સાબરમતી,* *તા. ૧૯-૪-૧૯૪૮*

હરિ:ૐ

# સાધુ પુરુષની સમજણ

પ્રિય...

અન્નમય, પ્રાણમય અને પછી મનોમય દેશમાં પ્રવેશાય છે, એ વિશે તમે જે લખેલું તે વાંચ્યું છે. મારા લખવાનો હેતુ સંભવ છે કે સમજાયો ન હોય. તમને તા. ૧૮-૧૧-૧૯૪૩ના કાગળમાં લખ્યું જ છે કે :-

અન્ન કે સ્થૂળ એવું જે આવે સૌ ઉપયોગ તે,
ચેતનાશક્તિ પ્રેરાવા મળેલાં ધારીને ગ્રહો. ૧

તે રીતે વાપરો તે સૌ ધારણા ઊંડી ધારીને,
અભ્યાસ પ્રાણવાળો તે પાડવાને મથો હૃદે. ૨

કામનાઓ બધી જે તે તેમાં સાક્ષી રહ્યા કરી,
અનુમતિ ન દો એને જવા દો વહી આપથી. ૩

કામનાઓ ઊઠે ત્યારે તેમાં ભેળાઈ ના જવું,
આપણું રૂપ ના તે છે એમ માની જુદા થવું. ૪

આ તો ચઢાણની ક્રિયાવિધિ છે. તમને જેમ લખ્યું છે તેમ પ્રભુની ચેતનાશક્તિ છેલ્લામાં છેલ્લી અન્નમય કોષમાં અવતરણ પામે છે. પહેલાં પહેલાં સાધકે આપણું જે તે બધું સ્થૂળપણું વગેરે કેવી રીતે ગ્રહણ કરાયાં કરાય તે માટેના જીવતાજાગતા અભ્યાસ માટેની સાધના કેમ કરવી તે બાબત મેં તો જણાવી છે. બાકી, જ્ઞાનશક્તિ કે એનો સંચાર કંઈ

કોઈ ચોક્કસ અનુક્રમ પ્રમાણે થતો હોતો નથી. અલબત્ત, ક્રમશઃ હોય છે ખરો.

શરીરની પૂર્ણતાના ખ્યાલ બાબતમાં તા.૨૩-૧૦-૧૯૪૩ની રાત્રે હું સૂતો હતો અને તમે બેઠા હતા ત્યારે જણાવેલી હતી. આ બધું તો કોકથી લખાવવાનું બન્યું હતું. આપણે પણ જ્ઞાન, ભક્તિ, ધ્યાન, કર્મયોગના સમન્વયની રીતે જે તે કંઈ કરવાનું રાખીએ છીએ. કોઈ એક કશું નિરાળું લઈને તો કરતા જ નથી. કોઈ પણ સાધનાના માર્ગમાં કશુંક એક જ અલગપણે જ રહેતું હોતું નથી. ગમે તે એક 'માર્ગ'માં અને એ માર્ગદ્વારા બીજા માર્ગ કે યોગ આવી જાય છે.

પ્રત્યેક સંતાત્મામાં નાનામોટાપણું કશું નથી. જેનું જેવા પ્રકારનાં કામે નિમિત્ત થવાપણું બન્યું હોય અને તેમાં જેટલી શક્તિ યોગ્ય વપરાવી ઘટે તેટલી જ તે વાપરે. પૂજ્ય ગૌતમ બુદ્ધના સમયમાં બીજા સંતાત્માઓ પણ હશે અને એમને કોઈ તદ્દન નજીવા કાર્ય અંગે નિમિત્ત થવાનું આવ્યું હોય અને એને અંગે તે તેટલી શક્તિ વાપરે. માટે, તે ગૌતમ બુદ્ધથી ઓછી શક્તિવાળા એમ નથી. આપણામાં રામાવતાર ચૌદ કળાવાળા અને શ્રીકૃષ્ણ ભગવાન સોળ કળાવાળા ગણાય છે. તેથી, શ્રીરામચંદ્ર ભગવાનની શક્તિ ઓછી એમ ઘણા માને છે, પણ તે ખોટું છે. એમના સમયના કાળધર્મમાં એમને એટલી કળાનો ઉપયોગ જરૂરનો હતો. એમની શક્તિ તો એનાથીયે વધારે હતી, જેટલી શ્રીકૃષ્ણ ભગવાનમાં હતી તેટલી જ હતી, પણ જરૂર જેટલી જ વાપરી. એ રીતે આજના જાણીતા સંતાત્માઓને જેવી રીતે જેટલા પ્રમાણમાં વ્યક્ત થવાનું

નિમિત્ત હોય તેટલા પ્રમાણમાં તેઓ તેવી રીતે વ્યક્ત થતા હોય. તેમાં ઓછાવત્તાપણું ધારવાનું આપણે ના રાખવું.

કોઈ પણ કાળના કોઈ પણ સંતાત્માનું નાનામોટાપણાનું માપ તેમની વ્યક્તતા નથી કે તેમની પ્રખ્યાતિ નથી. માટે, આપણે સંતાત્માઓને માપવા પ્રયત્ન ન કરવો, પણ આપણું પોતાનું દર્શન થાય અને તેમાં કેટલી ઊર્ધ્વગતિ થાય છે, એ ઉપર જ લક્ષ કેંદ્રિત કરવાનું છે. કોઈ મોટો, કોઈ નાનો એમ ધારવામાં ભુલાવામાં પડવાનો સંભવ છે. આપણે તે દિશામાં યોગ્યતાવાળા થતાં સહુ કંઈ ઠીક સમજાયા જશે. સહુ કોઈ સંતાત્મા કાળધર્મ પ્રમાણે અને માનવીની તે તે કાળ પૂરતી ગડમથલો તેમ જ તેઓ જે જે પ્રકારનાં જેવાં નિમિત્ત થયાં કરતાં હોય છે, તે પ્રમાણે વર્ત્યાં કરતા હોય છે. પછી ભલેને કોઈ પ્રખ્યાત હોય કે કોઈ નયે હોય. સતત વિકાસ થયા જ કરતો હોય છે. એટલે કોઈ ઓછી વિકાસવાળી ભૂમિકાવાળા સંતાત્મા હોય કે કોઈ વધારે વિકાસવાળી ભૂમિકાવાળા સંતાત્મા હોય એવો પ્રશ્ન ઉદ્ભવે જ, પરંતુ એવી સરખામણીમાં સાધકે કદી પણ ના પડવું. આપણી એવી દશા થતાં સૌ કોઈ ખરું આપમેળે સમજાયા જશે.

સાધનાની પ્રભુને પામવાની રીતો પણ જુદી જુદી રહ્યા જ કરવાની. તેથી, અમુક જ સાધન પ્રણાલિકા શ્રેષ્ઠ છે અને અમુક નથી એવી ગડભાંજમાં સાધકે કદી પણ ન પડવું. આપણે જે સાધન લીધું હોય તે સાધનમાં જીવંત શ્રદ્ધા, વિશ્વાસ બેસતાં જાય એટલું જ આપણે માટે બસ છે. સર્વ સંતાત્માઓ પ્રભુની વિભૂતિઓ છે, એવી દૃઢ ભાવના આપણે હૃદયમાં રાખવી.

મહાત્મા ગાંધીનું પ્રભુનિમિત્ત કર્તવ્ય હિંદના લોકોને તેમની તામસ નિદ્રામાંથી જગાડીને જે સ્થૂળ સુખથી પણ તેઓ વંચિત છે, તે મેળવવા માટેનું છે. એટલે કે સ્વરાજ્ય પ્રાપ્તિનું એમનું દિવ્ય કર્તવ્ય છે. લોકોમાં સામાન્ય બહુજનમાં આજે તો તેવી જાતની ભાવના ઉત્કટપણે પ્રગટેલી દેખાતી નથી, પરંતુ તે કંઈ તેટલા માટે તેમની રાહ જોઈ બેસી રહ્યા નથી. લોકોને અનેક રીતે દુઃખ સહન કરાવીને લોકોના ઐહિક કલ્યાણ માટે પોતાનું રાજ્ય હોવું જોઈએ એવી ઉત્કટ પ્રકારની લાગણી થોડાઓમાં અને તેવી સામાન્ય પ્રકારની લાગણી ઘણા માણસોમાં એમણે પ્રગટાવી છે જ. તેમનું કાર્ય દેખીતાં પરિણામ ઉપરથી જ માપવાની ઘણા લોકો ભૂલ કરે છે.

એટલે સાધકે તો પોતાની યોગ્ય સ્થિતિ થતી જાય છે કે નહિ તે જ જોવાનું છે. અને તેની તેને આપમેળે ખબર પડે છે જ, પણ પાછું સતત તેમાં જ જોયા કરવાની ટેવ તેણે રાખવાની નથી. એણે તો એને બતાવેલા સાધનમાર્ગની પાછળ ખાઈખપૂસીને મંડ્યા કરવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. નહિતર તો કોઈ ને કોઈ દશામાં આવરાઈ જવાય, કેમ કે દૈવી કર્તવ્યનાં પરિણામો માનવી ધારે તે જ વખતે ફળવાં જોઈએ એવો કોઈ જડ નિયમ નથી. મહાત્મા ગાંધીજી પણ પોતાનું કર્તવ્ય ફળની આશા ત્યજીને ભાવનાની ધારણા રાખીને જ કરે છે, એ તો આપણે બધાં જાણીએ છીએ. પરિણામ ફળો કે ન ફળો, પરંતુ તેનાથી આપણો અભ્યાસ વધારે દૃઢ થાય છે અને જીવતો બને છે એ તો ચોક્કસ છે. એટલે સાધુસંતોનાં કર્તવ્યનું માપ લેવાનું કે સરખામણી કરવાનું કામ આપણું નથી. આપણી

બુદ્ધિ હજી અનેક રીતે વૃત્તિઓના પાસથી રંગાયેલી છે. એટલે બુદ્ધિનો ઉપયોગ આપણી જાતના જ રચનાત્મક વલણમાં કર્યાં કરવાનું રાખવામાં જ શ્રેય રહેલું છે.

---

## શ્રીચરણારવિંદે

(મંદાક્રાંતા-શિખરિણી)

બીજા કોની પાસે તુજ વગર તે હાથ લાંબો કરું હું,
કૃપાથી આવેલો તુજ શરણમાં ક્યાં બીજે તે હું જોઉં,
જગે સાચી પેઢી મુજ ગરીબની એકલો એક તું છે,
શરાફી રીતે ના હક કરી શકું સાવ દેવાળિયો હું. ૧

કૃપા તારી માગું, ક્યમ કરી તને રીઝવી તે શકું હું,
ભલે યત્નો કોટી મુજથી બનતા સૌ અધૂરા છતાં ત્યાં,
નથી તે માટેની મુજ પતિતની યોગ્યતા તો કશીયે,
છતાંયે માગું છું લળી લળી પ્રભુ ! આપજો પ્રેમીઓને. ૨

પ્રભો ! જે જે આવે તુજ શરણમાં કૈંક ને કૈંક પામે,
અવાયું જે તારે ચરણ, પણ તે ના અમારી જ હામે,
છતાં જ્યાં તું લાવ્યો ઘસડી અમને-કર્દમે સૌ કળેલાં,
પ્રભો ! ખાલી ફેરો અમ નહિ જવા દે તું છે એ જ શ્રદ્ધા. ૩

બિચારો અજ્ઞાની તમ નજીકમાં-ભાન જેને નથી કૈં,
છતાં જે આવેલો અવર જનની સાથ ત્યાં ભાગ્ય જોગે,
કૃપા એવાની તે પર પણ ખરે ! ના થશે શું એરે રે !
પ્રભો જોજો, જોજો, કંઈક કરજો યોગ્ય હો ઠીક જે તે. ૪

મહાબુદ્ધિશાળી પ્રખર જન કૈં આપના પાદ ચૂમે,
કંઈ ભક્તિશાળી તમ પદ કરે શા પ્રણામો લળીને !
અમારા જેવાનો ગજ કંઈ નહિ ફાવશે શું પ્રભો ! ત્યાં ?
લઈશું માગેલું તમ રહમથી યોગ્યતા કેળવાતાં. ૫

અમોને માફી દો ભૂલચૂક કરી માગણી જે કરેલી,
બિચારા આને તો ગમ નવ હતી દર્શને શ્રીપ્રભુની-,
છતાં આવ્યો ત્યારે ગરીબ જન શું લાભથી મુક્ત ર્‌હેશે ?
વિચારીને એવું, તમ ચરણમાં પ્રાર્થના કીધી હૈયે. ૬

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૪-૨-૧૯૪૩*

# યોગ્ય વલણનાં જ્ઞાનભાન

પ્રિય...

સાચો સંત પુરુષ કદી પણ પ્રલોભન દ્વારા પોતાનું કશું વધારવા નહિ માગે. અને જે સંન્યાસીઓ ઘણા ગ્રંથોનો અભ્યાસ કરે છે અને વ્યાખ્યાનો આપે છે, એવાનામાં, કોઈ ને કોઈ રીતે સૂક્ષ્મ રીતે લોકોનાં મનોરંજન કરવાની વૃત્તિ હોવા સંભવ છે. વ્યાખ્યાનોની પ્રવૃત્તિ જે કરે તેણે બહુ ગ્રંથો વાંચવા જ પડે અને લોકમનોરંજન પણ કરવું પડે. તે વિના તે વ્યાખ્યાનમાં બહુ શ્રોતાઓ મેળવી શકે નહિ. તેથી, જેને માત્ર ભગવાનને જ અને ભગવાનમાં જ મળવું છે, એણે ઝાઝા ગ્રંથોનો પણ અભ્યાસ કરવો નહિ કે વ્યાખ્યાનોની કશી પ્રવૃત્તિ પણ ન કરવી જોઈએ, એવું મારું પોતાનું નમ્ર માનવું

છે. હું ખોટો હોવાનો પૂરતો સંભવ છે. જેમનું મન બીજા લોકોનાં મનોરંજન કરવામાં પરોવાયેલું હશે, તે કદી પણ ભગવાનમાં પ્રવેશી શકવાનો નથી. જેને પ્રભુમાં શમાવું છે એણે આરંભ વિનાનાં જ કાર્યો કરવાં ઘટે. નવું કશું વાંચવું ન જોઈએ. જે જે કંઈ કરવાનું આવે તેમાં બિલકુલ આસક્તિ ન હોય. અને જે કંઈ કરીએ તે એને જ માટે–સાધનાનો હેતુ અને ભાવના વધે એ રીતે અને તે પાછું એને જ સમર્પણ કરાયાં જાય એ રીતે બધું આપણું થતું રહ્યા કરે તો આપણને ક્યાંયે કશું ઝાઝું ડહોળાવાપણું રહેતું નથી.

જેનામાં માનસિક અવ્યવસ્થા છે, જેણે મનમાં અમુક અમુક સંઘરી રાખ્યું છે, અને એના ઉપર ઈમારત ચણવા માગે છે, તે ચાળણી જેવા છે. એવાને ભાગ્યે તો આખરે કચરો જ આવે, કારણ કે માનસિક અસ્વસ્થતાને લીધે અને પૂર્વગ્રહો બીજી જાતના મનમાં ભરી રાખેલા હોવાથી તેવાને તો તત્ત્વ તત્ત્વ બધું ચળાઈને પડી જવાનું છે, અને જે રહેશે તે કચરારૂપે જ અંતરમાં રહેવાનું છે. માટે, એવાને લાભ કશો મળવાનો નથી.

(અનુષ્ટુપ)

આસક્તિ વિષયોની ના નિર્મૂળ જ્યાં સુધી થશે,
ત્યાં સુધી સાંભળેલું સૌ સાચું કામ ન આપશે. ૧

શ્રવણાદિ ફળે શેનાં ? વાસનામુક્ત થૈ હૃદે,
જિજ્ઞાસા જેની જાગેલી એને તે ફળશે ખરે. ૨

ગાડરિયા પ્રવાહે જો લોકની જેમ ચાલશું,
આપણું ના સધાવાનું લક્ષમાં ખૂબ રાખવું. ૩

---

*તા. ૧૨-૨-૧૯૪૩*

કોણ હારશે અને કોણ જીતશે એવી મનમાં આપણે ગાંઠ વાળીને બેસવાનું નથી. જો એની પાછળ પણ ભગવાનનો હાથ હોય એમ માનતા હોઈએ તો જે હારશે એમાં પણ ભગવાનનો જ હાથ હશે અને જે જીતશે એની પાછળ પણ ભગવાનનો જ હાથ હશે. માત્ર તે તે લોકો એને એટલે કે હારજીતને કેવી કેવી રીતે જુએ છે અને એનો પોતાના વિકાસમાં કેવી દૃષ્ટિ, વૃત્તિ અને વર્તનથી લાભ ઉઠાવવાનું તેમાંથી કરે છે, તે તેમને માટેનો પ્રશ્ન છે. આપણે તો તે સાથેની નિસ્પૃહીવૃત્તિ જ ધારણ કરવાની છે. એટલે એ બાબતમાં આપણા મનમાં જે કંઈ ગાંઠ વળાયેલી હોય તે રાખવાનું કરવાનું નથી. આપણે તો દરેકની સુંદરતા-ગુણભાવના-કર્તવ્યશીલતા-કાર્યરતપણું એ બધાનું જ્યાં જ્યાં જીવનમાં સ્પર્શ થાય ત્યાં ત્યાં એનું કદર થવાપણું આપણે જરૂર અનુભવવાનું હૃદયથી રાખવું.

---

હરિ:ૐ

*ત્રિચિ, તા. ૧૩-૨-૧૯૪૩*

# એક રસાનંદ

(શિખરિણી-મંદાક્રાંતા)

કસોટીએ એણે મુજ જીવનને જો ચઢાવા ચહ્યું છે,
ભલે હું તો રાજી પ્રિય મરજીમાં જેમ થાવું થવા દો,

જવાનું કૈં તેથી મુજ કશું નથી - ન્હાવું કે ત્યાં નિચોવું
રહ્યું છે ના મારે, પ્રિય મુજ ચહે જેવું થાવું થવું સૌ. ૧

મને તો કૈં વહાલું મુજ પ્રિય થકી ના વધારે કશું છે,
મને એને સાટે ત્રિભુવનતણું રાજ્ય તો તુચ્છ લાગે,
ઘણીયે વારે કૈં મન અવગણ્યો પ્રિયને મેં હશે તે,
નથી લીધું એણે મન પર કશું ભૂલું તે કેમ હૈયે ? ૨

વહાલાને જેવું મુજ કરવું હો તે ભલે તે કરે છો,
ગમે તેવું મારું કંઈ પણ થતાં મારું કલ્યાણ ત્યાં સૌ,
ગમે તેવું વર્તો મુજ પ્રિય ભલે મારી સાથે ન બોલે,
છતાં તે મારો ના કદી મટી જશે હું જીવું તે ભરોસે. ૩

સદા મારે એને શરણ રહીને જીવવું પ્રિયમાં તે,
થઉં વ્હાલો કેવી રીતથી પ્રિયને જીવવા વાંછું હૈયે,
હું તો પૂરેપૂરો મટી જઈ હૃદે પ્રિયમાં એક રૂપ
-થવાને ઈચ્છું છું મુજ પ્રિયતણા પાદમાં મૂકી શીશ. ૪

જુદું રે'વાતાં કૈ મુજ પ્રિય થકી મારું અસ્તિત્વ તેવું,
નકામું લાગે તે જીવતર બધું એવું મારું જીવેલું,
મને તો વ્હાલામાં રસબસ થઈ એહના પ્રાણ રૂપે,
પ્રતિચ્છાયા એની બની રહી પૂરી એહનામાં શમાવું. ૫

તમો સૌને દીધાં બહુ કરી કૃપા શક્તિની દિવ્ય લીલા,
રમી કેવી તે રે' નિજ હૃદયના તાર તેમાં સધાતાં !

(અનુષ્ટુપ)

ખાલી આનંદ તે દિવ્ય નથી ભોગવવા મળ્યો ,
ક્રિયાત્મકરૂપે એણે વર્તવાનું સદા રહ્યું. ૬

સાધન, સાધના, સાધ્ય ત્રણેનું ઐક્ય તે થવા,
જન્મેલો જે પ્રભુભાવ અંગેઅંગ ઉતારવો. ૭

---

હરિઃૐ

## પ્રસન્નતા

*કરાંચી, તા. ૨-૪-૧૯૪૨*

કમળના ફૂલની પેઠે જ્યાં લગી આપણી બુદ્ધિ સહજપણે ખીલતી નથી, ત્યાં લગી જીવનના ઊર્ધ્વમાર્ગમાં તેવી બુદ્ધિ કશા ખપમાં આવી શકતી નથી. પક્ષીઓના નિર્મળ કલરવ જેવો જીવનમાં કિલકિલાટ ઊગ્યો હોતો નથી, ત્યાં લગી ચિત્તની પ્રસન્નતા પણ પ્રગટી શકતી નથી. આપણી બુદ્ધિ રાગદ્વેષથી પ્રેરિત અને દ્વંદ્વથી કુંઠિત થઈ ગયેલી હોય છે. અમુક જાતનાં ધોરણોથી તે બંધાયેલી અને મર્યાદાવાળી ટૂંકી થઈ ગયેલી હોય છે. વળી, તેને અનેક પ્રકારનાં આગ્રહો, મતો, માન્યતાઓ, ધારણાઓ વગેરે રહ્યાં જ કરે છે. તેનાથી પાર જવાની કે પાર થવાની તેને ઉન્નતિપ્રેરક ગોદાટી થતી નથી, ત્યાં લગી તે પોતાની સ્થિતિમાં જ પડી રહેલી હોય છે. તેની ગતિ પણ તેની સ્થિતિ જેવી હોય તેવી જ રીતે થાય. અનેક પ્રકારનાં આવરણોથી આપણી બુદ્ધિ આચ્છાદિત થયેલી છે. ઉપર કહ્યું એ બધાંથી મોકળાશ અનુભવવી એનું નામ જ પ્રસન્નતા. જેને કશાનો કંઈ પણ બોજો લાગે છે, તે કદી પણ

પ્રસન્નચિત્ત થઈ શકતો નથી. જે હંમેશાં લદાયેલો રહે છે, તે હળવો થઈ શકતો નથી. માનવી જીવનના જે બધા આનંદો મનના નીચલા થરોની ભૂમિકાના છે, અને જ્યાં સુધી આપણને એ અતિ મહત્ત્વના લાગ્યા કરે છે, એટલું જ નહિ પરંતુ તે નિશ્ચિતરૂપે મનમાં દઢ બનેલા હોય છે, ત્યાં સુધી આપણે તે બધાંને છોડી દઈ શકતાં નથી. એ બધા નીચલી ભૂમિકાના આનંદની વાસના માનવી ત્યારે જ છોડી શકે છે કે જ્યારે એ બધાંનો અને એ બધાંમાંથી હૃદયના દઢ અનુભવે એનો ભ્રમ ભાંગી ગયો હોય. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે માનવી જીવનનાં આવાં નીચલાં થરના આનંદ અને સુખનો છેક છેડો આવી પહોંચે છે, ત્યાં ત્યાં જ અને ત્યાંથી જ, તે પળથી જ, તેના આનંદની ભૂમિકા કોઈ બીજા ક્ષેત્રની બનતી જતી હોય છે. માનવી જીવની પારમાર્થિક દૃષ્ટિ વધારે સ્પષ્ટ, ખુલ્લી અને ઉદાર તે વેળાથી બનવા માંડે છે અને આવો અનુભવ એ જ્યારે કરે છે છતાં પણ માનવીની ગણતરી પ્રમાણેના ભરપૂર સુખના આનંદમાં પણ કદી કદી અતૃપ્તિ કે અસંતોષની જ્વાળા તેને પ્રગટતી હોય છે. આમ, એક બાજુ જીવનની દૃષ્ટિ અને વૃત્તિ ઊર્ધ્વ દિશામાં થવા માંડે છે અને બીજી બાજુએ જીવનની નીચલી બાજુનાં સ્થૂળ આંદોલનો એને જકડી રાખવા મથે છે, અને એવી જીવંત મથામણ જ્યારે ખરેખરું મૂર્ત સ્વરૂપ પકડે છે, ત્યારે કોઈક વાર હૃદયના ઉચ્ચતમ, દિવ્ય, રમ્ય અને ભવ્ય જીવનની તેને હાકલ પડતી હોય એમ તે અનુભવે છે. અને એવી હાકલ જ માનવીને ઉન્નત દશામાં ધકેલ્યાં કરે છે. તેમ છતાં કેટલીયે વાર આપણે યોગ્યપણે તૈયાર ન હોવાથી એવી ઉદ્‌ભવેલી પ્રેરણા પણ શમી જતી

હોય છે અને ફરી પાછો જીવનમાં અંધકાર છવાઈ જાય છે. આવું માનવીના જીવનમાં ઘણી વાર બને છે. તે ચઢે છે અને પડે છે, પરંતુ માનવી જીવનની મહત્તા અને સાધનાની દૃષ્ટિ જો તેને ખૂલી ગયેલી હોય છે, તો તેને વારંવાર અંતરની અંતરતમ હાકલ સંભળાયાં જ કરે છે. અને એવી અંતરની હાકલ જોરદારપણે વધતી જતી લાગે છે, ત્યારે જ જીવનમાં સાચા પ્રાણ પ્રગટે છે. અને એવા જીવની જીવનની સાધના જામતી જાય છે કે નહિ એનું એક રીતે એ માપ પણ ગણી શકાય. જીવનની હાકલ જ્યારે પડે છે, ત્યારે એક ઓર પ્રકારનો જીવનમાં થનગનાટ અને આવેશ પ્રગટે છે. તેનો નશો પણ કંઈ ઓર પ્રકારનો હોય છે અને તે વેળાનું શૂરાતન પણ અજબ અને ગજબ હોય છે, તે હાકલનું ચેતન આપણને બુદ્ધિનાં મર્યાદાક્ષેત્રોને તોડાવવામાં પ્રેરણાત્મક બને છે. ગામમાં જ્યારે ધાડ પડે અને બૂંગિયો ઢોલ વાગે ત્યારે માનવી ઊંઘતાં હોય તે જાગતાં થઈને સાબદાં બને છે, અને શત્રુની સામે લડવાને તૈયાર થાય છે. તેવી રીતે જીવનની હાકલનો એવો બૂંગિયો ઢોલ વાગે છે ત્યારે જ તે સ્થળ મર્યાદાઓની પર થઈ શકવાને શક્તિમાન બને છે. બાકી તો બુદ્ધિ એની મેળે એના ક્ષેત્રને ઓળંગી શકતી નથી. બુદ્ધિ મદદકર્તા છે અને અકલ્યાણકર્તા પણ છે. બુદ્ધિ જ્યાં દેખી શકતી નથી ત્યાં પણ તે બોધ કરવાને પ્રેરાય છે. બુદ્ધિને જ્યાં તેની યોગ્ય હકીકતપણાનું સાચેસાચું જ્ઞાન પ્રગટેલું હોતું નથી, ત્યાં પણ ડહાપણ ડહોળવા જાય છે, ત્યારે જ ખરેખરી મુશ્કેલી અને આફત ઊભી થાય છે. અને એ બધા મનના નીચેના થરોમાં

આપણે બંધાયેલા હોઈએ છીએ, અને તેમાંથી મુક્ત થવાની ક્રિયા ચાલી રહેલી હોય છે. એટલે તે દશામાંથી પાછા પાડવા એ માટેની બધી સૂક્ષ્મ રમતો છે, એનું જ્ઞાનપૂર્વકનું ચેતનયુક્ત જાગૃતિ સાથેનું ભાન જીવને જ્યારે થાય છે ત્યારે જ સાધક ચેતતો રહી શકે છે. સાધકે કશું પણ યદ્વાતદ્વાપણે કર્યે કે માની લીધે ચાલવાનું નથી. કશુંક પણ એની યોગ્યતાના પ્રમાણમાં અને સાચા ઉચ્ચ ભાવના અર્થમાં બન્યાં કરતું હોય છે ત્યારે એક પ્રકારનો આનંદ આપણને લાગ્યા કરે છે. એનું જ નામ પ્રસન્નતા. એવી પ્રસન્નતા પ્રાપ્ત થતાં જ, સ્થૂળ જીવનમાં રહેતાં છતાં તેના ઉપર તરી શકવાની શક્યતામાં જીવ પ્રવેશી શકે છે. સાધનાના ભાવમાંથી પ્રાપ્ત થયેલી પ્રસન્નતા જીવને જીવભાવમાં રહેવા દઈ શકતી નથી. જીવનની સાધનાનો અર્થ જ એ છે કે માનવી જીવનના વર્તન-વહેવારનાં પ્રત્યેક કરણો-એ બધાંનો જીવતો સુમેળ ઉચ્ચ ભાવની દિશાના ગતિ વહનમાં થયાં કરીને-જીવનના ઉચ્ચ વલણમાં પ્રસન્નતા અનુભવાવે, તો જ સાધનાની યર્થાથતા અને સાર્થકતા છે. તો જ સાચી રીતે સમજી શકાય કે સાધનાને માર્ગે આપણે દઢ થતાં જઈએ છીએ. આવું ત્યારે બની શકે કે જ્યારે આપણે આપણા મનને તથા ઈંદ્રિયોને તથા બીજાં કરણોને સાધના સિવાય બીજું કશું જ કરવા જેવું ન લાગતું હોય, એવું એ બધાંને આપણે સાધનાના અનુભવો દ્વારા દઢાવવાનું છે કે જેથી પછી તેમાં જ તે બધાં લય પામ્યાં કરે.

આપણે જરા અહીં તહીં જીવનના કે જગતના કે સુખદુ:ખના કોયડાનું કંઈક સમાધાન મેળવી લીધે ચાલવાનું

નથી. એવું બધું કર્યાથી હૃદયના ઝરણામાંથી વહેતી એવી નૈસર્ગિક પ્રસન્નતા જાગી શકવાની નથી. જેમ જેમ સાધનાનો ભાવ જીવનના આંતરવિકાસમાં ઊંડો ઊંડો પ્રવેશ પામતો જાય છે, અને સાથે સાથે સમજણપૂર્વક વિસ્તાર પણ પામતો જાય છે, તેમ તેમ જીવની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે અને તે વેળા એની પ્રસન્નતા સદાય અખંડિત વહ્યા કરે છે. એવો જીવ કદીયે ક્ષુલ્લકતામાં પ્રવેશી શકતો નથી. સાધનાની તપશ્ચર્યામાંથી જીવ જે દશા પામે છે અને તેમાંથી પ્રસન્નતાનો જે ભાવ પ્રગટે છે, તેમાં પ્રત્યક્ષ શક્તિનો અનુભવ પણ થયા વિના રહેતો નથી. જીવની તે કાળની પ્રસન્નતા ખાલી મોકળાશ કે હળવાપણું કે શાંતિ કે નિશ્ચિંતતા કે મોકળું હાસ્ય એટલું જ માત્ર નથી હોતું, અને સાધનાની ભૂમિકામાં એક પછી એક ડગલાં ભરવામાં સાધનાના માર્ગમાંથી જ મળેલાં પ્રસન્નતા અને શક્તિ-ઘણાં પ્રેરણાત્મક નીવડે છે. વળી, જીવની તે કાળની પ્રસન્નતાનું ક્ષેત્ર ઉચ્ચ ભૂમિકાનું રહે છે. જે જે જીવનને રચનાત્મકપણે સ્વીકારવાને યોગ્ય હોય ત્યાં જ મન ઠરે. નહિતર તો કશુંક આડુંઅવળું આવી જવાનું બનતાં એકતાર બની રહેલી પ્રસન્નતાનું ખંડિત થવાપણું થતાં આપણને ચેતી જવાનું બને છે, અને આમ તે આપણો સાચામાં સાચો ઉચ્ચ જીવનનો રાહબર બને છે.

પ્રસન્નતાને બહુ સાદા સ્થૂળ અર્થમાં સમજાવવાનું તમને કઈ રીતે કરી શકું ? એના તો અનેક દાખલા આપી શકાય. કૈંક કશું જરૂરનું ખોવાયું હોય અને મહામહેનત કરતાં અને બહુ શોધતાંયે ન જડતું હોય અને અચાનક જડી જાય ત્યારે

જે પ્રકારની હા...શની વૃત્તિ પેદા થાય છે, કોઈ મુશ્કેલ કામનો આપોઆપ એકદમ નિવેડો આવી જાય ત્યારે જે એક પ્રકારનો સંતોષ દિલ અનુભવે છે, કોઈ ગણિતનો અઘરો દાખલો હોય અને કેમે કર્યો તે દાખલો મળતો ન હોય અને ઘણીએ વેળા ગણી ગયા હોઈએ પણ વળી અચાનક કોઈક રીતે દાખલાનો જવાબ મળી જતાં જે લાગણી અનુભવાય, બધાંમાંથી અને બધુંએ પરવારીને નિરાંતે આરામથી પડ્યાં હોઈએ અને ત્યારે જે ખુશમિજાજમાં હોઈએ અને ત્યારે જે નિરાંતની દશા રહે છે, જેને કબજિયાતનો રોગ હોય અને જો કોઈ કારણસર ખુલાસા સાથેનો તેને દસ્ત થાય છે, ઘણાએ સમયથી કૈંક મેળવવાની અદમ્ય ઈચ્છા હોય અને તે ઓચિંતું મળી જાય, મનને ખૂબ ખૂબ મૂંઝવતા કોક પ્રશ્નનું આપોઆપ નિરાકરણ થઈ જાય, ઘરમાં સુતરું સુતરું વાતાવરણ રહે, ક્યારેક ક્લેશ, કંકાસ અને સંતાપ ન હોય ત્યારે જે એક પ્રકારની હળવાશ અને શાંતિનો અનુભવ થાય છે, વગેરે પ્રસન્નતાને સમજવાને માટેના સ્થૂળ દાખલા બસ થશે એમ માનું છું.

જેનું મન પ્રસન્નચિત્ત રહે છે, તેની બુદ્ધિ પણ સૌમ્ય રહેવાની છે. જે પ્રસન્નચિત્ત નથી તે સાધક જ નથી. એ તો એનું પ્રથમ લક્ષણ છે. તેથી જ ગીતાજીમાં કહેલું છે કે 'અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના' એનો અર્થ હવે આપણને સ્પષ્ટ સમજાય છે.

પ્રસન્નતા એટલે એક જાતનું નિરાંતપણું, મનનું ખુલ્લાપણું, સરળપણું, સહજપણું, જેને ચિંતા હોવાનાં પૂરતાં કારણો અને તેવા સંજોગો હોવા છતાં જેને તેમનો કશો ભાર લાગતો નથી, એ સ્થિતિને પ્રસન્નતાની સ્થિતિ કહેવાય.

પ્રસન્નતા એ કંઈ કોઈ ઊભરાની સ્થિતિ નથી કે કોઈ ઊર્મિનું વેવલાપણું પણ નથી. પ્રસન્નતામાં સ્થિરતા છે, ધીરજ છે, સમતા છે, સતત વિકાસ માટેની અંતરદૃષ્ટિ જેમાં ખીલેલી છે, અને જેમાં આત્માનો પ્રગટ ઉલ્લાસ છે, પ્રેમની સ્નિગ્ધતા, આર્દ્રતા, કોમળપણું પણ છે અને તે ઉપરાંત, કર્મ પાર પાડવા માટેના ઉકેલની ચાવી પણ તેમાં છે. પ્રસન્નચિત્ત માનવી કામનો સવેળા ઉકેલ કુશળ રીતે કરી શકે છે. શોક અને હર્ષના ઊભરાનો પ્રસન્નચિત્ત જીવ વિવેકથી ઉપયોગ કરે છે. તેનામાં તે ભળી જતો નથી કે તેને વશ થઈ જતો નથી. ઘણું ગળાબૂડ કામ કરીને શરીરથી થાક્યા હોઈએ અને હાથ, પગ, મોં ધોઈને નિરાંતે બેઠા હોઈએ ત્યારે એક જાતની આરામની જે લાગણી હોય છે, એવી કોઈક સ્થૂળ સ્થિતિને પણ પ્રસન્નતાની સ્થિતિ કહી શકાય. પ્રસન્નતામાં સ્વસ્થતા પણ રહેલી જ છે. માથે આવી પડેલાં ઘણાં કામ હોય અને તે એક પછી એક ઉકલી જાય અને તે બધાંએ કામ યોગ્ય રીતે થયાં હોય ત્યારે જે સંતોષની લાગણી રહે છે, તે સ્થિતિને પણ પ્રસન્નતાનું નામ આપી શકાય. મનમાં કશીયે ગડભાંજ ન રહે, કશા ગૂંચવાડામાં મન પડી ન જાય, બધી વૃત્તિઓનો, લાગણીઓનો શાંત ચિત્તે તટસ્થતાથી વિચાર થાય, ક્રોધ, ભય, રાગ કે વાસના વગેરેમાં પરોવાતાં એક જાતની સ્થિરતા રહી શકે અને મન તે તે બધાંને તુલનાત્મકપણે વિચારી શકે, એવું થવું પ્રસન્નતા પ્રાપ્ત કર્યા વિના કદી પણ ના બને. પ્રસન્નતાથી મનહૃદય હળવાં ફૂલ જેવાં રહે છે. આપણને બધે બધું હળવું હળવું લાગે છે. ગમે તેવા ભારે પ્રશ્નોનો આપણે સહજ રીતે

ઉકેલ કરી શકીએ છીએ. પ્રસન્નચિત્ત રહેવાથી સમદૃષ્ટિ કેળવાતી જાય છે. અને સાથે સાથે વૃત્તિમાં સમતા ધારણ કરવાની કેળવણી પણ મળે છે. મનની મોકળાશ, મનનું સ્વાભાવિક ઉડ્ડયન, ભાવમાં તલ્લીનપણું, મનનું સમતોલપણું, વિવેકશક્તિ, તટસ્થતા- એ બધું જો આપણે પ્રસન્નચિત્ત હોઈએ તો આપોઆપ પ્રાતઃકાળની ઉષાની પેઠે જીવનમાં ખીલવા માંડે છે અને જીવનને શોભાવે છે. પ્રસન્નચિત્તને કશા કંઈના ઝાઝા વિચારો આવતા નથી કે કશાની ગડભાંજ પણ હોતી નથી કે કોઈ પ્રકારની અમૂંઝણ પણ રહેતી નથી. તેને કામ આવતાં તેનો ઉકેલ કરીને નિશ્ચિંતપણે પાછો તે બેસી જાય છે. પ્રસન્નતામાં નિશ્ચિંતતા અપાર રહેલી છે. કોઈ એક ગુણના ભાવના સામર્થ્યને આપણે જો મેળવી શક્યા તો ઉચ્ચ જીવનના તેવા બીજા ગુણોના ભાવ પણ જીવનને સ્પર્શ્યા વિના રહેવાના નથી. આમ, એકમાં અનેક છે, તેનો પ્રત્યક્ષ અનુભવ સાધકને થતો જ રહે છે.

પ્રસન્નચિત્ત માનવીને એક પ્રકારની સુખદ કુમાશભરી લાગણી રહ્યા કરે છે. એનો સ્વભાવ નીતર્યાં પાણી જેવો હોય. ગમે તેવી પરિસ્થિતિ મળતાં તેની પ્રસન્નચિત્તતા ઘવાતી નથી. ઉશ્કેરાટમાં પ્રસન્નચિત્ત ઉશ્કેરાટનું મૂળ કારણ સમજી શકે છે. એના પરત્વેની દૃષ્ટિની પણ તેને ખબર પડે છે. તેથી, પ્રસન્નચિત્ત કોઈ પણ લાગણીનો ગુલામ બની શકે નહિ. વૃત્તિ, લાગણી અને ભાવના એનાં ગુલામ બને છે અને એને વશ વર્તીને એના સાધનરૂપે સદાય રહ્યા કરે છે. હૃદયની સહજપણાની ભૂમિકાની પ્રસન્નચિત્તતા પ્રગટ્યા

સિવાય આત્માના વ્યક્ત સ્વભાવમાં આપણે આવી શકવાના જ નથી. તેથી જ ગીતાજીમાં કહ્યું છે કે :-

प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ।

પ્રસન્નતાથી બુદ્ધિ તરત જ સ્થિર થાય છે. એવું પ્રસન્નચિત્ત થવાતાં બુદ્ધિને ફાંટા હોતા નથી., મતલબ કે ફંટાઈ જતી નથી અને તે 'બહુશાખા' વાળી બની જતી નથી.

'પ્રસન્નચિત્તતા સાંપડી શકે એવાં સાધન કયાં ?' જે કોઈ જીવ જીવનની સાધનામાં પડે છે તેને આ પ્રશ્ન ઊઠતો જ નથી. જે ઉપલો પ્રશ્ન કરે છે તે જીવ સાધના વિશે કશું સમજ્યો નથી એમ જાણવું. પ્રસન્નતા તો સાધનાના ભાવનું સતત એકધારું, એકાગ્રપણે અને કેંદ્રિતતાથી અનુશીલન અને પરિશીલન જ્યારે થયા કરે ત્યારે તેવા તેવા તેના થતા રહેતા વતર્નમાંથી પ્રસન્નતાનો ભાવ જન્મે છે. આમ છતાં જો કોઈ જીવને ખાસ પ્રસન્નતાનો જ ભાવ મેળવવો હોય તો તેની ઉપાસના પણ નીચે જણાવેલી રીતેથી થઈ શકશે.

પ્રત્યેક જીવ અને પ્રાણી પરત્વે મૈત્રીની ભાવના રાખ્યા કરવી. તેથી કરીને જીવમાંથી વેરવૃત્તિ ઘટે છે અને સ્પર્ધાની લાગણી પણ ઓછી થવા માંડે છે. વળી, કરુણાની ભાવનાનો પણ પ્રત્યેક પરત્વે તેના જીવતા ભાન સાથે કેળવવાનો અભ્યાસ પાડવાથી અભિમાન, અહંકારાદિ વૃત્તિનો પણ લય થવા માંડે છે. મુદિતાનો તેવી રીતે ભાવ કેળવવાથી સાહજિક કદરવૃત્તિની ભાવના જાગે છે અને પરસ્પર જીવો સદ્ભાવથી પ્રેરાય છે અને પરસ્પરમાં સહાયક અને સહકારની ઉચ્ચ પ્રકારની ભાવના પ્રગટે છે અને ઉપેક્ષા એટલે નિઃસ્પૃહતાથી ક્ષોભ, ક્લેશ, મોહ,

મમતા આદિનો નાશ થવા માંડે છે અને આ ચાર પ્રકારની ભાવનાનું જો તેની યોગ્યતાના પ્રમાણમાં પૂરેપૂરું જ્ઞાનપૂર્વક સતત પાલન-વર્તન થયા કરે તો પ્રસન્નતા જરૂર પ્રગટી શકે. આ તો અસલના સમયથી પ્રવાહની માફક થયા કરેલા પ્રયોગનો સિદ્ધ અનુભવ છે. આમાં કશું નવું નથી. વળી, નિંદા અને લૌકિક વાતો પ્રસન્નતાને ઉદય થવાપણામાં બાધકરૂપે છે. જ્યાં લગી સાધકનું અંતઃકરણ કાચ સમાન થઈ ન જાય ત્યાં લગી કશું પણ વળી ના શકે. એવું અંતઃકરણ કાચ જેવું થઈ જતાં તેમાં (કાચમાં) ડુંગર, સમુદ્ર, નદીઓ તથા એવું ઘણું ઘણું વગેરે યથાર્થપણે તેના પૂરેપૂરા પ્રગટ સ્વરૂપમાં દેખાય છે, કિંતુ તે ડુંગરના ભારથી જેમ તૂટી જતો નથી અને સમુદ્રથી જેમ પલળતો પણ નથી, તેમ એના અંતઃકરણનું પ્રસન્નતાથી બને છે અને એવી આત્માના ઓજસભાવવાળી ચેતના શક્તિથી ભરપૂર પ્રસન્નતા પ્રગટે છે, ત્યારે હૃદય પણ સમુદ્ર જેવું બની જાય છે. એનામાં નદીઓ, ઝાડ, કચરો એવું ઘણુંએ બધું ખેંચાઈ આવે છે, પરંતુ આસ્તે આસ્તે સમુદ્ર બધાંને કિનારે કાઢીને પોતે તો નિર્મળ જ રહ્યા કરે છે, તેમ જ તે નદીઓના જળથી કદાપિ વધતો ઘટતો નથી. એવું પ્રસન્નતાના ભાવથી થવા માંડે છે. પ્રસન્નતાનો ગુણ પ્રગટતાં કોઈના પણ ગુણ-અવગુણ બંને મનની કલ્પના માત્ર છે, અને સદ્‌ગુણ તો પોતાની સાત્ત્વિકતા કેળવવા કાજે કદર ભક્તિભાવે જોવો રહ્યો અને અવગુણથી આપણું હાલવાપણું ન બને, અન્યથાપણું સામાનામાં ન આરોપાય એવી સ્થિરતા અને સમતા પ્રસન્નતામાંથી પ્રગટે છે. સારા ગુણોનો ઉદય થતો રહે અને જીવનમાંની નકારાત્મક વૃત્તિઓનું પરિવર્તન થતું રહે તે બધું

પ્રસન્નતામાં જાગેલી ભાવનાની શક્તિમાંથી જ થતું રહે છે. પ્રસન્નતાથી હાનિકારક ડગમગતો નિશ્ચય કદી ઊભો રહી શકતો નથી. એ ભાવનાની ફલિતવ્યતામાંથી જે તે બધાનું અનુભવથી સ્પષ્ટ દર્શન થાય છે. પ્રસન્નતાના ભાવમાંથી તત્પરતા, પરાયણતા, વાણીનું સ્પષ્ટપણું અને કઠોરતાનું લય થવું, મધુરતા આવવી, સત્યને ઉદ્‌ભાવવું અને અસત્યને પોષણ ન આપવું, જ્ઞાન વિશે ઉત્સાહ, મિત્ર વિશે નિષ્કપટતા, વડીલો પરત્વે આદર અને હૃદયની માનની લાગણી, ગુરુ વિશે વિનયભાવ, ચિત્ત વિશે ગંભીરતા, ગુણો વિશેની રસિકતા અને પ્રભુ વિશેની પરમ ભક્તિ એ બધા ભાવો ધીરે ધીરે તેમાંથી ફળતા જતા આપણે અનુભવી શકીએ છીએ. સાપ જેમ કાંચળી ઉતારે તેમ પ્રસન્નચિત્ત સર્વ પ્રકારના આગ્રહો તે છોડતો જાય. તેને બહુ વિચારો કરવાના ન હોય, તે કદી પણ મતને પકડી ન રાખે. તેવાને કદી પણ વિચારોની પરંપરા ન ચાલતી હોય. જેની 'બુદ્ધિને ઘણા ફાંટા છે. ઘણી ડાળીઓ છે.' તેવો માણસ અસ્થિર છે અને 'અવ્યવસાયી' છે. તેવો કદી પણ પ્રસન્નચિત્ત બની શકતો નથી. પ્રસન્નચિત્ત બુદ્ધિની ગૂંચવણથી કે દલીલોના માર્મિક ભારથી કદી પણ લદાઈ જવાનો નથી. પ્રસન્નચિત્તને દરેકના મર્મની સમજણ પડતી હોય છે. પ્રસન્નચિત્ત હોવું એટલે જ આત્માના સ્વભાવને વ્યક્ત થવાપણું. પ્રસન્નચિત્ત હોવું એટલે જ આત્માના ગુણનું પ્રાદુર્ભાવ થવાપણું. પ્રસન્નચિત્તતા એટલે આત્માના પ્રભાવની સતત અસર. જીવનના સર્વ ક્ષેત્રમાં અને સર્વ કર્મમાં જેની તેની યોગ્યતાની રીતિએ રહ્યા કરે એવી સ્થિતિ ઉદ્‌ભવવી તે. પ્રસન્નચિત્ત કદી ડહોળાતો નથી. તેને ડહોળાવાપણું હોતું નથી. એ સદા સર્વદા નિરાંતવાળો રહ્યા કરે

છે, કારણ કે પ્રસન્ન-ચિત્તતાના જીવંતભાવમાં કોઈ કામનાઓ રહેલી હોતી નથી. એની ગંભીરતામાં પણ તે પ્રસન્નચિત્ત જ હોય છે. પ્રસન્નચિત્ત જેનું છે તે જ મોકળા હાસ્યનો સહજપણે ઉપયોગ કરે છે. હમણાં તો હું એટલું હસતો નથી પણ પહેલાં જ્યારે હસતો ત્યારે હસતાં હસતાં ગબડી પણ પડતો અને ખૂબ મુક્તહાસ્ય અને અટ્ટહાસ્ય કરવાનું પણ થયાં જતું. હાસ્ય અને મધુરું સ્મિત એ એનું એક પ્રકારનું બાહ્ય લક્ષણ પણ છે. પ્રસન્નચિત્ત ઝાઝો વાતોડિયો પણ ન હોય કે મૂંગો પણ ન હોય, એની વાણી નદીના પ્રવાહની જેમ સરખાપણે વહેનારી, અર્થગાંભીર્યવાળી અને કદીક વિનોદયુક્ત પણ હોય. વાણીમાં ક્યાંયે કટુતા ન હોય પણ સ્પષ્ટતા અને સ્પષ્ટ વક્તવ્ય પણ પૂરેપૂરાં હોય. જેને જે કહેવાનું હોય તે તેને વાસ્તવિક અર્થમાં સ્પષ્ટપણે કહે. તેને પેલો બીજો જીવ કટુ કે કઠોર માને તો તે માનવા દે. એની વાણીમાં જીવતો સંસ્કારનો પ્રાણ છે. પ્રસન્નચિત્તના ભાવની અસર લાગ્યા વિના રહેતી નથી. એનો કોઈ ઓર પ્રકારનો નશો પણ હોય છે અને એ નશો મદાંધ નથી બનાવતો. જીવનની ખુમારી વધારે છે. જીવનમાં મળતાં જતાં કોઈ પણ કર્મ અંગે બેદરકારી અને બેકાળજી કે લાપરવાપણું કદી પણ ઉદ્‌ભવતું નથી. કેટલાક એવી વૃત્તિવાળા જીવો પોતાને પ્રસન્નચિત્તવાળા ગણાવે તો તે નરી મૂર્ખતા અને અજ્ઞાનની પરિસીમા છે એમ જાણવું. પ્રસન્નચિત્તવાળો મુમુક્ષુ પ્રત્યેક સાથે સહાનુભૂતિ અને કુદરતી ભાવનાથી જોતો થવાનો છે. પ્રસન્નચિત્તને સુમેળ સાધતાં વાર નહિ લાગે. પ્રસન્નચિત્તને કોઈ પણ પ્રશ્નના ઉકેલને માટે બુદ્ધિ તાત્કાલિક સહજપણે

મદદમાં આવે છે. એને ઝાઝો વિચાર કરવાપણું રહેતું નથી. આપોઆપ એને સૂઝે છે. તે તરત જે તે બધું કળી જાય છે. એને ગમે તે રીતે ઉકેલની સૂઝ પડી જાય છે. પ્રસન્નચિત્ત એનું મૂળ નહિ શોધે કે હેતુ નહિ શોધે એવું નથી, પરંતુ એમ કરવા જતાં એનું બળ અથવા તો એનું કાર્યસાધકપણું ઘણું ઓછું થઈ જાય છે, એટલે પ્રસન્નચિત્ત એના અનુભવને ભરોસે જ રહ્યા કરે છે. અને એ ભાવની દૃષ્ટિએ જોતાં પોતાનામાં જ મસ્ત રહ્યા કરવાને લીધે એને કોઈને સમજવાની કે સમજાવવાની જરૂર પડતી નથી. પ્રસન્નચિત્તને કશી બાબતની મડાગાંઠ ન હોય. એ તો સરળ સરળ જ રહ્યા કરે અને વહ્યા કરે. પ્રત્યેક ક્ષેત્રમાં સંપૂર્ણપણે ખુલ્લો જ હોય. સરળતા સાથે, સહજપણાના નિરાંતના ભાવ સાથે આહ્‌લાદકારક પ્રચંડ ભાવનાવાળી સ્થિતિ એમ પણ પ્રસન્નચિત્તનો અર્થ કરી શકાય. પ્રભુકૃપાથી આપણને એવી સ્થિતિ પ્રાપ્ત થાય અને આપણને તે ફુલાવે અને ફળાવે એ જ પ્રાર્થના.

---

## શરણભાવ

(મંદાક્રાંતા)

જેણે હૈયે પ્રિય પ્રભુમહીં લીન થાવું ચહ્યું છે,  
એને બીજી ગડમથલ સૌ આડફંટે ચઢાવે,  
વ્યાપેલો જે પ્રિય પ્રભુ બધે જાળવી રાખશે સૌ,  
એને સોંપ્યાં સઘળું કરીને આપણે મુક્ત રે'વું.

છાયા બીજી કંઈક પડવા આપણામાં ન દેવી,
પોતે પોતા સ્વરૂપમહીં રૈ' ભાવમાં નિષ્ઠ રે'વું,
જે કૈં થાયે વળી કંઈ થશે ને થયેલું બધું જે,
એ તો એનાં કિરણ સઘળાં દૃષ્ટિ-સૃષ્ટિ પ્રમાણે.

ઊંડું ઊંડું નિજ હૃદયમાં આત્મમુખી રહેવા,
મંડ્યા રે'વું સ્મરણ કરીને એ પ્રભુનું હંમેશાં.
જેવી જેવી પરિસ્થિતિમહીં આપણે હોઈએ ત્યાં,
તેવું તેવું અલગ રહીને ધર્મને પાળવો ત્યાં.

શાને કાજે કંઈ પણ કશાથી થવું વિહ્વળે ત્યાં ?
એ તો આવ્યું પ્રભુ તરફથી કૈં કસાવા-ઘડાવા,
જે કૈં આવે નિજ પથમહીં લાભ લેવો જ એનો,
ને એ રીતે હૃદ દૃઢ થવા ચૂકવા ના પ્રસંગો.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૫-૨-૧૯૪૮*

## શરણાગતિ

જે કોઈ જ્ઞાનપૂર્વક સંપૂર્ણપણે આધીન થવાનું સ્વીકારે છે એને અનેક જાતના લાભો થયા વિના રહી શકતા નથી. એના મનની પડેલી ટેવો એનાં આધીન થવાપણામાં બધી જતી રહેશે. મનના આગ્રહો પણ રહેશે નહિ. પોતાની સમજ, પોતાની ગણતરી, પોતાનું માપ, પોતાનું સુખ, પોતાનો અહંકાર, પોતાની બુદ્ધિ અને પોતાનું મન, એ બધાંએ-આપણું જો સાચી રીતે આધીન થવાપણું રહે તો આપોઆપ ગળી જાય અને આપણે એ સ્થિતિમાંથી પસાર થઈ શકીએ તો આપણને જે

આધ્યાત્મિક લાભ થાય, એની ગણના તો સારી દુનિયાની મિલકતથી પણ થઈ શકે એમ નથી. આધીન થવાપણામાં તો જીવનનો વિકાસ છે. જીવનનું કચડાવાપણું ત્યાં મુદ્દલે રહેતું નથી. એવા આધીન થવાપણામાં તો જીવનાં બંધનો એક પછી એક ખૂલતાં થઈ જાય છે. જેને આત્માનું સુખ મેળવવું છે, એણે તો એવું આધીનપણું સ્વીકાર્યા વિના તે કદી પ્રાપ્ત થઈ શકવાનું નથી, પરંતુ સંસારના ક્ષેત્રમાં જેને આધીનપણે રહેવાની ટેવ પડી નથી, તે આધ્યાત્મિક ક્ષેત્રમાં કેમ કરીને આધીન રહી શકવાનું છે ? એટલે એવા શ્રેયાર્થીએ તો પોતાનાં વડીલોને સર્વ સાધારણ બાબતોમાં આધીન રહ્યા જ કરવું, પણ તે પોતાના વિકાસ અર્થે-જીવનયજ્ઞ અર્થે-જીવના કલ્યાણ અર્થે તે કર્યા કરવાનું છે-નહિ કે વડીલોને ખુશ કરવા ખાતર. તેવી પાકી સાચી સમજણ આપણા હૃદયમાં આપણે ઉતાર્યા કરવાની છે અને તે પ્રમાણે વર્તવાનું છે. વડીલો આપણા મુખ્ય ધ્યેયની વિરુદ્ધ તો કહે જ નહિ, અને તે બીજી બાબતોમાં તેમને આધીન રહેવાની સૂઝ દિલમાં ઊગી નીકળે તો જ આપણે બધાં ભગવાનને આધીન રહી શકવાનાં છીએ. વડીલોને આધીન રહેવાનું છે, તે આપણા પોતાના માટે જ - આવો જેને જીવનમાં અભ્યાસ પડેલો છે, એવાને ગુરુમાં કે કોઈ આધ્યાત્મિક લક્ષ્યમાં આધીન રહેવાનું રહસ્ય આપમેળે સમજાઈ જશે, કારણ કે પેલા ક્ષેત્રમાંથી આધીન રહેવાનું કરવાને લીધે એનો જે વિકાસ થયો હશે તેનો અનુભવ એવા જીવને થયા વિના રહી શક્યો નહિ જ હોય. એટલે હવે તે અનુભવનું ક્ષેત્ર વિસ્તાર પામતું જાય છે, અને એમ આપણે જ્યારે કોઈ દિવ્ય વિભૂતિમાં સંપૂર્ણપણે

સર્વ ભાવે સર્વ રીતે આધીન થઈ જઈ શક્યા તો પછી આપણાં બધાં વાસનામૂલક કર્મ વાસના રહિત થઈ ખલાસ થઈ જવાનાં છે, તે વાત પણ નિશ્ચિત જાણવી રહી. એવું આધીનપણું કેળવાયું હશે ત્યારે આપણાં અત્યારનાં મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર, પ્રાણ વગેરે બધાં જ આપોઆપ રૂપાંતર પામતાં ગયાં હશે જ. એમનો વેશપલટો-રૂપપલટો-મૂળપલટો- થયા વિના રહી શકે જ નહિ. એવી ખૂબી-રહસ્ય આધીન રહેવાનું કરવામાં છે, પણ જે હેતુને સમજીને જ્ઞાનપૂર્વક મનમાં ગમે તેવું થાય તોયે કંટાળો આણ્યા વિના, દુઃખ લગાડ્યા વિના, તેવું ઉમળકે આનંદે રસથી આધીન રહેવાનું સરળપણે બન્યું જાય તો જ સાધકના જીવનનો આંતરવિકાસ થયા કરે. આ માટે ભગવાને જો મને પત્નીનું જીવન આપ્યું હોય તો હું તો મારાં પતિને જ, પતિમાં જ, સર્વ પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસભાવ વડે આધીન જ રહ્યા કરું. તમારાં બધાંના સંસર્ગમાં પણ તમે જોયું હશે કે આવું નિત્ય કર્યા જ કરું છું. કોઈ કહેશે કે આમ કરો તો આમ અને કોઈ તેમ કહે તો તેમ. કોઈ પણ જાતનો મારો આગ્રહ રાખતો નથી. કોઈ વખત આગ્રહ રાખવો પડે છે, તો ત્યાં દૃષ્ટિબિંદુ મારા પોતાના પૂરતું હોતું નથી, પણ પારકા પૂરતું હોય છે. માટે, તેવું રહેવું પડવાની ફરજ મને પડે છે. માટે, ત્યાં તેમ કરવું પડે છે. બાકી તો સહુના કહ્યા પ્રમાણે જ કરું છું, એટલે તમને આ કંઈ 'પરોપદેશે પાંડિત્યમ્'ના જેવું તો કહેતો નથી. જ્ઞાનપૂર્વક આધીન રહેવાના ગુણો સૌ......... બહેનના લક્ષમાં ઊતરે તો એમનો એમના ઉપર ભારે ઉપકાર થશે. જે પોતાના પતિને આધીન ન રહી શકે તે ગુરુને આધીન કેમ કરીને રહી

શકવાનાં છે? માણસને કૈંક તો અભ્યાસ જોઈશેને? તેવી ટેવ પડેલી હશે તો તેમ રહી શકવાનું છે. બાકી, કોટિ વચનો કહ્યે કે તે સાંભળ્યે તેમ થઈ શકવાનું નથી તે જાણશો. સાચી રીતે જાગૃતિપૂર્વક એના હેતુને ખ્યાલમાં રાખીને જ્ઞાનપૂર્વક જે આધીન થતું જાય છે એવાનું બધું જ લય પામતું જાય છે, એવાને પછી પોતાનું એવું કશું જ નથી રહેતું. એવો જીવ સંપૂર્ણ ખાલી થતો જાય છે અને એ જેમ જેમ ખાલી થતો જાય છે, તેમ તેમ ત્યાં જે યોગ્ય ભરવાનું હોય છે તે ત્યાં આપોઆપ પોતાની જગા લેતું જ જાય છે, અને એનો પ્રત્યક્ષ અનુભવ સાધકને થયા વિના રહી શકતો નથી.

આ વાત મારી જો ખોટી હોય તો ત્યાં તમે બધાં ખાતરી કરી લો એવી વિનંતી છે. હવે કદાચ સૌ................. બહેનને આધીન થવાપણાનું રહસ્ય અને ખૂબી સમજાશે. પ્રભુ કરે અને એમને એવી સમજણ હૃદયમાં ઊતરે અને એ પ્રમાણે પોતાનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખ્યાં કરે!

---

હરિઃૐ

*દિલ્હી, તા. ૩૧-૩-૧૯૪૫*

# એક વડીલ સદ્ભાવીને

(શિખરિણી-મંદાક્રાંતા)

નથી બુદ્ધિ ઝાઝી મૂરખ જન હું, સાવ પૂરો ગમાર,
તમે એવાને તો મન ઉમળકે આપિયું 'સંત' નામ,
હૃદે જે રાખે છે સકળ જનમાં પ્રેમ સદ્ભાવ એવો,
પ્રભુનો તે ભાવ નિજ જીવનમાં કેળવાયે જ એનો.

પ્રભુરૂપે મારા ગરીબ જનને શી કૃપા કીધી આપે !
નવાજ્યો જે પ્રેમે સ્મૃતિ ક્ષમ થતાં ભાવભીનું થવાયે,
કૃપા વ્હાલાકેરી તમ જીવનમાં પ્રેમભાવે પ્રકાશો,
પ્રભુ પાદાંબુજે લળી લળી કરું પ્રાર્થના એ જ હું તો.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૨-૨-૧૯૪૩*

# નવસર્જનનાં સીમાચિહ્ન

પ્રિય...

ઇંદ્રિયો પોતાના વહેવારમાં હોવા છતાં પણ પોતે અલગ રહી શકે છે એવો પ્રત્યક્ષ અનુભવ જો સાધકને મળી શકે તો કેવું સારું ! આપણને આપણી શક્તિનાં દર્શન થયાં નથી હોતાં અને એવો અનુભવ થયો હોતો નથી એટલે જ આપણાથી ઇંદ્રિયો મન-ચિત્ત-બુદ્ધિ-અહંકાર-પ્રાણની પાછળ પાછળ દોડ્યું જવાનું, આંધળિયાં કરીને બન્યા કરતું હોય છે. એવી શક્તિનાં દર્શન અને અનુભવ તો સાધના વિના થઈ શકવાનાં નથી.

આપણું જીવન, આપણા વહેવારો, આપણા સંબંધો અને આપણું વાતાવરણ જાણે માત્ર અંધકારમાં ચાલતાં હોઈએ એવાં ન હોવાં જોઈએ. એ સર્વમાં એક અમુક પ્રકારનાં નવસર્જનનાં પગલાં અને ચિહ્નો પડેલાં હોવાં જોઈએ. જીવનમાં મળતાં પ્રત્યેક પ્રસંગમાંથી ઉન્નતકારી તત્ત્વને શોધતાં શોધતાં અને એને સંગ્રહતાં આવડવું જોઈએ. સમાજ તો એના વહેણ સાથે જ આપણને ઘસડવાનો. આપણે પ્રયત્ન કરી ઉપર રહેવા

નહિ મથીએ તો કાં તો તણાઈશું કાં તો ડૂબી જઈશું અને સાચું અસ્તિત્વ આપણે ગુમાવી બેસીશું. એટલે આપણે સમાજમાં હોવા છતાં-તેમાં રહેવા છતાં-બીજાંથી ભિન્ન રહીને પોતાનું વ્યક્તિત્વ જાળવીને કેળવીને વિકસાવવું રહ્યું છે.

(શિખરિણી)

લીધેલું માથે જે મથી મથી પૂરું પાર કરશે,
ખરે ! એને ઊંડો નિજ હૃદય વિશ્વાસ સ્ફુરશે,
તરંગો કૈં એને કદી પણ સતાવી ન શકશે,
પથે એવા સૌએ ડગ ડગ ભરી આગળ જજો.

---

હરિઃૐ

*કરાંચી, તા. ૨૮-૧-૧૯૪૪*

## યોગની કળા

પ્રિય ભાઈ તથા પ્રિય બહેન...

જ્યારે માનવીને ક્રોધ ચઢે છે ત્યારે તે ગુસ્સાના આવેશમાં (એનામાં જાગૃતિની શક્તિ ત્યારે ભુલાઈ જતી હોવાથી) ગુસ્સારૂપ બની જાય છે. ગુસ્સાની વૃત્તિ એને આવરી લે છે. તે રૂપ તે બની જાય છે. તેમાં તટસ્થતા નથી હોતી.

તેવી રીતે ધ્યાનમાં આપણે આપણી જાત-વાતાવરણ-બધું ભૂલી જઈએ-અથવા ભજનના ભાવના રંગમાં મસ્ત બની જઈએ-પણ તે સાથે તટસ્થતા જો ન રહી શકે તો માત્ર તે તે સમયના તે તે ભાવમાં જ પુરાયેલા રહી શકીએ અને આગળ વિકાસ અટકી પડે. તેટલા માટે પોતાના જીવનના ક્ષેત્ર વિશે પોતાનું અલગપણું કેળવાતું રહે-કશું પણ એને આવરી ન લે

એની તકેદારી રાખવી એ સાધક માટે ઘણું જરૂરી છે. તો જ એનો વિકાસ જલદી થાય.

હવે જેમ સંસારવહેવારમાં, ક્રોધ ચઢતાં-અથવા તો સમજણની અમુક પ્રકારની જ ટેવ રહ્યા કરેલી હોય ત્યાં જ આગ્રહની વૃત્તિ રહ્યા કરેલી હોય તો જેમ, ક્રોધ તેને આવરી લે છે તેમ, પેલી તે તે વિષય કે હકીકત વિશેની સાધકની આગ્રહવૃત્તિ એને આવરી લેતી હોવાથી એના વિકાસને અટકાવે છે અને આગળનું દૃષ્ટિબિંદુ સ્વતંત્રપણે જોઈ શકવાની સાધકમાં શક્યતા રહેતી નથી. તેથી, સાધકે ક્યાંયે કશામાંયે આગ્રહ ન ટકે, ન રહે એવી જાતનો વળાંક મનને મળ્યા કરે એ કેળવ્યા કરવાનું છે.

ધ્યાનમાં તદાકાર થવાને માટે હૃદય સર્વ પ્રકારે સરળતાવાળું-નિશ્ચિંતતાવાળું અને નિર્દ્વંદ્વભાવવાળું બની જવું જોઈએ. આ બધા માટે આપણા રોજના કર્મવહેવારમાં આપણાં મનનાં વલણોને જ્ઞાનપૂર્વક કેળવતાં રહેવાનું છે, અને તે તો જ કેળવી શકાય કે તે તે કર્મ-સંબંધ-વહેવાર જ્ઞાનપૂપર્વક જાગૃતિમય વિવેકશક્તિ વગેરે રાખ્યાં કરતાં હોઈએ અથવા તો સતત ભગવદ્‌ભાવના તેમાં જાગૃતપણે જીવંતપણે પરોવાતી જતી હોય.

ભક્તિથી હૃદયની ભાવનાનું જોશ-પૂર એકદમ ચઢવા માંડે છે, અને પોતાની જ દુનિયામાં અલમસ્તપણે રહેવાવા માટે તે એક અભેદ્ય કિલ્લા જેવું જીવંત આવરણ આપણી આગળપાછળ જન્માવી દે છે, પણ તેમાં જો જાગૃતિપૂર્વક તટસ્થતા જળવાયાં ન કરે તો એટલામાં એને સંતોષાઈ જવાનો

સંભવ રહ્યા કરે છે. એટલે ત્યાં પણ તટસ્થતા કેળવ્યા કરવાની જરૂર રહે છે. એમ સર્વમાં રહેતાં છતાં સર્વથી અલગપણું મનથી કેળવ્યા કરવાનું છે કે જેથી તે તે જીવાત્માઓનું કશું આપણને વળગી ન પડે, ચોંટી ન જાય, એમની અસર આપણા મન ઉપર પડ્યા ન કરે અને તે આપણને આવરી ન લે એવું આપણું સર્વ બનવું ઘટે'

પ્રત્યેક પ્રત્યે જીવનસંબંધ અંગે જે ધર્મ હોય તે બજાવવાનો ભલે હોય પણ તે ધર્મ એવી રીતે અદા કરવાનો છે કે જેથી આપણી ઉન્નતિ થતી રહે અને સામેના જીવાત્માઓની પણ ઉન્નતિ થતી રહે. આપણી હૃદયપ્રવૃત્તિ કે જીવનપ્રવૃત્તિને સાનુકૂળ કોઈ ન રહેતું હોય તો ત્યાં સહાનુભૂતિ તો રહે જ, પણ તેમાં આપણા મનને આપણે ન જવા દઈએ. તેની સાથેનો હૃદયનો પ્રેમભાવ કોઈ પ્રસંગોમાં વધે, ભાવથી-પણ તેવી વખતે એને સાનુકૂળ કે ગમતું હોય તેવી રીતે આપણે તે વ્યક્ત કરતા રહીએ તો તેમાં આપણી સંમતિ તો છે જ-એમ તે માની લેવાનું છે. એટલે એના અજ્ઞાન પરત્વે કે સાથે ભળાય તો નહિ જ, એટલું જ નહિ પણ એને એના અજ્ઞાનનું ભાન થાય તેવી રીતે આપણા પ્રેમનો પ્રત્યાઘાત થવો ઘટે. ત્યાં રંજ, ગુસ્સો કે એવી અન્યથાવૃત્તિ તો ન જ રહેવી જોઈએ.

---

હરિઃૐ

*કુંભકોણમ્,*
*તા. ૮-૨-૧૯૪૪*

# સુખદુઃખની ઉત્પત્તિ-મન

(અનુષ્ટુપ)

આપણે આપણું દુઃખ વિચારીશું ન જો કશું,
કોઈએ કરશે ઓછું કદી ના દુઃખ આપણું. ૧

આપણે આપણી જાતે નિર્માતા સર્વ રીતના,
પોતે સંહારનારું છે પોતાને સર્વ વાતમાં. ૨

બચાવનાર પોતાનાં પોતે છે એકલાં હૃદે,
તે વિના કોઈ બીજું ના આવે ઉગારવા જગે. ૩

એકલાં મરવાનું છે પામિયાં જન્મ એકલાં.
એકલાં વિશ્વમાં છીએ આપણે સહુ પેરમાં. ૪

તેથી આશા ધરી જીવો એકલાં આપણી પરે,
આપણામાં ઊંડાં રાચો ધારી પ્રસન્નતા હૃદે. ૫

આપણાથી જ જન્મે છે, સુખ ને દુઃખ જીવને,
સ્વતંત્ર સુખ અને દુઃખ આપણા વિણ ના કશે. ૬

આપણી માન્યતા રીતે સુખદુઃખાદિ માનીએ,
માન્યતાથી પછી ખાલી શાને તે કાંઈ વ્હોરીએ ? ૭

સુખ આધાર બીજામાં જે કોઈ શોધવા જશે,
સુખ બીજા થકી એને કદી ના મળવાનું છે. ૮

અખંડ સુખ સૌ વાતે પોતા વિના ન તે મળે,
પોતામાં રાચશે ઊંડાં સુખ તે સર્વ મેળવે. ૯

દુઃખી કરાવનારું હો કોઈ આપણને જગે,
પોતે દુઃખી કરાવે છે પોતાની જાતને હૃદે. ૧૦

આપણી જાત વિના તો દુઃખી બનાવવા જગે,
સમર્થ કોઈએ ના છે ક્યાંયે આપણને કશે. ૧૧

સ્વભાવ આપણો જેવો તે પ્રમાણે થશે બધું,
સ્વભાવની પ્રમાણે સૌ સારું ને માઠું લાગતું. ૧૨

જેનો સ્વભાવ પોતામાં પોતાનું સર્વ ન્યાળતો,
કોઈ વાતે કશું દુઃખ એને તો નવ લાગતું. ૧૩

સ્વભાવ જીવને કેવાં ઊભાં કરતૂકો કરે,
થાય છે વશ જે એને દુઃખ દુઃખ બધે દીસે. ૧૪

જેવું માનીશું પોતાને તેવાં થઈશું જીવને,
ગમે તેમ થતાં તેથી રહેવું સ્વસ્થ આપણે. ૧૫

લગાડવા કશું ઓછું આવે જો કોઈ જીવને,
એને ના પેસવા દેવું આપણામાં કશી રીતે. ૧૬

એવો અભ્યાસ ખંતીલો જીવને જે દઢાવશે,
દુઃખ કોઈ રીતે એને જરીકે ના સતાવશે. ૧૭

સંજોગો જીવને છોને અનુકૂળ બધા મળે,
છતાં લગાડશે દુઃખ જો સ્વભાવ ન યોગ્ય છે. ૧૮

સ્વભાવની પરે તેથી સુખદુ:ખાદિ સર્વનો,
સૌ આધાર રહેલો છે સૌનું મૂળ સ્વભાવ શો ! ૧૯

થવા રૂપાંતરે જેથી જે કો સ્વભાવને મથે,
તેવું સુખી થવાનું છે જેમાં તેમાં બધાં વિશે. ૨૦

બ્રહ્માયે દુ:ખી એવાંને કરી ના શકશે કશે,
દુ:ખની પાર તો એવાં સચ્ચિદાનંદ પામશે. ૨૧

પોતાને દુ:ખી માનીને બીજાને દુ:ખી તે કરે,
દુ:ખનાં સ્વપ્ન એવાને સતાવ્યાં કરશે ખરે. ૨૨

દુ:ખ દુ:ખ કરી જાતે પોતાને દુ:ખી માનશે,
પ્રભુ સાક્ષાત્ એવાંને ના બનાવી સુખી શકે. ૨૩

જીવને સૌ પ્રસંગોમાં દુ:ખના છાંયડે કદી,
ઊભું ના ઘટતું રે'વું, ભાગવું દૂર દુ:ખથી. ૨૪

બનાવે દુ:ખ તો કેવાં નમાલાં સર્વ રીતથી,
દુ:ખ જેવો બીજો શત્રુ જીવને કોઈએ નથી. ૨૫

દબાશે દુ:ખથી જેઓ દુ:ખ એને દબાવશે,
દબાવીને ભુલાવી દે સુખના સૌ પ્રસંગને. ૨૬

'જીવને શું મળેલું છે સુખ' ના જે વિચારશે,
એવાંને દુ:ખ ક્યાંથીયે ઊડીને આવી ચોંટશે. ૨૭

બદલાયેલાં રહે દુ:ખે માનવી જે બધી રીતે,
ક્યાંયે બચાવનારું ના એને દુ:ખથી કોઈએ. ૨૮

કલ્યાણ પ્રેરવા આવે દુઃખીનું કોઈ જો કદા,
શ્રદ્ધા વિશ્વાસ એનામાં તોય ના ચેતતાં કશાં. ૨૯

પ્રેમના ભાવની શક્તિ એવું કોઈ ન પ્રીછશે,
દુઃખી જે દુઃખની રીતે પાછો તે ભાવ ઠેલશે. ૩૦

પ્રેમનો પડઘો જેવાં આપણે હોઈશું હૃદે,
તેવો ત્યાં પડવાનો છે જાણજો ઉર નિશ્ચયે. ૩૧

પ્રેમનો કોઈ આકાર કદી એક ન જાતનો,
જેમાં જેમાં ભળે પોતે તે તેવો તેમ લાગતો. ૩૨

પ્રેમને આવકારીને પ્રેમને જે વધાવશે,
પ્રેમનો જીવને ભાવ તે લેવા મથશે હૃદે. ૩૩

સ્વતંત્ર રૂપ એકકેયે પ્રેમનું કોઈયે નથી,
પોતાના જેવું માને સૌ પ્રેમનું રૂપ ચિત્તથી. ૩૪

પ્રેમને માનવું એવું મિથ્યા માનવીનું ખરે,
આપણાં સર્વ રૂપોથી પ્રેમ કેવો પરાત્પરે. ૩૫

પ્રેમથી પલટાવાને પોતાનું સર્વ જીવને,
પ્રેમને કરવા જે દે કામ, તે પ્રેમ જાણશે. ૩૬

---

હરિઃૐ

*તા. ૩૦-૮-૧૯૪૩*

# નવા વર્ષે

(અનુષ્ટુપ)

પુરુષાર્થે તમારા સૌ પ્રભુની સ્હાય ઊતરો,
નવા વર્ષે કરું એવી પ્રાર્થના પ્રભુની હું તો. ૧

(શિખરિણી-મંદાક્રાંતા)

તમારી સચ્ચાઈ તમ હૃદયનાં પ્રેમ શ્રદ્ધા વધતાં,
પ્રભુપ્રીત્યર્થેથી હૃદઉમળકે સૌ સમર્પ્યાં જવાતાં,
કૃપાશક્તિ કેરો અનુભવ થતો ત્યાં રહેશે અનેરો,
કૃપાશક્તિ એવીતણું નિજ થકી ભાવ સ્વાતંત્ર્ય જોશો. ૨

કરો જે તે કાંઈ મનહૃદયના સર્વ ભાવે કરીને,
પ્રભુને ત્યાં ભાવ મનચિત્તહૃદે ધારતાં રો' સચેતે,
અને એને માટે સઘળું કરવા ઉરે અભ્યાસ રાખો,
પુરુષાર્થે તેવા પ્રભુતણી કૃપા સ્હાય માગ્યાં કરો સૌ. ૩

ખપાવી સૌ દેવા નિજ ખમીરને હાથ લીધેલ કાર્યે,
મથ્યાં પૂરું રે'જે નિજ જીવનમાં સર્વ પ્રત્યેક કર્મે,
પ્રભુનું દીધેલું પ્રભુમય થવા આપણે ચેતતા રૈ,
રચાવા ભૂમિકા મદદ કરતાં ત્યાં રહેજો સદાયે. ૪

---

હરિઃૐ

*નવસારી, તા. ૧૫-૧-૧૯૪૩*

# મનની મથામણ

(શિખરિણી-મંદાક્રાંતા)

ઊંડું કતર્વ્યોમાં મન ડૂબી રહે એકધારા વ્રતેથી,
વિચારો ડો'ળાતા કરી જ મન દે જાગૃતિવાળું ખંતે,
મથે જે ઉદ્યોગે નિજ મન પરે રાખવા કાબૂ પૂરો,
કૃપા એવા એની પર પ્રભુતણી વર્ષતી રે' સદાય. ૧

જગે કેવું જેને જીવન જીવવું ખ્યાલ એનો હૃદે રે',
અને રાખે ચેતી હૃદય નિજનું ભાન ઊંડું મથીને,
કદી એવાથી જો પથથી અવળું આડફંટે જવાતાં,
પ્રભુ એવાને તો ઝટ મદદ દે ને બચાવી પથે લે. ૨

જવાનું નીચે તો સરળ ન કશો જોઈએ યત્ન ત્યાં તો,
જવામાં ઊંચે તો કઠણ પડશે લાગશે સ્હેલું ના તે,
પહોંચાતાં ટોચે મથવું પડશે કેટલું કેટલુંયે,
પૂરી સાથે હૈયે ધીરજ ધરવાની રહેશે તમારે. ૩

થતાં ઢીલું પોચું જરીક પણ, ત્યાં જાગવાનું ચૂક્યા જો,
પછીથી વંઠેલું મન તમ પરે તે ચઢી વાગશે તો,
થવા દીધું એને તમ પર કદી સવાર જો કૈંક વાતે,
પછાડી નાખીને જરૂર તમને ફાવવા તે ન દેશે. ૪

સદા તે સંગાથે બહુ ઝઘડવું ચેતના ખંત સાથે,
ઉપાયોથી કોટિ જરી ચસકવા દેવું એને ન ક્યાંયે,

સકંચે રાખીને મશગૂલપણે રાખવું ખૂબ જોરે,
કૃપા માગ્યા એની હૃદય કરવી નમ્રભાવે રહીને. ૫

નિરાશાને ક્યાંયે તમ હૃદયમાં ઊભી રે'વા ન દેશો,
હરાતાં કો વેળા દિલગીર થઈ હાથ જોડી ન બેસો,
થતાં તેવું ચિંતા સઘળી કરવી હામ બે હાથ ઝાલી,
થતું સૌ પોતાથી કરી જ છૂટીને સાવ નિશ્ચિંત રે'વું. ૬

કરે જે પોતાને મદદ સઘળી સ્‌હાય તેને પ્રભુ દે,
બૂમો ખાલી પાડ્યે કંઈ ન વળશે ઊલટું જોમ જાશે,
થવું જેવું હોયે બહુ હૃદયમાં ભૂખ એની વધારો,
કશી ઊંધી વાતે મચક ન જરી આપવી કોઈ રીતે. ૭

અજાણ્યો ઓચિંતો કદીક હુમલો આવશે જોરભેર,
'અને જાણે હોયે કશી ન નિજની શક્તિ' એવું જણાય,
મથે છે જે એવા પૂર વમળમાં ડૂબતાં ને તણાતાં,
ભલે એવાં હારે પણ જરૂર તે જીતશે એક વેળા. ૮

મથ્યાં જેણે કીધું પીઠ ન કરીને યુદ્ધ આપ્યાં કર્યું છે,
હૃદે એવાનામાં બળ પ્રગટશે ક્યાંયથી આપ મેળે,
તમારા શત્રુને હઠવી શકશો એક વારે તમે જો,
પછી જાણી લેજો તમ પર કશું ચાલવાનું ન એનું. ૯

---

હરિઃૐ

*પ્રેમકુંજ, ત્રિચિ, તા. ૧-૧૧-૧૯૪૫*

# જીવનને ઘડનાર દુઃખ

પ્રિય...

આ કાગળ મળતામાં શરીરે ઠીક હશે એવી આશા છે. તેમ છતાં ધારો કે ના થયું હોય તો કંટાળી જશો નહિ. શરીર એવું રહે એવો સંભવ છે નહિ. તોપણ તમારે સંસ્થાનાં કામમાં ઠીકપણું ના રહે તો... ભાઈને જરૂર વાત કરી શકાય. શરીર ઠીક ન જ રહેતું હોય તો પછી એ બાબતમાં.......... ભાઈને પૂછીને જે તે કંઈ કરશો.

તમને તો કહેવામાં આવતું હતું જ કે તમારું-Inner Being- આંતર્સત્ત્વ વિરોધ કર્યાં જ કરે છે, અને તે માત્ર વિરોધ નહિ પણ જબ્બર વિરોધ કર્યાં કરે છે. હવે તે તમે કેમ કબૂલો છો તે આનંદની વાત છે, પણ પ્રત્યક્ષ હોઈએ તે વેળા તેવું તેવું થતી વખતે એનું જ્ઞાનભાન રહે અને તેમ ન વર્તાય કે અંતરથી તેમ થયા ના કરે તો જ કંઈ એનો ફલિતાર્થ જીવનમાં ઊગી શકે કે ફળી શકે.

દુઃખથી કંટાળ્યે કામ કદી ચાલવાનું નથી. માનવી જીવનની ખરી કસોટી આકરા પ્રસંગોમાંથી જ થતી હોય છે. દુઃખથી જ માનવીજીવન ઘડાયાં જતું હોય છે. તે માને કે ના માને તોય તો પછી દુઃખને જીવનવિકાસ કરાવનાર જડીબુટ્ટી તરીકે જ્ઞાનભક્તિભાવે સ્વીકારવાની તૈયારી માનવી કાં નથી રાખતો ? જીવનની સાધના જેણે સાધવી છે એને દુઃખ

અનિવાર્ય છે, એવો મારો તો મત છે. એને દુઃખ એ જીવનના ઘડતરરૂપે છે, પણ દુઃખને એ રીતે લેવાનું એનું મન નથી થતું એ દુર્ભાગ્યની વાત છેને ? માનવીને દુઃખ તો પડવાનું છે જ. તે તેના હાથની વાત નથી. તમારા શરીરનું દુઃખ તે કંઈ આજનું નથી. એ તો આદિનું છે. તો પછી એનાથી હતાશ બનવું-કંટાળવું એ જીવન પ્રગટાવવાનાં સુખદ ચિહ્ન નથી. સામાન્ય માનવીના ધોરણે તમે ઘણું સહી શકો છો એમ ભલે કહેવાતું હોય, તો પછી જીવનને નિર્માવવાની વાતો એણે મૂકી દેવી રહી અને એનાં સ્વપ્નાં છોડવાં રહ્યાં. સામાન્ય માનવી કરતાં અનેકગણી રીતે ઊંચે એણે ચઢવાનું છે અને ઊંચે જોવાનું છે અને ઊંચે વર્તવાનું છે. એવો માનવી માથે હાથ દઈને કદી બેસી રહેવાનું જાણતો નથી.

---

હરિઃૐ

*નવસારી, તા. ૧૫-૧-૧૯૪૩*

શ્રી ટાગોરના એક કાવ્યનો અનુવાદ

## હામ હારીશ ના તું

(શિખરિણી-મંદાક્રાંતા)

ગણે જેઓને તું સ્વજન નિજનાં સંભવે કે તને સૌ,
પથે ત્યાગી દેવા અધવચ કહીં જો બને તત્પરે ત્યાં,
તને કોઈ એવું પણ નવ રહે ભાવ દેનારું પંથે,
છતાં તે વેળાએ તુજ હૃદયથી હામ હારીશ ના તું. ૧

તને ચારે કોરે તિમિર વળતું ઘેરી લે ગાઢ તોયે,
અને એની છાયા તુજ પથ બધો રોકીને આવરી લે,

છતાંયે ના થોભી મજલ કરતો તું રહેજે વધીને,
અને તે વેળાએ તુજ હૃદયથી હામ હારીશ ના તું. ૨

પ્રકાશો દેનારા દીપ જલવવાના થતા યત્ન વ્યર્થ,
નિરાશા જો પામે તુજ બનતું સૌ ત્યાં કરી છૂટતાંય,
પ્રભુની માગ્યા તું મદદ કરજે ને કૃપા યાચી એની,
ખરી તે વેળાએ તુજ હૃદયથી હામ હારીશ ના તું. ૩

કમાડો સૌ બંધ તુજ પથતણાં ખોલવાને ટકોરા,
કરે છે માર્યા તું પણ તુજ કહીં કારી ફાવે ન જો ત્યાં,
બને ઢીલો થાકે બધું તુજ કર્યું કરાવ્યું ધૂળ થાતાં,
ખરી તે વેળાએ તુજ હૃદયથી હામ હારીશ ના તું. ૪

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી, તા. ૧૭-૬-૧૯૪૩*

## કર્મસાધના

જે જે પરિસ્થિતિમાં આપણે મુકાઈએ તે તે સાધનાના વિકાસ અર્થે જ જો તે કર્યા કરવાની ખેવના હોય તો, થાય તો, તેમાંથી આપણને ઘણું ઘણું સૂઝવું જોઈશે જ. આપણી અનેક પ્રકારની ઊણપો એમાંથી આપણને દેખાશે જ. ખેવના પણ જો સાધક તે પ્રત્યે બેપરવા-બેધ્યાન રહ્યા કરે અને તેમાં એને જરાકે મહત્ત્વ ન આપે કે તે સુધારવા પ્રત્યે ખંતવાળો ઉદ્યમશીલ ન રહ્યા કરે, જીવતો ન રહે. જાગૃતપણે યુદ્ધ આપ્યા ન કરતો હોય તો તે સાધક સાધનામાં ઊંડો પ્રવેશી શકવાનો નથી. જેમાં જેમાં પરોવાવાપણું બને છે ત્યાં ત્યાંથી સાધકે શીખ્યા જ કરવાનું છે, જો તે શીખ્યા ન કરતો હોય તો તે

કર્મ એક સામાન્ય માણસ ઘરેડની પેઠે કર્યાં કરતો હોય અને આપણે તે કરતા હોઈએ એમાં પછી કશો ફરક ન રહ્યો. આપણી અનેક ભૂલો-દોષો એવાં છે કે જે કહેવાથી કે બતાવ્યાથી ન સુધરી શકે. તેથી, એવા સંજોગોમાં આપણને મૂકવાનું પ્રભુ કરે છે કે જેથી સચોટપણે પોતાના સ્વભાવની પકડ ક્યાં ક્યાં રહ્યા કરે છે તથા કઈ કઈ ભૂલ-દોષથી કર્મમાં કુશળપણું પ્રવર્તી શકતું નથી, તે તે બધું વારે વારે એની નજરે ચઢ્યાં જ કરે છે, અને તોપણ સાધક ફરી ફરીને તેવું કર્યાં કરે તો પરિસ્થિતિનો હેતુ માર્યો જાય છે. પરિસ્થિતિને સહન કરી લેવી અને એનો સ્વીકાર કરવો એ બેમાં આસમાન જમીનનો ફરક છે. સાધક પરિસ્થિતિને સહન કરી લે એમાં એના જીવનનો વિકાસ થતો નથી. એ તો જ્યારે એને હૃદયથી સ્વીકારે ત્યારે જ એ એની સાથે પોતાનું તાદાત્મ્ય સાધી હૃદયથી લાભ મેળવી શકે છે. જ્યારે સહન કરી લેવામાં તો અંતર જ રહ્યાં કરે છે અને તેથી પરિસ્થિતિનો હેતુ માર્યો જ જાય છે. આમ, સાધકે કર્મનો કહો કે પરિસ્થિતિનો જીવંત હેતુ શો છે તે સતત સામે રાખીને જ તેમાં પ્રવેશવાનું કે ઊતરવાનું છે. તેથી, નીચેના મુદ્દાઓ તેમાંથી સરતા હોવા જોઈએ :-

(૧) ભાવનાને કર્મમાં ઉતાર્યા કરવી ઘટે કે જેથી ભાવના વધારે ને વધારે જ્વલંત, પ્રાણવાન, ચેતનપ્રદ ધ્યેયની ઝંખના-વાળી સાકાર બનતી જાય.

(૨) કર્મ કરતી વખતે તેમાં બીજાનો ખ્યાલ ન રહેવો ઘટે. બીજું તો ત્યાં માત્ર નિમિત્ત હોય છે. પોતાને ઊથલાવવા પોતાને જ માટે જે તે કંઈ થયા કરે છે એવો અભ્યાસ કેળવાયા

કરવો ઘટે. કર્મ માત્ર જીવનના વિકાસ કાજે મળેલું છે. એ વિના કર્મનો કશો ઉદ્દેશ નથી.

(૩) કર્મને કરતાં કરતાં જે જે આપણી ભૂલો જણાયાં કરાય તે સુધારવા આપણો દૃઢ સંકલ્પ થવો ઘટે. અને ધીરે ધીરે એમાં એનું ઓછાથવાપણું બનવું જ ઘટે, તો જ એનો કંઈ અર્થ સરે.

(૪) તે તે કર્મ સ્વસ્થતાથી-ધાંધલિયાપણાથી નહિ અને તે પણ બને તેટલું તટસ્થતાથી-તેમાં ભેળવાયા વિના થયા કરે.

(૫) તે તે કર્મની પાછળ આપણી સાથે કોઈક ઊભું છે જ એવી અનુભવથી નિષ્ઠા સાધકની કેળવાતી જતી હોવી જોઈએ.

(૬) તે તે કર્મ થઈ ગયા કેડે એના વિચારો એને ઉદ્‌ભવવા ન ઘટે-અથવા સાધકને આવતા હોય તો એણે મનને સમજાવીને તેમ થતું હોવાનાં કારણો તપાસવાં ઘટે, વિચારો તેના આવ્યા કરવાનું મુખ્ય કારણ તો મન એમાં ભેળવાયેલું છે એમ સમજવાનું છે. સાધકનું મન ખાલી જ રહ્યા કરવું જોઈએ અને એનો એવો જીવતો ખ્યાલ-અભ્યાસ-એણે પાડતા જ રહેવું પડશે.

(૭) તે તે કર્મના આદિ, મધ્ય અને અંતમાં સમર્પણની ભાવના જીવતી રહેવી ઘટે.

(૮) તે તે કર્મ થતી વખતે તેમાં તે આત્મકલ્યાણ અર્થે જ થયા કરે છે (પ્રભુનું કામ છે એટલે આપણું રૂપાંતર થવા માટે છે) એવો ભાવ રહ્યા કરવો ઘટે. આ અઘરું લાગશે પણ તે ભાવના સાધકે રાખ્યા કરવી જ પડશે.

(૯) કર્મને કરતાં કરતાં જો આપણું રૂપાંતર થયા ના કરતું હોય તો પછી તે કર્મનો કંઈ ઝાઝો અર્થ સરતો નથી, એ સાધકે લક્ષમાં રાખવાનું છે. પ્રત્યેક કર્મમાંથી સાધકનું રૂપાંતર થતું જ રહેવું ઘટે, સ્વભાવનું દર્શન થવા-એનું રૂપાંતર થવા માટે તો કર્મ-પ્રસંગો-બનાવો વગેરે સાધકને સાંપડે છે. સાધક જો તે તે બધાંથી લેવાઈ જાય તો તો કદાપિ એની ઉપરવટ આવી શકવાનો જ નથી. એટલે એણે કર્મ કરતાં કરતાં અંતરની શક્તિને પ્રગટાવી પ્રગટાવીને પોતે સર્વ કંઈ કરી શકવા શક્તિમાન છે જ એવો નિશ્ચયનો સાક્ષાત્કાર કર્યા કરવો પડશે અને તેમ તેમ થતાં સાધકની શક્તિ બઢતી જવાની છે.

(૧૦) તે તે કર્મનાં ફળ કે પરિણામની તો આશા સાધક કદી પણ સેવે જ નહિ, એ વિશે તો એને વિચારવાપણું રહેતું જ નથી, એનો અર્થ એમ નથી કે પરિણામ નથી.

(૧૧) ત્રાક ઉપરથી જેમ સરળપણે સૂતર ઉકેલાતું હોય છે તેમ સાધક પોતાનાં કર્મને ઉકેલવાનો અભ્યાસ કેળવે. એ કદી હાંફળોફાંફળો ન બને. ઘણું ઘણું અનેક જાતનું કામ આવી પડ્યું હોય તો કયું પ્રથમ થવું ઘટે એ વિચારીને તે તે કામ ઉકેલતો જાય ત્યારે (તે તે વખતે) તે મનમાં બીજાં કામનો બોજો માથે લઈને ન ફરતો હોવો ઘટે. આ તો જ બની શકે કે જો સાધકનામાં યથાયોગ્યપણે વ્યવસ્થાશક્તિ, વ્યવસ્થિતિ તેનામાં આવી ગઈ હોય, કે ન આવ્યાં હોય તો તે આણવાનો એનો સતત જીવતોજાગતો પ્રયાસ હોય, પણ એમાં એણે કોઈ પણ રીતે સ્વભાવવશ ન થઈ જવાયા કરાય તે તો ધ્યાનમાં રાખવું જ પડશે.

(૧૨) જે જે કર્મ કરવાનું હોય એના સર્વાંગીપણાનો ચિતાર સાધકને આવવો ઘટે, તે તે કર્મ સાથે સાથેનું જે જે કંઈ સળંગપણે થવાનું હોય તે તે કર્મ પણ તે કર્મ સાથે લેવાવું જ જોઈએ. નહિતર તે તે કર્મ બધાં અધૂરાં જ થયાં કરવાનાં.

કૃપા કરીને આ આપણે બધાંએ વારે વારે ધ્યાનમાં લેવાનું છે. બબ્બે ત્રણ ત્રણ દિવસે એનું મનન ચિંતવન પણ થવું ઘટે કે જેથી જે તે કર્મમાં કર્મકુશળપણું જન્મ્યાં કરે.

(૧૩) જે તે કર્મમાં સાધકે વિવેકશક્તિ-બુદ્ધિ- સમતોલપણું- આકલનશક્તિ-બધું જ વાપર્યા કરવું પડશે, એમાં એનાથી ડહોળાઈ ન જવાય તે માટે પણ સાવચેતી રાખવી જ પડશે. જે તે વસ્તુની સમજ-પકડ સાધકને આવી જવી જ જોઈએ.

(૧૪) જે તે કર્મ કરાતાં કરાતાં અનેક માણસોનો અથવા પોતાનાં અને પારકાંઓના સ્વભાવનાં એને દર્શન તો થવાનાં જ, પણ સાધકે તે તે કશું પણ મનમાં સંઘરવાનું નથી. કોઈ માણસની પ્રકૃતિ ભુલકણાપણાની હોય અને તે તેવું યાદ ન રાખે તો એ કર્મ સ્વભાવવશ જ કર્યું ગણાય. જ્યારે સાધક પોતે તે તે જ્ઞાનપૂર્વક કર્યાં કરે ત્યારે તે સ્વભાવથી ઉપર તર્યાં કરતો હશે. જે માણસની ભુલકણી પ્રકૃતિ કે સ્વભાવ હોય અને એ બધું ભૂલ્યાં કરતો હોય, પણ એની પાછળની જે ચેતન જાગૃતિમય સાવધાની-સાવચેતી અને એની જ્ઞાનપૂર્વકની સમજણ એ બધું જો ન હોય તો એ એક પ્રકારની જડતાનો જ પ્રકાર ગણી શકાય. સાધક પોતાની તેવી જાતની પ્રકૃતિ કે સ્વભાવની ખાસિયતનો લાભ જરૂર ઉઠાવી શકે છે. એવા જીવે એ પોતાનો કોઈ સદ્‌ગુણ છે એવું ધારી લેવાનું નથી જ.

તેવી જ રીતે અમુક વ્યક્તિને ચોકસાઈની ટેવ હોય, પણ ત્યારે કર્મમાં તે તે ટેવને આધારે કર્મકુશળપણું આણ્યાં કે પ્રવર્તાવ્યાં કરે, તે ઠીક છે, પણ એવાએ પણ કર્મમાં પૂરતી જાગૃતિ, સાવચેતી, સાવધાની, વિવેકશક્તિ એની (કર્મની) સર્વાંગ સળંગપણાની પકડ-સમજ-ચેતના- કર્મના હેતુનો જીવંતપણે એનો ખ્યાલ તેમાં (કર્મમાં) રહેવાં ઘટે. મતલબ કે બંને પ્રકૃતિવાળાને કર્મ કરવાનાં લક્ષણો તો સરખાં જ હોવાં ઘટે. જેનામાં ચોકસાઈ નથી એણે તે આણવી તો પડશે જ. તે વિના એનો આરો નથી, કારણ કે તે વિના તેના સ્વભાવનું રૂપાંતર તે કરી શકવાનો જ નથી, તેવું જ બધે બધાંમાં સમજી લેવાનું છે.

(૧૫) કર્મમાં તાદાત્મ્ય હોવું એ એક જુદી વાત છે અને કર્મમાં ડૂબી જવાપણું રહે તે વાત જુદી છે. ડૂબી જવાપણામાં મુખ્યત્વે કરીને સ્વભાવવશપણે તે થયા કરતું હોય છે અને તાદાત્મ્યમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ ચેતના હોવી ઘટે.

નદીના પૂરમાં તણાતું લાકડું જેમ પરવશ હોય છે, પણ પૂરમાં તણાતો માણસ તો પાર નીકળી જ શકવાનો છે. તેવી જ રીતે આપણે બધા સ્વભાવના પાશના પૂરથી જે તે કર્યાં કરતા હોઈએ છીએ, પણ આપણે ત્યાં ત્યાં તરતાં રહેવાનો જીવતોજાગતો પુરુષાર્થ કર્યાં જ કરવાનો છે. સાધક કર્મ સાથે તાદાત્મ્ય સાધે પણ તે સાથે સાથે પાછો એનાથી આવરાઈ ન જવાને દિલમાં ખ્યાલ-ભાન-જ્ઞાન તો જરૂર રાખ્યા જ કરે.

એટલે જ સ્વભાવ કે પ્રકૃતિના જોશમાં જે કોઈ કર્યાં કરે છે, તેના કરતાં જે કોઈ વિચાર કરીને કર્મ કરે છે, એવાના

જીવનનો વિકાસ થવાનો સંભવ વધારે રહે છે. ટૂંકમાં, કશું પણ ઘરેડ પ્રમાણે (જો વિચાર કરીને કરવાની માત્ર ટેવ પડેલી હોય, પણ એમાંયે જો સાધક એનું જ્ઞાન-જાગૃતિ-ચેતના-વિવેકશક્તિ-તટસ્થતા- સમતોલપણું વગેરે એમાં તાદૃશ્યપણે ન રહ્યા કરતાં હોય તો તે પણ એક જાતનો સ્વભાવ જ થઈ ગયેલો ગણાય. જોકે તે સ્વભાવ ઘણા ઊંચા પ્રકારનો ગણાય એ વાત નિઃસંદેહ છે) એટલે કશું ઘરેડ પ્રમાણે ન થવું જોઈએ.

જો આ બધું આપણે ખ્યાલમાં રાખીએ અને તેનું ચિંતવન-મનન કરીએ તો કર્મમાં કર્મકુશળપણું જન્મ્યા કરે.

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી,*
*તા. ૭-૬-૧૯૪૫*

# સાચું સુખ

(અનુષ્ટુપ)

સુખને ખોળવા જેઓ શોધે બહાર, ન મેળવે,
સુખને અંતરે જેઓ શોધે તે સુખ મેળવે. ૧

સુખ બીજાંતણા કોઈ આધારે ના મળી શકે,
સુખ એવું મળેલું જે ના લાંબી વાર તે ટકે. ૨

સુખની કલ્પના જેવી આપણા અંતરે હશે,
સુખ તે રીતથી કોઈ કદીયે ના દઈ શકે. ૩

સુખનો સર્વ આધાર પોતાની ઉપરે રહે,
મેળવે સુખ પોતાથી તે સાચું સુખ મેળવે. ૪

પ્રેમની ભાવનાકેરું સુખ જે અંતરે ચહે,
તેમણે પ્રેમનું સુખ વાંછવું ના બીજાં કને. ૫

પ્રેમ મેળવવા જેને લાગી છે ભૂખ અંતરે,
તેમણે પ્રેમ આપીને ફના સર્વ થવું હૃદે. ૬

વારી વારી જઈ પ્રેમ હૈયાથી કરવો સદા.
બીજાં પ્રેમ કરે કે ના ધારવું એમ ના તદા. ૭

જીવને ઉદ્‌ભવેલો જે આપણો ધર્મ હોય તે,
આચર્યાં કરવામાં જ તેને સંતોષ જન્મશે. ૮

બાળને પ્રેમ દેવામાં માતા ના બદલો ચહે,
નૈસર્ગિકપણે પ્રેમ માતા ત્યાં આપતી રહે. ૯

નૈસર્ગિકપણે એવા મળેલાં જેમને છીએ,
હૈયાનો પ્રેમભક્તિથી આપણે કરવો ઘટે. ૧૦

બીજાં આમ કરે તેવું ઈચ્છવું ના હૃદે ઘટે,
ઈચ્છયું જો તેવું હૈયામાં નિરાશા તુર્ત જન્મશે. ૧૧

પ્રેમના ભાવને જેવો આપણે માનીએ છીએ,
તેવો ભાવ મળે એવું ના કદીયે બની શકે. ૧૨

તેથી તો આપવામાં સૌ પ્રેમ જેને મઝા પડે,
તેમાં દોરવે ચિત્ત સુખી સાચું જ તે બને. ૧૩

માનવી કલ્પનાઓના ઘોડે જે ચડીને રમે,
તેવાં તો પડવાનાં છે કુટાશે અથડાઈને. ૧૪

બીજાંની પાસેથી જેઓ સુખ મેળવવા ચહે,
કોઈ કાળે કદીયે તે મેળવી સુખ ના શકે. ૧૫

બીજાંઓથી મળેલું જે સુખ તે ભ્રાંતિકારી છે,
એવા સુખે દિલાસો જે માને, તે જન મૂઢ છે. ૧૬

પ્રેમના સુખની વાંછા કોઈ એક પ્રકારની,
જે લઈ માની બેસે તે મરે છે અટવાઈને. ૧૭

પ્રેમના સુખનો સર્વ આધાર નિજમાં રહ્યો,
પોતાનામાં સુખ જે શોધે તેને આધાર ત્યાં નર્યો. ૧૮

આપી આપી કશું સુખ બીજાં તે શું દઈ શકે ?
આપવા સુખ ના શક્તિ તેવાં કોઈમહીં વસે. ૧૯

સાચા સુખતણી ઊંડી માન્યતા આપણી બધી,
મિથ્યા સર્વ, ખરા પાયા ઉપરે તે નથી રહી. ૨૦

સુખનો મૂળ પાયો જે પોતાના અંતરે રહે,
અંતરે વૃત્તિ વાળીને જે જીવે, સુખ મેળવે. ૨૧

લાલસા સુખની જેઓ દિલે રાખ્યાં સદા કરે.
તેઓ તો પછડાવાનાં લાલસાથી મર્યાં કરે. ૨૨

પ્રેમકેરો મૃદુ સ્પર્શ જેઓ મેળવવા ચહે,
બીજાંઓથી કદી કાળે મેળવી ના સુખી થશે. ૨૩

બીજાંઓ પોતપોતાની રીતે પ્રેમ દઈ શકે,
તેમાં સંતોષ જેને ના તે તો મૃત્યુ મુખે પડે. ૨૪

પડે આપ અને પાડી બીજાંઓને દુઃખી કરે,
દુઃખ પોતે નર્યું પામે બીજાંને દે અશાંતિ તે. ૨૫

તેથી તો માનવીએ ત્યાં પોતાની પ્રેમની બધી,
માન્યતા કલ્પનાઓને પોતે ફેરવવી રહી. ૨૬

જેવા પ્રેમતણી આશા જીવને ધરી ચિત્તામાં,
એક છોડી મળ્યાં જેને તેથી પામી ન જો શક્યાં. ૨૭

જેવું સૌ ઊપજેલું તે બીજાંથી ના બનેલ છે,
થવા ઉત્પન્ન તે સૌયે નિમિત્ત આપણે છીએ. ૨૮

આપણે આપણું તે તે સર્વ ભોગવીએ છીએ,
બીજાંને દોષ ત્યાં દેતાં માનવી ભૂલમાં પડે. ૨૯

તેથી તો માનવીને જે સાચો જો પ્રેમ દિલનો,
ઊંડો મેળવવો હોય, પૂરો પ્રેમ દીધાં કરો. ૩૦

વારી વારી જઈ પ્રેમ ને ન્યોછાવર ભાવથી,
આપી જાણી શકે જેઓ શકે તે પ્રેમ મેળવી. ૩૧

બીજાંનો દોષ જે જોશે, બીજાંથી નિજ રીતનું,
ચહે મેળવવા સુખ, નિરાશા નિત્ય પામશું. ૩૨

કદી સુખી થવા વારો તેવાંનો નવ આવશે,
સુખની કલ્પનામાં ને કલ્પનામાં મરી જશે. ૩૩

પોતાનું ધાર્યું ના કોઈ સુખ તે મેળવી શકે,
ધારણા તે છતાં તેવી રાખી સૌ માનવી મરે. ૩૪

હાથમાં કો લઈ દીવો તેને માર્ગ બતાવશે,
છતાં ત્યાં ના જશે એવું માનવી મૂઢ પ્રાણી છે. ૩૫

તમોને એકલાંને આ સંબોધીને નથી લખ્યું,
મળેલાં સર્વ જેઓ છે તેમને લાગુ આ બધું. ૩૬

પોતાના મનથી દુઃખી પોતાને માનીએ છીએ,
દુઃખી તે કરનારું કો વિના પોતા ન કોઈ છે. ૩૭

સર્વ જે તે થયાં જાય, તેનું ઉદ્ભવસ્થાન તે,
'પોતાનામાં રહ્યું છે સૌ' જાણતાં સુખ નીપજે. ૩૮

ખાલી નિમિત્ત બીજું તો આપણા જીવને ચઢ્યું,
કર્મ-નિમિત્ત બીજું જે પોતામાંનું જ જાણવું. ૩૯

જાણી જે એમ પોતાને બીજાંને દેખતી પળે,
વૃત્તિ-આવેગને રોકે પોતાને પ્રીછશે ખરે. ૪૦

પોતાને જાણવા સાચું પોતાનું શું સ્વરૂપ છે,
પોતાનામાં પ્રવેશે જે પોતાને પ્રીછશે હૃદે. ૪૧

પોતાને લાગતું હો જે તેવી રીતે બધાંયને,
લાગે એવો કશો ક્યાંયે કાયદો વિશ્વમાં ન છે. ૪૨

સુખ જીવનનું સાચું કેવી રીતે કહીં વસ્યું,
બાપડાં માનવીએ તે જાણવા ના કશું કર્યું. ૪૩

વંધ્યાના પુત્રાની પેઠે સુખની કલ્પના ધરી,
માનવી અથડાયે શાં સુખની કામના ચહી! ૪૪

સુખની કામનાકેરો ક્યાંયે પાર દીસે નહીં,
એક આવી બીજી ઊભી થાય તત્કાળ આપથી. ૪૫

સદાકાળ ટકે એવું સુખ શોધે ન માનવી,
સુખના પડછાયામાં મથે શાં મરી માનવી ! ૪૬

પોતાની યોગ્યતા જેવી તે પ્રમાણે બધું હશે,
ઉધામા કરવા તેથી છોડી દેવા બધા ઘટે. ૪૭

બીજાંની રીતથી સુખ બીજાંને જે દીધાં કરે,
સુમેળ ઉરનો તોયે પોતામાં જે ધરી શકે. ૪૮

પોતાના જીવને તેઓ પ્રેમ જન્માવશે ખરો,
તેવાંને પ્રેમનું સાચું સુખ રૂપાંતરે મળે. ૪૯

તેથી નિશ્ચિતતા રાખી હૈયામાં ધારણા ધરી,
જીવવું પ્રભુ કાજે જે રાખશે, તે થશે સુખી. ૫૦

તે વિના પ્રેમ તે પ્રેમ મિથ્યા સર્વ પ્રમાણવો,
એવા પ્રેમે બળ્યું છે શું ? આપને આપ પ્રીછજો. ૫૧

પોતાને પ્રીછવા જેઓ ઊંડા અંતર ઊતરે,
થવાનો સુખી એવાંને વારો કોક દી આવશે. ૫૨

હરિઃૐ

*ખાર, તા. ૨૧-૧૧-૧૯૪૩*

## અંધશ્રદ્ધા

પ્રિય...

આપણે જે કંઈ ઊર્ધ્વજીવન બનાવવા માટે જહેમત કરી રહેલાં છીએ તેમાં જરાકે અંધશ્રદ્ધા આપણી ન આવી જાય તે ખાસ જોતા રહેવાનું છે. અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી. અંધશ્રદ્ધા તો સીધો વિનાશનો રસ્તો છે. મને કોઈ પૂજે તો તેથી મને તો કમકમાટી આવે છે, કારણ કે પૂજન અર્ચન આપણી ભાવનાઓને ઉન્નતગામી બનાવવા માટેનાં સાધનો છે. અને તેવું ન થયાં કરતું હોય તો આપણું બધાંનું પાખંડ જ ગણાયને ? તેવી તેવી વેળા મને હૃદયમાં શૂળ ભોંકાય છે, પણ આને કોણ માને ? એના કરતાં આપણે પૂજા છોડી દઈએ તો યથેષ્ટ ગણાય અને તે વધારે યોગ્ય ગણાય. આપણે તો જે તે કંઈ કરીએ તેમાં દિલની સચ્ચાઈ કેટલી છે, તે જોવાનું અને તે વધે તે જોવાનું છે. કોઈ પણ કાર્યની પાછળ ભાવના કેવી છે, તેના ઉપર જ તે કાર્યની કિંમત ભગવાનની નજરે અંકાય છે અને એ ભાવના જ્ઞાનપૂર્વકની હોવી જોઈએ. જે પૂજન અર્ચન આપણી ભાવનાને ઉન્નતગામી ન બનાવી શકે તો તેમાં ક્યાંક તો ખામી જરૂર છે. માટે, ભાવના જેથી ઉન્નત ન થતી હોય તેવા કોઈ પણ કાર્યની કશી કિંમત નથી. ભક્તિને નામે આપણે સ્વેચ્છાચારને પોષી ના શકીએ. ભક્તિને આશ્રયે આપણે યદ્વાતદ્વાપણું નહિ ચલાવી લઈએ. જે કંઈ થયાં કરતું હોય તે એમ ને એમ કરીએ તે તો ઠીક, પણ આમાં તો માર પડ્યા કરે છે અને

હિંદુસ્તાનમાં આપણા સમાજમાં અંધશ્રદ્ધાનો પાર નથી. તેમાં ઉમેરો થતો જોઈને મને તો કમકમાં આવે છે કે 'હે પ્રભો, મને બચાવજે, મારું પતન થવા ન દઈશ. મારાથી કોઈના પણ નિમિત્તરૂપે એક રજ જેટલું પણ જો તેના જીવનને ઊંચે જવાવામાં મદદ થવાપણું બનતું હોય તો હજારો વાર તને પ્રણામો હો, નહિતર એવા મારા નિમિત્તથી એ કોઈનું જેવું તેવું પોષાયાં કરાતું હોય તો તે મને હજારો વીંછી-સાપના ડંખ જેવું છે.' ભક્તના હૃદયમાં આ વેદના સોંસરી ઊતરી જશે. મારા કહેવાનો અર્થ પણ સમજાશે. પૂજા તો એ ભગવાનની જ હોય અને જેને એવી શ્રદ્ધા જીવંતપણે બેઠી હોય તે ધરપત વાળીને બેસી પણ કેમ શકે ? ડૂબતો માણસ જીવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકતો જ નથી, ભલેને પછી એનાથી બચી ના શકાતું હોય તે જુદી વાત છે. બહેનોમાં શ્રદ્ધા હોય છે ખરી, પણ તેમની પકડ એવી સાંસારિક હોય છે કે તેમાં અંધશ્રદ્ધા રહેવા પૂરતો સંભવ રહે છે. તેથી, તેમનાં જીવનપરિચયમાં આવતાં આવતાં એમને ઘણું ચેતાવવું પડે છે કે 'માબાપ ! આપણે જો પંગતે બેસવું છે તો જમવાને માટે, જીવનને ટકાવવાને માટે, નહિ કે સ્વાદેન્દ્રિયોની રસની તૃપ્તિ કરવા માટે. માત્ર જીવન ટકાવવા માટે જ નહિ પણ સાચું જીવન મેળવવા માટે.' એટલે આપણી જેટલી હોય તેટલી બુદ્ધિ અને વિવેકનો ખૂબ ખૂબ ઉપયોગ કરીએ અને જે તે નાણી નાણીને જ લેવાનો અભ્યાસ પાડીએ. ન બની શકે તો મને સ્પષ્ટ 'ના' કહેવામાં કશુંયે ખોટું લાગવાપણું રહેતું નથી, પણ જો હાથમાં લઈએ તો મરી ફીટવાનો નિર્ધાર કરીને તેમાં પડીએ. યુદ્ધે ચઢીને પાછા તો હઠાય જ કેમ ? યુદ્ધે ચઢીને તો

કટકા થઈને પડીએ તોયે આપણા ખ્યાલમાં ત્યારે ભગવાન જ રહ્યા કરતા હોવા ઘટે.

જે માનવી જેને પોતાનું નક્કર ધ્યેય માને અને તે દિશામાં મક્કમપણે મંડ્યો રહે છે, તેને શ્રદ્ધા મળવાપણું નથી રહેતું. તેનામાં આપોઆપ શ્રદ્ધા ઊગે છે, તે અનુભવનું સત્ય છે. જે સતત ધ્યેય પ્રતિ દૃષ્ટિ, વૃત્તિ અને વલણ દૃઢાવીને એક એક ડગલું ભરવામાં મચ્યો, મંડ્યો અને ખૂંપ્યો રહે છે, તેનામાં શ્રદ્ધાનું અવતરણ થયા જ જાય છે તે જાણશો. માટે, થાય તેટલું કર્યા કરશો તો બાકીનાની ફિકર તે પોતે જ કરતું રહેશે.

શુદ્ધિ અને સત્ત્વવૃદ્ધિની દૃષ્ટિએ જેટલું આપણું પોતાનું જીવનપરિવર્તન થતું રહે તે જ આપણી કમાણી. તે જ આપણું સાચું ધન. પડોશી પાસે લાખો રૂપિયા હોય પણ તેથી કંઈ આપણે પૈસાદાર નથી થઈ જતા. તેમ મારા વિશેની તમારી કોઈ માન્યતાના અંતિમ પરિણામે તમારામાં સાચું જીવનધન વધતું ના હોય તો તે માન્યતા મિથ્યા છે. તે ધન નાશવંત નથી. એ ધન કમાવાની તાલાવેલી આપણા દિલમાં લાગેલી હોય તો મનને ભમવાપણું ક્યાંયે ન રહે. માટે, એ તાલાવેલી કૃપા કરી જગાડો. તેમાં જ જીવનનું શ્રેય રહેલું છે. તે વિના સર્વ પ્રયત્ન મિથ્યા જવાના છે. અને એ તાલાવેલી વિના થયેલા પ્રયત્નમાં કચવાટ જ પેદા થયા કરવાનો છે. જે કર્મની પાછળ નર્યો નીતર્યો શુદ્ધ ભાવ - પારમાર્થિક હેતુ નથી તે કર્મ નથી, પણ બંધન છે. આપણાં કર્મો તો ભાવની વૃદ્ધિ અર્થે, યજ્ઞભાવે થવાવાં ઘટે, તો જીવતર કંઈક ઘડાય. બાકી તો ભગવાન સંભાળવાવાળો છે જ.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૮-૯-૧૯૪૨*

# અક્કલનાં તિસમારખાં પ્રતિ

(ગઝલ)

'તમારામાં સમાવાને કરી ઈચ્છા, સમાયા ના,'
પછી કાં પ્રશ્ન પૂછો છો જિગરમાં 'તે જિગર છે ક્યાં ?' ૧

સર્મપણ જો થવું હોયે તમારાં તે તમે ફીટો,
વટાવી મૂળ પોતાનું સમર્પણની મઝા ચાખો. ૨

'અમારા તો અમે કાજી અમે કાજી બીજાંનાયે,
વળી કાજીય ના કાજી'- થતાં ખાનાખરાબી છે. ૩

જગતનાં શાસ્ત્ર જુદાં છે સમજનાં શાસ્ત્ર જુદાં છે,
જીવનનાં શાસ્ત્ર જુદાં છે હૃદયનાં શાસ્ત્ર જુદાં છે. ૪

કરે છે રાગ જ્યાં સુધી તમારું મન તમારામાં,
હૃદયની આંખ અંતરની ખૂલે કેમે કરી ત્યાં ના. ૫

જગતની છે સમજ જુદી જીવનનીયે સમજ જુદી,
સમજ બંનેતણી વચ્ચે પછીથી મેળ ખાશે શેં ? ૬

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૮-૯-૧૯૪૨*

ઘણું વહાલાં મા. સૌ...બહેન,

# પ્રભુનાં જ્યાં વસે ચરણો

(ગઝલ)

‘તમારામાં અમે જો ના, અમારામાં તમે શાને ?’
જગતનો ન્યાય એવો, તે કબૂલ-મંજૂર અમોને ના. ૧

જગતની આળપંપાળો જહીં સુધી નહિ છૂટે,
પ્રભુના માર્ગમાં સાચી રીતે ના ત્યાં જવાશે કૈં. ૨

ભરેલું માનવીહૈયે કહે છે માનવી જે જે,
બંધુએ સત્ય તે તે ના, જગતના રાહ ન્યારા છે ! ૩

જગતની રીતથી ઊલટી યમુનાની ગતિ કરશું.
જઈ ત્યારે શકીશું ત્યાં પ્રભુનાં જ્યાં વસે ચરણો. ૪

હરિઃૐ

*ત્રિચિ, ૨૮-૯-૧૯૪૨*

# સમર્પણની અનિવાર્યતા

(ગઝલ)

જગત પરનું બધું ચોક્કસ અનામત રાખીને જે જે,
પ્રભુના જે ચહે થાવા બધાં તે વ્યર્થ ફાંફાં છે. ૧

'અમારું સર્વ દુનિયાનું અમારું રે', અમારું હો,
પ્રભુ જો એમ મળતો હો અમોને-તો-મીઠો લાગે. ૨

રહ્યાં જ્યાં આપણે છીએ જવું તેથી ઉપર ઈચ્છો,
ચસ્યાં વિના તહીંથી તો ઉપર શી રીત ઉડાશે ? ૩

તમારા પાદ ને હાથ પૂરા બાંધેલ રાખીને,
પછી તરવાનું શીખવાની બધી ઈચ્છા નકામી છે. ૪

તમારી ઝંખના જેમાં તમારો પ્રેમ જેમાં છે,
બધું રાખી સલામત તે પ્રભુ ચાહ્‌વું નિરર્થક છે. ૫

તમારી આંખ પાટાથી તમે બાંધી પછી ઈચ્છો,
જવા પંથે અગાડી ત્યાં જશો કેવી રીતે બાપુ ? ૬

બધું જે તે કંઈ લે છે પૂરી કિંમત દઈ તેની,
પ્રભુને એકલો લેવા વિના કિંમત બધાં ઈચ્છે. ૭

ફના કરવાની જો હિંમત ફના થાવાનું સૌ સાહસ,
તમારામાં પૂરાં હો તો પ્રભુના આવશો પંથે. ૮

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૮-૯-૧૯૪૨*

# પછી ઢંઢોળતો શાને ?

(ગઝલ)

ભરીને અંતરે અંતર બીજાનું જે જુએ અંતર,
નથી એને રહ્યું અંતર બધે અંતર જણાશે ત્યાં. ૧

હૃદય સમજણ સમજમાં જો ઉતારીને કર્યા કરશે,
સમજ પાકી હૃદય વર્તી ઊગે સાચી સમજ એને. ૨

બીજાંઓને લહી ડાહ્યા, ગણીને મૂર્ખ પોતાને,
બીજાંનું ફાવવા દે, જે નથી ખોતો કશુંયે તે. ૩

જગતને જો જશો ચાહવા જગત ચાહશે કદાપિ ના,
જશો જો આપવા સામે જગત લેશે કદાપિ ના. ૪

સુરીલાં ને મધુરાં સૌ કવિઓ ગાન કાં ગાઓ ?
તમારી ના પડી કોને તમારે માટ તે ગાજો. ૫

અરે ! ઓ તત્ત્વજ્ઞાની ! કાં નકામો તું ધરે ફાંકો,
જગતને ના પડી નિજની પછી ઢંઢોળતો શાને ? ૬

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી, તા. ૨૭-૬-૧૯૪૩*

# સાધનાની સમજણ

(ઝૂલણા)

પ્રિય,

હૃદયની ભાવના આપમેળે સ્ફુરી જીવન આવિર્ભાવે ઠરે જે,
જીવન જે કાવ્ય છે કાવ્યમાં કલ્પના ખાલી કોરી રહે ત્યાં ન સ્હેજે.

હૃદયની ભાવનાથી થતાં કર્મ જે કર્મ તે કાવ્ય સાકારરૂપે,
પ્રેમભક્તિ થકી જ્ઞાનહેતુ થકી સૌ સમર્પ્યે બને, કાવ્ય તે છે.

* * *

કાવ્યની કલ્પના નોખી જે જીવનથી હોય, ના કાવ્ય તે કાવ્ય જાણો,
'કાવ્ય તો આત્માનું કથન છે' જાણવું તે વિના જે બધું, અધકચરું.

હૃદયનો મેળ જ્યાં જામતાં જામતાં જામી એવો જશે પક્વ પૂરો,
કે કશાથી પછી ના જશે ઊખડી ત્યાં સુધી હાથમાં હામ રાખો.

તમારો કાગળ મળ્યો. ખરી રીતે માનવીએ કશાને જ તાબે થઈ જવાનું ના ઘટે.

માનવીનું મન સ્થૂળ હોય છે. સાધક સાધનામાં ઊતરે છે ત્યારે તે સ્થૂળતા (સાધનાના પ્રમાણમાં) છોડતું હોય છે, અને મનને બીજા સામા પ્રવાહે ચાલવાનું થતું હોવાથી, એ ત્યાં અંતરથી વિરોધ પણ કરતું હોય છે. એવા એ સામસામા પ્રવાહોના ઘમસાણની અસર પણ શરીર ઉપર થાય છે જ, પરંતુ સાધકે તો તેમાં પરોવાઈ જવાનું નથી જ. એને પણ તાબે થયા તો મર્યા જ સમજવા. જો તેમાં તાબે થવાનું શરૂ

કર્યું તો એવા હુમલાનું પ્રમાણ પણ વધવાનું અને એ દ્વારા મન આરામ જ શોધ્યા કરવાનું. એટલે તેવી વેળાએ શરીરથી કામ તો લીધા જ કરવું અને તેથી શરીરને કે મનને કષ્ટ લાગે તો તેને વશ ન થવું. હજી તો કંઈ કંઈ એવી પરેશાની અનુભવવાની આવશે, રસ્તે જનારો પણ એવું કરે એવું પણ બને. એવી પરેશાની આપણા મનને હલાવી ન મૂકે, હાલી ન મુકાવે, અકળામણ ન કરાવે, સ્વસ્થતા ન ગુમાવડાવે, પ્રસન્નતા કમી ન કરાવડાવે, એટલું સાધકે ધ્યાનમાં જરૂર રાખવું પડશે જ. વળી, જે તે કામ કરતી વખતે માત્ર કામનું જ કોરું ભાન રહે તે સાધક માટે ઈષ્ટ નથી. કામ તો મળેલી ભૂમિકા છે. પ્રયોગને સિદ્ધ કર્યા કરવાની તક છે, પણ જો તેમાં પ્રયોગનું પણ ભાન ન રહેતું હોય તો તે કામ સાધનાની ભાવના વિકાસ અર્થે નકામું છે તે જાણશો.

તમારા કાગળમાંના સવાલો ઉત્તમ છે. તમે પોતે જ એનો ઉકેલ શોધ્યો છે, તેથી મને તો આનંદ થયો છે. પ્રત્યેક સાધકે એવા એવા ઉકેલ, સમજણ, પોતાની મેળે જ પ્રગટાવવાં જ પડશે. એવું થતું રહે ત્યારે જ એની સાધના જીવંતપણે થયાં કરે છે અને ફળ્યાં કરે છે એમ જાણવાનું છે. જે સાધક એવી રીતે સમજણમાં ઊતર્યા કરવાનું નહિ રાખે અને ગુરુની પાસેથી બધો જ ઉકેલ શોધ્યા કરવાની વૃત્તિ રાખ્યા કરશે તે કશું કમાવાનો નથી. ગુરુ પણ અમુક વખત પછી એને કહેવાનું રાખતો નથી. એની મેળે જ એને અથડાવા દીધાં કરશે. પોતાના અંતરને જાગૃત કે કામ કરતું કરવું હોય તો એણે પોતાના ઉકેલ પોતે શોધ્યા જ કરવા પડશે. ભલે એ ભૂલો કરશે પણ એ જો એમાં પણ સાધનાની ભાવનાનું માપ રાખ્યા

કરતો હશે તો એને ભૂલ સમજાઈ જ જવાની છે. અને પોતે એવી રીતે યોગ્ય સમજણશક્તિ મેળવતો રહેવાનો છે. આ બધાં માટે પણ એણે શ્રમ એટલે કે એક પ્રકારનો દુઃખનો પ્રેમથી સ્વીકાર કરવો જ પડશે.

માનસિકવિકાસ અર્થે જેમ અનેક પ્રકારનાં શિક્ષણો લઈએ છીએ તેમ જીવનવિકાસ અર્થે કષ્ટ ભોગવવાની, સેવા કરવાની અને શારીરિક શ્રમ ઉઠાવવાની તાલીમ ઘણી જ જરૂરની છે. હું તો જરૂર ઇચ્છું છું કે આપણાં પ્રાણપ્રિય બાળકોને તેવી તાલીમ એમની માતાઓ જ આપે, પણ તેની પાછળ ભાવના એમના જીવનવિકાસની હોય, પણ એ બધું અત્યંત પ્રેમભાવે થવું ઘટે અને તેટલું પણ બસ નથી. જે જાતનું શિક્ષણ આપણાં બાળકોને આપવાનું આપણું મન થાય તેવા શિક્ષણવાળું વાતાવરણ આપણે જન્માવવું જ પડશે. આપણે તેવી તાલીમ લેતાં થઈ જવું પડશે. અને એ તાલીમ લેવામાં જો અંતરમાં કંટાળો, દુઃખ, શોક કે એવી અન્યથા ભાવના સેવાયાં કરાય તો તે બધું અર્થ વિનાનું છે. આપણે પણ જેટલા ઉમળકાભેર, પ્રેમભેર આનંદથી આપણા વિકાસ અર્થે જે તે બધું કર્યા કરીશું અને એમાં જેટલા પ્રાણ રાખ્યા કરીશું તો તે એનામાં ઊગી નીકળવાના છે, પણ કશું બળાત્કારે થવા ન દેવું ઘટે.

સાધકના જીવનમાં દુઃખ એ આવશ્યક છે. સાધનામાર્ગમાં એ અતિ જરૂરી તાલીમ દેનારું છે, અને આ દુઃખની વ્યાખ્યામાં આર્થિક દુઃખને પણ આપણે સમાવી લઈએ. એને અનુરૂપ તાલીમની જરૂર ખરી કે નહિ ? સિદ્ધાંતની દૃષ્ટિએ તે યોગ્ય છે, પણ જ્યારે જ્યારે જે પરિસ્થિતિ મળે તેના ધર્મ પ્રમાણે જ આપણે તો વર્તવું રહ્યું. જો સાધક સાધનામાં ખૂંપી ગયેલો

હશે અને એની ભાવના એની રગેરગમાં ઊતરી હશે તો ગમે તેવી પરિસ્થિતિને આનંદથી તે વધાવી લેવાનો જ. આદર્શની સાથે માંડવાળ તે કરશે નહિ. જે માંડવાળ કરે છે, એની તૈયારી એટલે કે સાધનાના ભાવના વિકાસ અર્થેની તૈયારી એટલી ઓછી એટલું જ, આદર્શને વહેવારમાં ઉતારતાં આદર્શની માત્રા તો જરૂર ઘટતી હોય છે જ. એ તો સર્વમાન્ય હકીકત છે, પણ તેથી સાધક ભવિષ્યની મુશ્કેલીઓને કલ્પીને અત્યારથી તે તેમાં પડશે નહિ. બધી સંકલનાનો આધાર આપણા મન ઉપર જ રહે છે. જેનું મન જેવું ઘડાયેલું રહ્યા કરેલું હશે તેમ તેવો એનો અર્થ બેસાડવાનો છે. લાખોની સુખસાહ્યબીવાળો સાધક ન જ હોય એવું કશું નથી. સાધકે પોતાની મેળે એવું કશું, વહોરી લેવાનું હોય જ નહિ. એનું મન જ એવું તૈયાર થઈ ગયેલું હશે કે તે ગમે તે વસ્તુસ્થિતિનો યોગ્ય સામનો કે સ્વીકાર તે કરી શકશે. શ્રી.......જીનું શરીર કેવું છે ! પણ તે ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકે છે. ભવિષ્યમાં આમ થવાનું છે. માટે, આમ અત્યારથી તેવું કરીએ તે ઈષ્ટ નથી, આપમેળે જે પરિસ્થિતિ આવી પડે એનો ધર્મ હેતુ સમજીને તે ધર્મ આપણી સાધનાને કેવી રીતે વેગવાળી કરી શકે તે રીતે તે આચરવા માટેનું આપણું મન ઉત્સાહવાળી તૈયારીવાળું બની ગયેલું હોવું ઘટે. અને તે સાધનામાં ખૂંપી જતાં બનવાનું જ છે તે પણ ખાતરી રાખજો.

'પ્રેમભક્તિ' પણ એમ ને એમ મળતી નથી. પ્રેમીજનની તીવ્રપણે યાદ રહ્યા કરે અને તે જે અનેક જાતની સ્નેહાર્દ્રતા હૃદયમાં જગવે અને તે શક્તિનો લાભ સાધનામાં ઊંડો લઈ

જનારો નીવડવાનો છે. ભાવનાને ઊંડી જવાનું એ રીતે બની શકવાનું છે. એટલે જ તો સર્વ કર્મમાં ગુરુની ચેતનાસાંકળ જેટલી રહ્યા કરે તો તે તેને ઘડવામાં જરૂર પ્રેરણાત્મક મદદરૂપ થઈ પડતી હોય છે. એને વધારવાને માટે પેલાએ કશુંક કરવું જ ઘટેને ? એ માત્રા વધારવાને પણ એણે એવા વધારે પ્રેમવાળા થવું જ ઘટે, તો જ તે પેલાના પ્રેમની ભાવનાને ઉત્તેજિત કરી શકેને ? એટલે એવાના એવા ભાવપણામાં તો જરૂર ગૂઢ અર્થ સમાયેલ છે. એની એવી પ્રત્યેક આપણા પ્રત્યેની લાગણીમાં જુદો જુદો અર્થ રહેલો છે. જો તે સાચો હોય તો જ, પણ એ સમજવાનું, અનુભવવાનું, ખોળી કાઢતાં રહેવાનું કામ આપણું છે-પેલાનું નથી. તો જ એમાં આપણી હૃદયની કળા ખીલતી જાય છે.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૧-૧૦-૧૯૪૩*

## સહ–અનુભૂતિ

(અનુષ્ટુપ)

આજે મને થતું કૈંક સૂચવે ઠીક તે ન કૈં,
પ્રભુ ! રખાવજો વ્હાલાં ક્ષેમકુશળ સર્વને. ૧

વ્હાલાંના ચિત્તની છાયા પડીને ઉરમાં પીડે,
અકથ્ય વેદના એવી ઉપજાવ્યા કરે હૃદે. ૨

કરું વ્યક્ત કઈ રીતે કે વહાલાં સમજી શકે ?
પ્રભુની ચેતના પામી કલ્યાણભાવના પ્રીછે ? ૩

નાડી નાડી તૂટે કેવી લોહી બંધ થતું દીસે,
ચેતના તોય હૈયાની સંકળાયેલ સૌ રહે. ૪

નવું જન્માવવા કૈંક કોકનામાં પ્રભુતણી,
કરામત લીલાનું તે કેવું દર્શન ભાવથી. ૫

પ્રત્યક્ષ પારખાં એવાં હશે લેતો પ્રભુ શું શું ?
તે તેને કાં ન પ્રત્યક્ષ જણાવી દે પૂરેપૂરું ? ૬

પીડા કોઈકની એવી ભોગવાવી પ્રભુ હૃદે,
કરે શા ખેલ એવા તું ! શી અગમ્ય કળા ખરે ! ૭

તારા ખેલની જેને સૌ અગમ્યતા હૃદે વસે,
તેવાને તો તું પ્રત્યક્ષ સૌ વાતે ત્યાં રહ્યા કરે. ૮

એવાને ઉર તો તું ના અભાવાત્મક કો રીતે,
ચેતના દિવ્ય સાક્ષાત અનુભવે પ્રમાણ તે. ૯

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી, તા. ૨-૮-૧૯૪૩*

# દંપતીને પત્ર

(એક યુગલને એકભાવે થવાવાને અંજલિભર્યો પત્ર)

પ્રિય બંને...

તને કાગળ લખવાનો ન હતો, પરંતુ તારો તા. ૨૯-૭-૧૯૪૩નો ભાવભીનો કાગળ વાંચીને પથ્થર જેવા હૃદયને પણ આંચકો લાગે, પણ મારું હૃદય પથ્થરથીયે પથ્થરનું છે. કોણ જાણે હું જ એવો કમનસીબ કે જ્યાં જ્યાં પગ મૂકું છું

ત્યાં ત્યાં દુઃખનો વરસાદ જ વરસાવું છું. અને એટલું જ નહિ પરંતુ અગ્નિની પ્રચંડ આગમાં આપણાં હૃદય તેમાં બળીને સતત સંતાપ પામ્યાં કરે અને એમાંથી નવજીવન મેળવે એવીયે અભિલાષા હૃદયમાં ઉત્કટપણે સેવ્યા કરું છું. મારા જીવનનાં સ્વપ્નાંને કોણ ઉકેલે ? તમે બંને પતિપત્ની એકજીવે બની જાઓ તો તમે કેટલાંને પ્રેરણાત્મક થઈ શકો ? (પતિ એ તો આપણા જીવનની પ્રત્યક્ષ સમર્પણની ભાવના છે. 'પતિ' એ શબ્દમાં પ્રેમનું ઉદ્ભવસ્થાન તથા એક જીવનું બીજા જીવમાં વિલોપન થઈ જવું, એવી ભાવનાને દ્રવીભૂત કરીને ગતિમાન કરીને કોઈ एक નિરંજન, નિરાકાર, નિર્દ્વંદ્વ એવો જે ભાવ છે તેને પામવું તે. પતિ એટલે સ્થૂળ શરીર નથી.) પતિ એટલે માન આબરૂવાળો, સંસાર અને વહેવાર જેની વાહવાહ બોલે છે, તેવો બેપાંચ પૈસા ધરાવતો અથવા ઐહિક જીવનની સગવડ કરી આપનારું સાધન હોય એવો અથવા આપણું સારી પેઠે લાલનપાલન કરીને, મીઠી મીઠી વાતો કરીને આપણને બધી રીતે ખુશ રાખનારો, તે પતિ મારા મનનો પતિ નથી. પતિ એ તો આપણી હૃદયની ભાવનાનું ઉદ્દીપન કરવાનું આલંબનરૂપે સાધનમાત્ર છે.

જેને આપણે પ્રેમ કહીએ છીએ એ પ્રેમ કદી પણ પોતાને મહત્ત્વ આપતો નથી. જેમ કવિ, કવિતા લખતી વખતે તેના ભાવમાં વિલીન થઈ જાય છે, નદીઓ, સરોવર કે સમુદ્રમાં સમાઈ જાય છે, ખીલેલાં પુષ્પની સુવાસ વાતાવરણમાં પ્રસરી જાય છે, મા, પત્ની હોવા છતાં, બાળકના જીવનમાં લુબ્ધ અને લુપ્ત થઈ જાય છે તેમ આપણા હૃદયનો પ્રેમ એ તો

પ્રેમીમાં વિલીન જ થઈ જવાનું જાણતો હોય છે. જે કોઈ પોતાનું અસ્તિત્વ કાયમનું રાખવાનું કરીને પ્રેમ કરવાની વાતો કરે છે, તે પ્રેમ નથી, તે તો માત્ર સ્વાર્થ છે. પ્રેમ જો આપણને આપણા દિલના અંતરમાં લાગ્યો હોય તો તે કંઈ જ કશું પ્રેમી વિશે પૂછતો હોતો નથી. અને એવો પ્રેમ ધરાવનાર વ્યક્તિ પ્રેમીમાં સંપૂર્ણ ભાવે, સર્વ રીતે વિલીન થઈ જાય છે, ત્યારે જ નવું સર્જન થાય છે. કંઈ પણ સર્જન જે કંઈ થાય છે તે પહેલાંની સ્થિતિમાં તેવો જ ભાવ રહેલો હોય છે. તે વિના સર્જન થવું શક્ય પણ નથી. દુનિયાદારીના વહેવારમાં પણ જ્યારે જ્યારે એકબીજાની પાસેથી કંઈ કશું કામ થવાનું હોય છે, ત્યારે ત્યારે તે બંનેની સ્થિતિ સારા ભાવવાળી હોય, એક જ જાતની લાગણીવાળી હોય, એક જ જાતની તમન્નાવાળી હોય ત્યારે જ તે કામ સારી રીતે પાર ઊતરી શકે છે. સાંસારિક પતિપત્નીનાં ભોગવાસનામાં પણ બંને જણાં એટલાં જ તીવ્ર આવેગભર્યાં અને બંનેની સ્થિતિ તેટલા જ પ્રમાણવાળી સરખા સરખી હોય, બંનેને ત્યારે કશું ભાન બહારનું કે અંતરનું હોતું નથી, અને તેમાં જ જ્યારે સંપૂર્ણપણે પૂરેપૂરાં એકાગ્રતાવાળાં હોય છે ત્યારે માની પ્રકૃતિ તે બીજ ગ્રહણ કરી શકે છે, તે વિના નહિ. એટલે આમ સૃષ્ટિમાં જ્યાં જોશો ત્યાં એકબીજામાં વિલીન થઈ જવાની ક્રિયા ચાલી રહેલી જ છે અને એ વિલીન થઈ જવાની ક્રિયા થતી હોવાથી જ આ આખી સૃષ્ટિમાં કંઈ ને કંઈ સર્જન થયાં કરે છે.

તું જો એવી આદર્શ ભાવનાવાળી, એવા પ્રેમને કેળવવાની તમન્નાવાળી, જિજ્ઞાસાવાળી, આર્તતા અને આર્દ્રતા બંને સાથે

સાથે રાખીને જો તું પતિનું જોવા માંડે તો તને બધુંએ મળી રહેશે. નાહકની ચિંતા શા માટે કરે છે ? તમે બંને એક થઈને જેને અભેદપણાનું સુખ કહો છો તેવું સુખ ભોગવો એવી મારી અભિલાષા છે. અને એ કરવું તારા હાથમાં છે. વળી, એવું જો તું કરી શકે તો કેટકેટલીયે જે વ્યક્તિઓ આપણી સાથે સંકળાયેલી છે, તેમને દૃષ્ટાંતરૂપ તું થઈ પડે ! મેં તને કહેલું કે સૌ............ની બાબતમાં તું મારી નિમિત્ત છે. એ પ્રકરણ તો ઘણું વહેલું બની શક્યું હોત.

અને પ્રેમીના અંતરમાં હૃદયના ઉમળકાથી વિલીન થઈ જવાને બધોએ પુરુષાર્થ કરજે. પ્રેમીમાં વિલીન થઈ જનાર જે કોઈ વ્યક્તિ એવો પુરુષાર્થ કરે છે, તેનામાં કોઈ ઓર નવું ચેતન પ્રગટે છે. તેના જીવનમાં મસ્તી રહ્યા કરે છે, ઉલ્લાસ હોય છે, અને તેનું રોમરોમ જાણે થનગનતું નૃત્ય ના કરી રહ્યું હોય ! એવો અનુભવ તેને જરૂર થયા કરે છે. હું કશું એમ ને એમ માની લેતો નથી. મારે તો કસોટી જોઈએ. કસોટીની પરીક્ષામાંથી જે પરિપૂર્ણ રીતે પાર ઊતરી શકે અને તેમાં તેનાં પ્રત્યક્ષ માપ જણાઈ આવે, ત્યારે આપણું કેટલું સાચું અને કેટલું ખોટું તે પારખી શકાય. સાધના તો ભલભલાનાં પારખાં લઈ લે છે. તેથી તો સાધનામાં કોઈને છેતરવાપણું કે છેતરાવાપણું રહેલું નથી. બાકી તો તમે બંને આપણે જીવનમાં સાથે હોઈએ કે ન હોઈએ તોપણ મારાં વ્હાલુડાં સ્વજન છો જ અને રહેવાનાં જ છો. બ્રહ્મા પણ તે સગપણને છેદી શકે તેમ નથી, પરંતુ તમે બંને એ રીતે જીવનમાં એક થવાની તાલાવેલી પ્રગટાવી શકો, એના સાધન

કે નિમિત્ત તરીકે આ બધું ભગવાને કરાવેલું છે. સમજવું હોય તો સમજશો. મારે તો કશુંયે ખોવાપણું નથી. અને તારી વાત તો તું જાણે. પ્રભુ આપણને સૌને સદ્‌બુદ્ધિ પ્રેરો એ જ પ્રાર્થના.

---

હરિઃૐ

*કરાંચી, તા. ૨૦-૧૨-૧૯૪૨*

## સ્વજન દંપતીને

**(તમે મારા દેવના દીધેલ છો - એ રાગ)**

તમે મને કેટલાં વહાલાં છો,
તમે મને ચેતન પ્રેરક છો,
તમે મારે પ્રાણના દ્યોતક છો. ટેક.

તમ જેવાની જે પ્રભુએ મને
અણમોલી દીધી ભેટ,
એ પ્રભુનો શો પાડ હું માનું
રખાવજે પ્રભુ ટેક- તમે મને. ૧

ગરીબને આમ કોણ નવાજે
કો પ્રીછે આવી પેર,
નૂર ન હોવા છતાં કશુંયે
એવા પરે શી આ મ્હેર ! તમે મને. ૨

તમારી વૃત્તિઓ લાગણીઓ સૌ
વિચારો કલ્પના સર્વ,
ઊંડું ઊંડું સૂઈ જે જે રહેલું
દેતાં રે'જો તે સર્વ. તમે મને. ૩

ખાલી ખાલી થઈ સર્વ પ્રકારે
ભિખારી બનજો ઉર,
ભિખારી થઈને પછી દીધેલું
મને બનશે અમૃતરૂપ. તમે મને. ૪

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંકાર
એ હોવા છતાં ન હોય,
એ રીતે રૂપાંતર જ્યમ થાશે
ગ્રંથિઓ છૂટશે ત્યાંય. તમે મને. ૫

---

હરિઃૐ

*બાર, તા. ૨૦-૧૧-૧૯૪૩*

## સમજ

પ્રિય,...

તારો કાગળ મળ્યો. એવી કશી વાતે અધીરાઈ ન કરીએ. જે કરીએ તે શાંતિથી-સ્વસ્થતાથી કરવાનું રાખીએ. શાંતિ અને સ્વસ્થતા એટલે ધીમી ગતિ નહિ. પણ માનસિક શાંતિ અને સ્વસ્થતા. ગતિ તો ગમે તેટલી હોય તે છતાંયે શાંતિ અને સ્વસ્થતા તો રહી શકે.

(શિખરિણી-મંદાક્રાંતા)

જનોને પોતાને મન સમજવા, આરસી કો બતાવે,
ઊંધું જોઈ ત્યારે મન પરખવાના પ્રસંગો ગુમાવે,
મળેલી એવી સૌ તક સુધરવા માનવી ખોઈ બેસે,
પછી તે બિચારો કરી શું શકશે ? જો પડી ના જનોને.

તેં તારા મનમાં આવેલા વિચારો લખ્યા, તે ઘણું સારું કર્યું. તને હમણાં હમણાં તો એવું એવું જે સાચું ગળે ઊતરે એવું હશે તે તે ઊંધું સમજાયાં કરશે. માટે, કૃપા કરીને ખૂબ ખૂબ પ્રેમભક્તિવાળી રહેજે. કોઈનીયે ઉપર મનમાં ચીઢ-કંટાળો-અકળામણ કે ભરી રાખવાપણું બનવા દેવું નહિ. એવું બને છે તે જોઈ શકાય છે. નંદુને માનવાપણામાં માત્ર એવી જૂની પરંપરાગત આંધળી પતિભક્તિ ખપમાં નહિ લાગે. સમજણપૂર્વક જે તે કંઈ કરવાનું રાખવું. તેથી, દર વખતે એને પૂછવા જવાનું હોય નહિ. પોતે એના કહેવાનો હેતુ મનથી ખોળી કાઢવો અને તે ઉમળકાથી, એટલું જ નહિ પણ ભક્તિભાવે કર્યા કરવાનું રાખવું. એમ જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાથી મનને મનાવી મનાવીને કરવા જતાં સાચું શરણ્ય પ્રગટી શકવાનું છે. જો તું સાચી રીતે........નામાં એકરાગપણે મન-ચિત્ત-હૃદયથી, મનવાણી અને કર્મથી બની ગઈ હોત તો બહેન.......નું ઠીક થઈ જવું એ તો સહેલ વાત બની જાત, પણ મન તો કંઈ કંઈ જુએ છે અને વિચારે છે અને તે પ્રમાણે આપણે તરંગોની દુનિયામાં વસીએ છીએ એટલે શું થાય ?

ડહોળાયેલી પરિસ્થિતિ મનની હોય છે ત્યારે સત્ય ઊગી શકતું જ નથી. મનમાં સત્ય ઊગી શકે, ટકી શકે અને ફાલી શકે એવી દશા આપણે એની કૃપાથી કરાવવાની છે. બહેન..... બાબતમાં જે જે કંઈ થયું તે સાચું તને લાગ્યું હોય તો આપણા મનને તેમાંથી સુધારવું ઘટે.

(માલિની છંદ)

હૃદયમહીં ઊઠંતી વૃત્તિઓ જે બધી તે,<br>
શરમ નહિ જ રાખે સર્વ કૈં બોલી દેશે.

તમારા મનમાંનાં વલણોને-વિચારોને-ઘણી વેળાએ તમો મૂગાં મૂગાં રહ્યાં કર્યા છો તેમ છતાં બતાવી દેવાનું બન્યા કર્યું છે. કોઈ વિચાર પારખનાર તેવું નહિ કરી શકે એવી ભ્રમણા જેટલી વહેલી નીકળી જાય તેટલું ઉત્તમ છે. કોઈ ઉત્તમમાં ઉત્તમ વિચાર પારખનાર હશે તોપણ તે મનના વળાંકોને પારખી શકવા સમર્થ બની શકતો નથી.

તારા ઉપર મને આશા છે. ચિંતા કશી કરીશ નહિ. જેમ મનમાં થાય તે બધું આત્મનિવેદન કર્યાં કરજે. તને સમજાવવું તો પડે જ. આપણે કેવાં છીએ એનો ખ્યાલ સંપૂર્ણપણે સાધકને આવી જવો ઘટે. જેટલું ખુલ્લા દિલથી બધું જણાવવાનું રાખશે એટલું (Opening) પ્રવેશવાનું દ્વાર મળ્યાં કરવાનું છે.

વહાલી બહેનાં ! મારા જીવનનાં સ્વપ્નાં અધૂરાં રહેશે તેની મને ચિંતા નથી, પરંતુ માનવીને ખુદ ભગવાન હાથ ઝાલીને પણ લઈ જવાનું કરે છતાં જ્યાં સુધી એને પોતાને ખરી તમન્ના લાગતી નથી ત્યાં સુધી તે પણ શું કરી શકે ? એ હકીકત વધારે ને વધારે દેખાતી જાય છે.

.... ભાઈ એમના સોંપાયેલા કામમાં જેટલા તે કંટાળે છે તેટલું તો કામ તેમને વધારે ચોંટે છે, એ તો તેં જાતે જાણ્યું છે. માટે, કોઈ પરિસ્થિતિથી કૃપા કરીને કંટાળવાનું રાખીશ નહિ. ભગવાન જે સ્થિતિમાં મુકાવે તેમાંથી જીવનનો લાભ જ મેળવી લેવાનું જે કરે છે તે જ તત્ત્વને પામે છે.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૮-૯-૧૯૪૨*

# સનમનું તત્ત્વ

(ગઝલ)

સભાગી કો પળે એવી જીવનનો ખ્યાલ તે જાગ્યો,
સનમ દીદારનો હૈયે, મૂંઝાવામાં મને નાખ્યો. ૧

કદી ઊભી રહી પાસે નયનના પ્રેમ ઈશારે,
મને નજદીક બોલાવી પછાડ્યો કેટલી વારે ! ૨

સનમ તું ક્રૂર આવી કાં ? સનમનો પ્રેમ આવો શો !
મને રંજાડવામાં તે ભલા સુખ માણતી શાને ? ૩

સદા કુરબાની માગે છે, હૃદયનું સૌ સમર્પણ તે,
છતાં તે ભેટમાં સોંપે હૃદયનું દર્દ ઊંડું શેં ? ૪

બધુંએ આપતાં કરતાં ધરાતી ના દીસે પૂરી,
'ફના થઈ જીવવું એમાં' કહ્યાં કરતી હંમેશાં શી ! ૫

જીવનસંધ્યાતણી વેળા બધે અંધાર છાયે જ્યાં,
સનમ અસ્તિત્વ પોતાનું જણાવી લુપ્ત થાતી કાં ? ૬

તને આપ્યાં જ કરતો હું કદી ના થાકતો લાગું,
છતાંયે બેવફાઈ શી ! સનમ દીદાર કાં આઘું ? ૭

સનમની કલ્પના જે જે હૃદય આદર્શ લાગી છે,
'છતાં તુજ ભૂતમાં કાં તું મને જકડાવી મારે છે. ૮

સનમના ભૂતમાં શાને સનમને દેખતો ? મૂર્ખા !
સનમ તો જો પણે ઊભી તને બોલાવતી, જા ત્યાં. ૯

અને હું સ્વપ્નથી જાગી વળી ત્યાં દોડતો જાઉં,
સનમ ત્યાંથીય ભાગીને થતી અદૃશ્ય લાગે છે ! ૧૦

સનમનાં રૂપ શાં નોખાં ! સનમના ભેદ જુદા છે,
સનમના કંઈ પ્રકારોમાં સનમનું તત્ત્વ નોખું છે. ૧૧

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી, તા. ૨૨-૬-'૧૯૪૩*

## સ્ત્રીજીવનની મહત્તા

પ્રિય .......

'બહેનોમાં શ્રદ્ધા, વિશ્વાસ રાખવાની શક્યતા પુરુષો કરતાં વધુ હોય છે.' એ વાક્ય ઉપરથી તમે જે લખ્યું છે, તેના જવાબમાં લખવાનું કે એમનું કર્મનું ક્ષેત્ર ઘણું જ મર્યાદિત હોય છે, પણ એઓ સામાન્ય રીતે એમના અંતર્ગત સ્વભાવથી જ શ્રદ્ધા-વિશ્વાસ રાખનારાં હોય છે. ઘણી ખરી સ્ત્રીઓ સહન કરવામાં પણ પુરુષો કરતાં ચઢી જાય અને સહન પણ વધારે કરતી હશે. એ આપણા ઉપર શ્રદ્ધાવિશ્વાસ રાખીને રોજિંદા વહેવારમાં વર્ત્યા કરે છે, એમનું કાર્યનું ક્ષેત્ર જ શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણના પાયા ઉપર રહેલું છે, ભલે એનું એમને જ્ઞાનભાન ન રહ્યા કર્યું હોય. સ્ત્રીઓ ભલે ભક્ત, જ્ઞાની કે તપસ્વી તરીકે પ્રખ્યાત ન થઈ હોય, પણ જો એ ભાવના

એમની રગે રગમાં ન હોત તો આપણામાં આવી જ ન શકી હોત. એમના હાડમાં શ્રદ્ધા, વિશ્વાસ, સમર્પણની શક્તિ રહેલી જ છે અને અનેક રીતે તેઓ સંસારવહેવારમાં અજાણપણે કેટલોયે ત્યાગ કરી રહેલાં હોય છે. સંસારમાં પુરુષો કરતાં એમનો ત્યાગ ભારે છે, પણ એ બધા ગુણોનું એમને ભાન નથી, કારણ કે એમના ક્ષેત્રની બહાર એમને કદી ડોકિયું કરવાનું મળ્યું જ નથી. એમની દુનિયા જ સંકુચિતતાની છે અને તેથી એમની દૃષ્ટિ પણ તેવી જ ઘડાયેલી છે. સ્ત્રીઓ, પુરુષો જેટલી સંખ્યામાં ભલે આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ આવેલી નથી, તે હકીકતે ભલે કદાચ સાચું હોય, પણ એવા પુરુષોની માતા તો કોઈક ને કોઈક સ્ત્રી જ છે. તેનામાં તે શક્તિ અને સંસ્કાર હતાં તો જ તે તેમનામાં આવી શક્યા છે. અને વળી તેઓએ યુગોના યુગોથી એક જ મર્યાદિત ક્ષેત્રમાં જ રહ્યા કરેલું હોવાથી એમના તેવા ગુણો બહાર કામ કરી શકતા નથી, તે ઉપરાંત, તે કાળના સમાજની દશા, વલણ, સમજણ અને જ્ઞાનની કક્ષા ઉપર પણ આધાર રખાતો હોય છે. સ્ત્રીઓમાં જે નૈસર્ગિક ગુણો રહેલા છે, એ ગુણોને ખીલવવા કે કેળવવા માટેની તક, સગવડ, અનુકૂળતાઓ જે જે સમાજ તેમને આપે છે, ત્યાં એ ગુણો એના અનેકગણા પ્રમાણમાં ઝટ વધી શકે છે. ગમે તેટલોય હૃદયનો એકનિષ્ઠ ભાવનાથી રહેવાનો સત્ પ્રયત્ન હોય અને તે સત્યનિષ્ઠ પણ હોય, તેમ છતાં જ્યાં લગી સર્વ ભાવે અને સર્વ રીતે સર્વાંગી શુદ્ધ અને સર્વાંગપૂર્ણ શરણાગતિની ભાવના જીવતી પ્રગટી ન હોય ત્યાં લગી બીજાના ભાવને બરાબર તે જ રીતે સ્વીકારી

શકાતો નથી કે સમજી શકાતો નથી અથવા તે ભાવને તે જ પ્રમાણે પ્રત્યક્ષ પકડી શકાતો પણ નથી. કિંતુ માતા અને બહેનોમાં સહજપણે બીજાને અનુકૂળ થઈ જવાની વૃત્તિ હોય છે. એટલે જીવનમાં સુમેળનો ભાવ તેઓ જેટલો રાખી શકે છે તેટલો પુરુષ જીવ રાખી શકતો નથી. બહારની કોઈ ઘટના આપણા જીવનને ન સ્પર્શે તેમ છતાં એનું છૂપું દર્દ કળાઈ જાય અને એનો હેતુ સમજાઈ જાય એવું કોઈક ગૂઢ પરમ તત્ત્વ બહેનોના જીવનમાં છે. તેમના હૃદયમાં પોતાના પ્રિયનાં વચનો તીરની જેમ અંદર પેસી જતાં હોય છે અને એવાં હૃદયો જ જીવનને ઘડી શકે છે. જોકે આ મૂલ્યાંકન સમગ્ર સ્ત્રીજાતિના જીવોમાંથી કેટલાક અંગે ભલે ખોટું જણાય, પરંતુ આખરે તો આપણા જીવનની ચારિત્ર્યની મૂળ પ્રેરણા તો જેમ આપણી પ્રકૃતિ છે તેમ સ્ત્રીઓની પ્રેરણાથી જ પુરુષનું પુરુષત્વ જગતમાં ખીલેલું અનુભવ્યું છે.

સ્ત્રી જીવ કે પુરુષ જીવ એ બંનેમાંનું ગમે તે કોઈ ક્ષેત્ર સાધના કે યોગ જ છે. જગતમાં ભલેને અજ્ઞાનભાવે, પુરુષ-પ્રકૃતિનો યોગ જ ચાલી રહેલો છે. અને ‘યોગ’ એ અનુભવવાનું તત્ત્વ છે. એટલું જ નહિ પણ એનાથી આગળ જઈને જીવનની સમગ્ર શક્તિ વડે જીવનદ્વારા અનુભવવાનું તે તત્ત્વ છે, એમ સાધનામાં સમગ્ર રીતે સર્વ ભાવે દૃઢ થવાતાં ચેતનાનો વિકાસ થતો સાધક અનુભવી શકે છે. પુરુષ કે પ્રકૃતિ-બંનેમાં એકમાંથી અનેક થવાની સહજ અંતર્ગત, મૂળભૂત પ્રેરણા રહેલી જ છે. અને એ પ્રેરણાનો આનંદ દરેક જીવની જુદી જુદી ભૂમિકા ઉપરનો જુદો જુદો રહેલો હોય છે.

ઉચ્ચતર રસાનંદની તમન્ના ખૂબ તીવ્રતમ બને છે, અને એમ માનવીના જીવનના થતા જતા વિકાસમાં અને એ પછીની ભૂમિકામાં કોઈ પરમ અનેરો પ્રકાશ અને શક્તિનાં દર્શન એને થતાં રહે છે. એ બધું જ્યારે તે હૃદયથી અનુભવે છે ત્યારે જ એને દૃઢ પ્રતીતિ થયા કરે છે. નવસર્જનની ક્રિયા ફલિત થવા માટેના જે ગુણોની જરૂરિયાત છે, તે ગુણો સ્ત્રી જીવમાં કુદરતે મૂકેલા છે. વાસનામુક્ત થવાનો હૃદયપૂર્વકનો, જ્ઞાનપૂર્વકનો જેટલો પુરુષાર્થ થયા કરશે તેટલા પ્રમાણમાં જ જીવન કે સત્યને સમજી શકાવાનાં છે. એક એક ડગલું ભરતાં ભરતાં ભલેને ઠોકર ખાતાં હોઈએ, કિંતુ તેમાંથી જો શીખવાની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખીએ તો આગળ ડગલું માનવી જાત ભરી જ શકવાની છે. મન બહિર્મુખ ભલે રહ્યા કરે, પણ તે તેવું હોય તે વખતે ઉચિત-અનુચિતનો વિચાર લેશમાત્ર પણ આપણી દૃષ્ટિને કલુષિત ન બનાવી દે એટલી અને એવી વિવેકપૂર્વકની જાગૃતિ રાખી શકાય તો 'ગંગા નાહ્યા' સમજવું. પુરુષ જીવ કરતાં સ્ત્રી જીવ વધારે અંતર્મુખપણાના સ્વભાવનો છે. જોકે કોઈ ને કોઈ રીતે એને અવલંબનની જરૂર હોય છે. તેમ છતાં અવલંબન એટલે નિરાધારપણું એમ નથી. અવલંબન એટલે પરતંત્રતા એમ પણ નથી. એમ તો જગતમાં જે જે કંઈ છે, તેને દરેકને કોઈ ને કોઈ પ્રકારનું અવલંબન રહેલું જ છે. સ્ત્રી જીવ અને પુરુષ જીવના જીવનના એકબીજામાં રહેલા ગુણો એકબીજાના જીવનને પૂરક રૂપે છે. જીવના વિકાસના ઈતિહાસની દૃષ્ટિએ સ્ત્રી જીવ એ પુરુષ જીવ કરતાં વિકાસમાં થોડો ઘણો પણ ઊંચો છે.

પુરુષો કરતાં પોતાનાંને માટે સર્વ કંઈ કરી છૂટવાની એક કોઈ સૂક્ષ્મ ભાવના એમનામાં રહેલી છે. ભલેને તે પછી તે જંગલીમાં જંગલી હોય તોયે શું ? એવો ગુણ જો એમની પ્રકૃતિમાં ન હોત તો સૃષ્ટિનું પાલન થવું જ - પોષણ થવું જ -અશક્ય બની જાત. સ્ત્રીનો સ્વભાવ જ્યાં હોય તેમાં મમતાળુ વિશેષપણે રહ્યા કરે છે. જેમાં ચોંટ્યો તેમાં જ ચોંટે, એનાથી બહાર નીકળતાં એનો પ્રાણ નીકળી જાય. સ્ત્રીઓ કોઈ પણ કાળમાં સંસારવિરક્ત દશામાં પુરુષો કરતાં વધુ પ્રમાણમાં નહિ હોઈ શકે, કારણ કે એ એના જન્મહેતુના ક્ષેત્રના બહારની વાત છે, પણ એ એના ક્ષેત્રમાં ઉન્નત ને ઉન્નત થયા કરશે અને એનો વિસ્તાર પણ કર્યાં કરશે-તે ખરું. પણ એનું સાત્ત્વિક કાર્ય તો પ્રજાની સત્ત્વશુદ્ધિ સાચવી રાખવાનું છે, એટલું જ નહિ પણ તેમાં કાળે કાળે તેજસ્વિતા, પ્રાણ પ્રગટાવવાનું કામ પણ એનું જ છે. પ્રજાના આત્માનું એ હૃદય છે. પ્રજાના જીવનની જે કંઈ શક્તિ છે એનું મૂળ તેમનામાં જ રહેલું છે. પ્રજાની શક્તિનો મૂળ પાયો એમનામાં રહેલો છે. સારીયે પ્રજાનું ઘડતર અને ઉદ્ભવસ્થાન તે છે, અને એનામાં દેખાતા રાગદ્વેષ, સંકુચિતતા, મમતા એ બધું એનું ક્ષેત્ર એક તો સાંકડું અને વાતાવરણ તેવું હોય છે, અને એની એ જ અસરમાં સતત એને રહ્યા કરવાનું હોવાથી એનું માનસ એવું થતું રહે છે તેને લીધે છે. તે ઉપરાંત પણ માનવી માત્રનો સ્વભાવ પણ જેમાં તેમાં ભરાઈ પડવાનો જ હોય છે. આપણે પણ આપણા કાર્યક્ષેત્રના વિસ્તારપણાને લીધે જ, એના પ્રભાવે થોડા ઘણા વધારે ઉદાર, વિચારશીલ કે એવા થયા કરીએ છીએ, અને તે પણ વાતાવરણથી પર એવા જ્ઞાનશીલપણાને

લીધે તો નહિ જ. બહેનો સાધારણ રીતે શ્રદ્ધા વિશ્વાસ રાખનારાં આપણા કરતાં સવિશેષપણે હોય છે. આપણે વધારે વિચાર કરનારા હોઈએ છીએ. ઘણી બહેનો કોઈકનો ભોગ થઈ પડે છે એનું કારણ પણ એઓ માનવીના બોલ ઉપર, બોલાતાં વચનો ઉપર શ્રદ્ધા વિશ્વાસ રાખી લે છે તે છે. અલબત્ત, તેમાં તુલનાત્મક વિચાર નથી હોતો. તેમ જ બહેનો, પોતાના પતિ, ભાઈ, પિતા વગેરેમાં શ્રદ્ધા વિશ્વાસ રાખીને ઘણું ખરું ચાલનારાં હોય છે.

જે સ્ત્રી અધમ પતિની સાથે સતીસાધ્વી રહી હશે અને આખી જિંદગી સત્કર્મો કરી કરીને તેને સેવ્યો હશે તેવી સ્ત્રીના જીવનનો વિકાસ થયા કર્યા વિના રહેવાનો નથી, પરંતુ જો તે તેવું કરેલું બધું સમાજની માન્યતા પ્રમાણેની એક પ્રકારની ઘરેડવાળું નહિ હોય તો જ. જોકે ઘરેડ પ્રમાણે પણ ઉત્તમ જીવન જીવવાથી ફાયદો થતો નથી એમ નથી, પરંતુ જ્ઞાનભક્તિ ભાવપૂર્વક વર્તાયેલાં સદ્આચરણો જેટલો તો નહિ જ. સતી સાધ્વી સ્ત્રી પોતાના પતિના કલ્યાણની વાંછના સતત રાખ્યાં કરતી હશે જ અને એ વાંછનાના પ્રબળ બળે-પ્રચંડ બળે-કરીને તે કોઈ ને કોઈ રીતે તેના ભવિષ્યના જીવનની સાથે તે જીવ સંકળાયેલો રહેવાનો જ. ઈતિહાસનાં પાને એવા દાખલા ભલે ન નોંધાયા હોય પણ કેટલીયે સ્ત્રીઓએ પોતાની એવી ઉત્કટ દિવ્યતમ વાંછનાથી પતિના જીવનને સુધાર્યું હશે. એથી સ્ત્રીની એવી સેવા તે વિસ્તૃત અર્થમાં જગતની સેવા અને ભગવાનની સેવા જ છે. સર્વતઃ અને સમગ્રપણે કોઈ પણ કામમાં સ્ત્રીઓનું જીવન સંપૂર્ણપણે કચડાઈ જ ગયેલું

હોય છે એવું હોતું નથી. જો સ્ત્રીજીવન કચડાઈ જ ગયેલું હોત તો સમાજનો પુનઃવિકાસ કદી શક્ય જ ન બને. પ્રત્યેક સ્ત્રીની પ્રતિભા જીવનના કોઈ ને કોઈ ક્ષેત્રમાં જીવતી રહ્યાં કરેલી હોય છે. જેમ કે પેલાનાં કર્મો ગમે તેટલાં નીચાં હશે તોપણ તેની પત્ની સતી સાધ્વી હશે તો તેના હૃદયની સાત્ત્વિક ઈચ્છાનું આકર્ષણ પેલાનાં કર્મોના આકર્ષણ કરતાં ક્યાંયે ચડિયાતું થઈ જવાનું છે. એટલે ભવિષ્યના તેના જીવનની સાથે આ જન્મના પતિનો સંબંધ તેના જીવનથી કોઈ ને કોઈ રૂપમાં સંકળાયેલો રહેવાનો છે. એટલું જ નહિ પરંતુ તે તેના કલ્યાણને માટે સર્વ કંઈ કરી છૂટશે જ. ભલે તેને તેનું જ્ઞાનપૂર્વક ત્યારે ભાન ન હોય અને જ્યારે તે સતી સાધ્વી સ્ત્રીનું સંપૂર્ણપણે આત્મામાં નિષ્ઠા આવ્યાપણું બની જશે અને એવા ભાવમાં જ જ્યારે તેની સર્વ ઉત્પત્તિ, સ્થિતિ અને લય થયા કરશે તે વેળાએ તેને કોઈ જાતનો સંબંધ તે સાથે રહેવાનો નથી. એટલે આ જન્મની સતી સાધ્વી સ્ત્રીનો પતિ બીજે જન્મે પતિ જ અવતરશે એમ નક્કી કહી શકાય નહિ અને પેલી સતી સાધ્વી પત્ની બીજે અવતારે સ્ત્રી શરીર જ ધારણ કરશે એમ પણ કહી શકાય નહિ, પરંતુ જે જીવાત્મા સાત્ત્વિક કર્મો કરીને બીજા જીવના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ સમજે છે, તે જીવાત્માના ભવિષ્યના જીવનમાં પેલા બીજા જીવાત્માનું જીવન કોઈ ને કોઈ રીતે તો સંકળાયેલું રહેવાનું જ છે, એ વિશે તો કશી શંકાને સ્થાન નથી. આવી રીતે સ્ત્રીઓનું જીવન પુરુષોને અનેક રીતે ઘડનારું હોય છે.

---

હરિઃૐ

*હરિજન આશ્રમ, સાબરમતી,*

*તા. ૨૩-૬-૧૯૪૮*

# પરસ્પર ભાવના કરો

જે જે સાધકો જે એકસાથે સંકળાયેલા હોય તેઓ જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે પોતાના અનુભવની આપલે કરે. કઈ કઈ રીતો ગ્રહણ કરવાથી ચેતનાસાંકળ જળવાઈ રહે છે, કેવી કેવી રીતમાં મુકાવાથી શી શી સમજણ સાંપડે છે, કેવાં કેવાં દૃષ્ટિબિંદુઓ બદલાયાં કરે છે, કેવી કેવી રીતે શ્રદ્ધા, વિશ્વાસ ચોંટતાં જાય છે અને સાધના અંગેના બીજા શા શા અનુભવો થાય છે, આ અંગે તેમણે ખુલ્લા દિલે વાતચીત કરવી જોઈએ તથા આગળ કેવી સાધનામાં એકાંગી, એકાગ્ર અને ચિંતનશીલ બની શકાય, તે બાબતનાં દૃષ્ટિબિંદુઓ પણ સાધકોએ માંહોમાંહે વિચારવાં ઘટે. તેઓ બધાં એક જ શરીરનાં જુદાં જુદાં અંગો છે, એવું જ્ઞાન આપણને હૃદયથી જાગવું જોઈશે. ગુરુ પ્રત્યેની પ્રેમભક્તિ જ્યાં સુધી સ્નિગ્ધતાવાળા પ્રેમહૃદયથી આપણામાં પ્રવર્તેલી હોતી નથી ત્યાં સુધી ગુરુની ચેતનાશક્તિ કે ભાવનાને આપણે બરાબર પકડી શકવાના નથી, તે જાતના અનુભવો દરેક સાધકે પોતપોતાની મેળે પોતાના જીવનમાં કરેલા હશે. તે અનુભવોનું નિરીક્ષણ તથા છણાવટ સાધકો માંહોમાંહે કરે એ ઘણું જરૂરનું છે અને આ વાતો તેઓ ખુલ્લા દિલે અરસપરસ કરે તે પણ જરૂરનું છે.

આપણે બધાં સાધના કરવા બેઠાં છીએ. આપણે આપણામાં ભગવાનને અવતારવા દૃઢ સંકલ્પ કર્યો છે અને એ આપણા

જીવનનો નિર્ધાર બન્યો છે. તેવા આપણે આપણાં કર્મની અંદર પ્રેમભીનાં હૈયાંથી નહિ પરોવાઈએ અને તે તે બધું રંગસહિત નહિ કર્યાં કરીએ તો પ્રભુનો પ્રેમ કંઈ ઉપરથી આવીને આપણામાં પડવાનો નથી. પ્રભુનો પ્રેમ પણ ખરીદી શકાતો નથી. એ તો દિવસે દિવસે તેવા જ્ઞાનપૂર્વક થઈને તે તે કર્મો તેવી ભાવનાથી કર્યાં કરીશું તો જ આપણામાં તે ઉદય થવાનો છે. વળી, જેને સાધન બનાવીને આપણે આપણા જીવનનો સાક્ષાત્કાર કરવો છે, તેને રઝળતો મૂક્યાથી પણ તે બની શકવાનું નથી. આપણા પ્રેમને માટે તે તરફડે છે. આપણા પ્રેમ વિના તેનું જીવન કોરું કોરું તેને લાગે છે અને એ મળ્યા વિના એ આપણો કશો શુક્કરવાર વાળી શકે તેમ નથી. તો આપણા રોજિંદા વહેવારમાં આપણા હૃદયની ભાવના તેના પ્રતિ કેવી રહ્યાં કરે છે, અને એમાંથી કેટલાં જીવંત પ્રાણ, ચેતનાશક્તિ આપણને મળ્યાં કરે છે, તે સાધકે જ્ઞાનપૂર્વક સમજવું જ પડશે. એવી પ્રેમભક્તિ આપણા હૃદયમાં આપણે જ્યાં સુધી પ્રગટાવીશું નહિ ત્યાં સુધી હૃદય હૃદયનો મેળ પૂરો જામી શકવાનો નથી, અને એવા તાર જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી કયા પુલ ઉપર થઈને તે આવજા કરી શકે ? આપણને ગમે તેટલી મુશ્કેલીઓ હોય કે ગમે તેટલાં કઠણ કાર્યો હોય ત્યારે સાધક તે કઠણાશ કે મુશ્કેલીનો વિચાર મુખ્યત્વે નહિ કરે, પરંતુ તે પરમ ચેતનાશક્તિ (સૂક્ષ્મ ગુરુભાવના-પ્રેમલક્ષણા ભક્તિ) એનું જ કેટલા પ્રમાણમાં ઊંડું મનન ચિંતવન થાય છે તેનું અને તે ભાવનાને પડકારી પડકારીને પોતાનામાં જાગતી રાખ્યા કરીને એટલે કે અવતારીને તે તે કઠણ કર્મનો કે મુશ્કેલીઓને ઉકેલવાનું

જ વિચાર્યાં કરશે. જે સાધક મુશ્કેલીઓનો કે કઠણાશનો માથે ભાર રાખે છે કે ચિંતા કરે છે તે સંસારી છે, સાધક નથી. સાધકે તો પોતાની આત્મશક્તિ ઉપર શ્રદ્ધાવિશ્વાસ કેળવ્યાં કરીને તે તે પરિસ્થિતિમાં-તે તે પરિસ્થિતિમાંથી - અગ્નિપરીક્ષામાંથી (જોકે સાધક પોતાની સમજણ પ્રમાણે તેનું તેને માની લે છે, બાકી ખરી રીતે જોતાં તો તેનામાં સહન કરવાની તાકાત હોય છે, તેટલું જ કુદાવવાનું પગથિયું તે આપણને આપતો હોય છે, કે જેથી તે કૂદી જતાં તેની શક્તિનો આપણને પરિચય થાય) વધુ ચેતનાશક્તિ મેળવવા માટે હંમેશાં પ્રેમપૂર્વકની સંપૂર્ણ તૈયારી કેળવવી ઘટે જ. જે સાધક ઉમળકાભેર તેવી તૈયારી બતાવી શકતો નથી, તે સાધક જીવનવિકાસની તક ગુમાવે છે, એમ આપણે સમજવાનું છે. ગુરુ એ કંઈ જડ ભાવના નથી, એ તો સાધકના જીવનના અનેક થરોમાંથી પસાર થતી અને તેને તેને અનુભવતી તથા તેને કેવી કેવી રીતે રૂપાંતર કર્યાં કરવું તેની રીત અને તે માર્ગનું આકલન કરનારી સૂક્ષ્મ ચેતનાશક્તિ છે. એટલે સાધકને જીવનમાં આત્મસાક્ષાત્કારની જેમ જેમ તમન્ના વધતી જશે તેમ તેમ જ તે સાધનામાં ઊંડો ઊતર્યા સિવાય રહી શકવાનો નથી. કોઈ પણ પરિસ્થિતિથી આપણે હાર પામવાનું નથી. તેને યુદ્ધ આપ્યા કરવાનું જ છે. સાધકના જીવનમાં અનેક યુદ્ધની પરંપરાઓ જાગવાની જ છે, તે વિના તેનામાં ખમીર પ્રગટવાનું નથી. એટલે કશું પણ જીત્યા વિના આપણે મૂકી દેવાનું નથી.

પ્રત્યેક સાધકે પોતપોતાનો ઉકેલ કરતાં રહેવું જોઈએ અને તેવું થયા કરે તો જ તે પોતાના જીવનની મુશ્કેલીઓ પાર કરી શકવાનો છે. ગુરુ એ સૂક્ષ્મ ભાવના છે અને તેથી એ

નિરાકાર ભાવના છે. અને તે રીતે હૃદયથી તેની મદદ લેવાનું આપણે રાખીશું અને તે રીતે તેનો સાક્ષાત્કાર, જીવનના પંથમાં, સાધનાના વિકાસમાં કે મુશ્કેલીઓનાં વમળમાં કે પરિસ્થિતિના ધર્મના ઉકેલમાં કરીશું તો જ તે ભાવનાનો ખપ છે. તેના પ્રત્યેનો હૃદયનો જીવંત સંપર્ક આપણો સતત રહ્યા કરે તે સાધકે લક્ષમાં સતત રાખ્યા કરવું જ પડશે. સાધકના જીવનમાં કંટાળાને, શોકને, નિરાશાને સ્થાન નથી. આ કંઈ માત્ર કલ્પનાની વાતો નથી, પરંતુ નક્કર હકીકત છે. તેનો સ્વભાવ કે પ્રકૃતિ તેને તેવી તેવી સ્થિતિમાં જ્યારે જ્યારે મૂકી દે, ત્યારે તેણે પોતાના હૃદયના ઊંડાણમાંથી જોર કરીને પોતાની ચેતનાશક્તિને પ્રગટાવવી જોઈશે, પોતાની ભાવનાને જ્વલંત કરવી જોઈશે, અને ગુરુની સૂક્ષ્મ ભાવનાની મદદ લેવાની કળા તેણે શીખી લેવી જોઈશે. એવી રીતે સાધક સમજી સમજીને (ઘેલછાની રીતે નહિ) પોતાનામાં ગુરુની સૂક્ષ્મ ભાવનાને જીવતી રાખ્યા કરશે તો જ આપણો શુક્કરવાર વળવાનો છે.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૭-૯-૧૯૪૨*

## નામમહિમા

(ઝૂલણા)

શાસ્ત્ર હું ના ભણ્યો, વેદ વેદાંતને,
ના કશું જાણ્યું છે એ વિશે મેં,
તોય પ્રિય નામનું એક શરણું ગ્રહ્યે,
હૃદય સ્થિર તે થતાં સર્વ લાધે. ૧

તે પ્રભુનામનો કૈંક મહિમા બધો,
કેમ કરી મૂર્ખ વર્ણન કરું હું,
સૂર્ય ઢાંક્યો ન રે' વાદળાંએ કરી,
તેજ થોડા સમયમાં પ્રકાશે. ૨

જો જરા ઊતરી કૈં ઊંડું ત્યાં જુઓ,
નામરૂપે બધુંએ જણાશે,
'નામ' વિણ કૈં કશું વિશ્વમાં શું દીઠું ?
નામ સર્વસ્વ જ્યાં ત્યાં બધેયે. ૩

તોય ના માનવી હૃદયમાં તે ઠરે,
શું કરે નામ એને પછી કૈં ?
દૃષ્ટિ જ્યાં જ્યાં પડે નામ ત્યાં ત્યાં ખરે,
નામ વિના નથી ક્યાંય કશુંયે. ૪

નામ જો હોય ના કંઈ કશાનું કશે,
સર્વ અટકી પડે તે બધેયે,
નામ આધારથી સહુ કંઈ તે થતું,
હુંપણું માનવી મૂર્ખ રાખે. ૫

માનવી મૂર્ખતા ક્ષુદ્ર કેવી દીસે,
ત્યાગ મિથ્યાત્વનો કેમ આવે ?
સૂર્યની આગળે આગિયો ક્ષુદ્ર છે,
તેથીયે તે વધુ નામ આગે. ૬

જાનમાં ઓળખે કોઈ પણ ના છતાં,
ફોઈ વરની થઈ ખૂબ મ્હાલે,
ભારનો પોટલો માનવી શિર લઈ,
વરની મા ના છતાં મ્હોડ઼ ઘાલે. ૭

નામની નાથમાં હૃદય નથ્થઈ જતાં,
દોરશે નામ ત્યાં આપમેળે,

કંઈ કશો ભાર ના કંઈ જ ચિંતા ન ત્યાં,
દિવ્ય નિશ્ચિંતતા નામખોળે. ૮

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૭-૨-૧૯૪૩*
*સાંજે ૭ વાગ્યે*

## તીર્થયોગ્ય ભાવવર્તન

પ્રિય,...

..........બહેનનાં માતુશ્રીનું જીવન પણ એક તપરૂપે જ વહ્યાં કરેલું છે. એમને પણ અનેક મથામણોમાંથી પસાર થવું જ પડ્યું હશે. ભગવાનની સાધનામાં બધું જ પ્રેમથી, ઉમળકાથી હોમવું પડે છે.

હું તમને જે કહું તેનો સ્વીકાર ગમે તેમ કરવાનો હોય નહિ. એની સત્ય વાસ્તવિકતા ગળે, હૃદયમાં ઊતરે તો જ કરવાનું. હું કહું માટે જ તે કરવાનું હોય નહિ. પણ એ શા માટે, શો હેતુ વગેરે સમજીને જો તે સ્વીકારાય તો જ એનો અર્થ.

સાધનાનો હેતુ માનવીના સ્વભાવથી નોખાપણે વર્તાયા જવાય તે છે. ઇંદ્રિયો, મન, ચિત્ત, અહંકાર, પ્રાણ વગેરેનાં આંદોલનો ક્યાંયે આપણને સ્પર્શ ન કરે એવું થવાવા માટે સાધના છે. અને તેમ થઈ શકે તો જ સ્થૂળમાંથી સૂક્ષ્મનાં દર્શન થઈ શકે. અને એટલા માટે જ સ્થૂળ શરીર મળેલું છે. જેમ લાકડાને કાપવા માટે લાકડાની જરૂર રહે છે તેમ સૂક્ષ્મમાં જવાયા પછી જ સાધનાની ખરી શરૂઆત થાય છે. ધ્યાન, ત્રાટક વગેરેમાં જો એક વખતે એકાગ્રભાવ, એકાત્મભાવ, ભાવનું ગાઢપણું હૃદયમાં હૃદયથી લાગે તો તે જ સાધનો દ્વારા સ્વભાવ-પ્રકૃતિનું રૂપાંતર થવું ઘણું જ સહેલું થઈ પડવાનું છે, પણ અત્યારથી તે બતાવી દેવાય નહિ, કારણ કે પેલું બધું કાચું રહે અને પેલાં સાધન કરવામાં જીવની લોલુપતા થયા કરે. માટે, તમે બધાં એટલું કામ કરી આપો તો બીજું પણ ભગવાનની કૃપાથી સમજાવાય. એ કંઈ બસ નથી. સાધનામાં-સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવા માટે જ સ્થૂળ મળેલું છે. સ્થૂળની જરૂરિયાત ઘણી જ છે. એના વિના આપણે એક પછી એક પગથિયાં ચઢી જ ન શકીએ. ભગવાનની વ્યવસ્થામાં સર્વ કંઈ યથાયોગ્ય જ ગોઠવાયેલું છે.

સાધનામાં જ્યારે સાધક ઊંડો ઊતરતો જાય છે, ત્યારે તેના તે તે વખતના પ્રત્યેક ક્ષેત્રની મર્યાદાઓમાં એના અંતરમાં જે યુદ્ધ ચાલી રહેલું હોય છે તેનું પ્રતિબિંબ બહાર પડ્યા વિના રહેતું જ નથી. એ પ્રતિબિંબ જ નથી. એની બહારની દુનિયામાં જે કંઈ થાય છે કે જે કંઈ તે જુએ છે, તે એની અંદરની દુનિયામાં થતાં યુદ્ધનો વ્યક્ત આકાર જ છે. એટલે એને બહાર પણ ખરેખરું યુદ્ધ ખેલવાનું આવે છે.

બહાર પણ બીજાંઓના કરતાં વધારે મુશ્કેલીઓનો સામનો કરવાનો એને આવે છે અને એ ઉપરથી તો એ પોતાની રગ પારખતો રહે છે, પણ એ ઊંડી વાતોમાં આપણે હાલ પડવાની જરૂર નથી. વળી, તે આપ્ત મંડળમાં જ-સાધક સાધક વચ્ચે-થઈ શકે.

મુખ્યત્વે કરીને તો દિવસ ખૂબ ખૂબ પ્રાથર્નાની ભાવનામાં જ ગળાયા જવાય એવું હૃદયથી રાખ્યા કરશો. આખો દિવસ મનમાં એકાગ્રભાવે તે રટાયા કરાય, એનું જ ચિંતવન થયા કરે અને એમાં જ લીન રહેવાયા કરાય તો જ ઉત્તમ. તે દિવસે શરીર હલકું રાખશો. શરીર થાકી જાય એવી બહુ મહેનત ન કરશો. વારંવાર પ્રાર્થનાનું હૃદયમાં રટણ કર્યાં કરશો. તે બાબતમાં ખૂબ ઝંખના વધાર્યાં કરશો. એ ભાવનાથી વિરુદ્ધ કશામાં ક્યાંયે આડફંટે દિલને ફંટાઈ જવા દેશો નહિ. એટલી મહેરબાની કરશો. એવું કરવા જતાં, ન ઈચ્છતાંયે બધાંની સાથે મળ્યા કરવાનું બન્યા કરે તો તેથી કંટાળો ન આણશો. સંકોચ ન પામશો કે દિલગીર ન થશો, પણ એવી પ્રવૃત્તિમાં પણ હૃદયથી અંતરનું કામ જ ચલાવ્યા કરાય એમ ભાવનાથી મથ્યા કરશો. રાત્રે સૂતી વખત સુધી પણ એ જ ભાવ અખંડપણે ધોધમાર રીતે ચાલુ રહ્યા કરે તેવો સરળ સહજ મહાપ્રયત્ન કરી કરીને તેવું રહેવાનું ચાલુ રાખશો. છેલ્લે દિવસે કશામાં પણ કશાથીયે ઉદ્વિગ્ન થઈ જવાનું ન કરશો કે કરાવશો. આખાયે વાતાવરણમાં પ્રસન્નતા, આનંદ, ઉલ્લાસ પ્રવર્તાયાં કરાવશો. મનમાં કંઈ કશાનો ભાર ન રહે. હલકું ફૂલ જેવું રહ્યા જ કરવાનું છે. આ બધું પ્રેમભાવે, ખૂબ વહાલ રાખીને........ બંનેને સમજાવશો અને તે પણ કરતાં

રહે તો જ દર્શનનો લાભ આપણે પામી શકીશું, મેળવી શકીશું. માટે, કૃપા કરીને વીનવી વીનવીને કહું છું કે તે દિવસે દઢપણે ભાવનાથી પ્રાર્થનાને હૃદયથી ઘૂંટ્યા કરવાનું (એટલે માત્ર ગોખ્યાં કરવાનું નહિ એ હવે કહેવાપણું રહ્યું નથી.) રાખ્યા કરશો. આની મહત્તા, ગંભીરતાને બીજી રીતે કેમ કરી સમજાવું ? માટે, બસ એક જ વિનંતી છે કે 'આબરૂ રાખજો.'

આપણે જો શ્રદ્ધા રાખીએ તો એ તો આપણને ઘણું બતાવે છે. અને પોતામાં ભેળવવા આપણું એને (પ્રભુને) આપ્યા કરે છે, પણ એની પણ ઊંડી જે અસર થવી જોઈએ તે આપણને થતી નથી, કારણ કે એની હૃદયથી યોગ્ય કદર કર્યા કરીને, એના સ્વરૂપની કિંમતની મહત્ત્વની દૃષ્ટિએ તે સ્વીકારાયેલું હોતું નથી- સાધકની બાબતમાં આવું થવું ઘણું જરૂરનું છે. તો જ એનું બદલાવવાનું સરળ બની શકે, તે વિના શક્ય નથી.

જ્યારે તમે અહીં હતા અને તમારા વિચારો, પહેરવેશ વગેરેની બાબતમાં તે વખતે તમે જેવા હતા તેમાં સૌ........ બહેન તરત આનંદથી સ્વીકાર કરી લેતાં હતાં અને પોશાકમાં સાડી વગેરે ન પહેરીને તથા બીજી બાબતમાં પરણેલાં હોવા છતાં જે બધું કરતાં અને તમારું ઝટ સ્વીકારતાં અને તમારું માનવાનું બન્યાં કરતું તો હવે પણ આમાં શેનો વાંધો નડે ? પણ પેલામાં મનના સ્વચ્છંદીપણાને ટેકો-રસ-મળતો હતો એટલે તે આનંદથી થતું હતું. તેવા આપણા વર્તનથી આપણે કેટલાંને દૂભવ્યાં હશે એનું આપણને ભાન પણ નથી. જોકે તેમાં તો બીજાંની લાગણીની સ્પષ્ટ અવગણના હતી તેમ છતાં તે થતું હતું-ત્યારે અત્યારે તો વધુ ઉમળકાથી થવું ઘટે.

એક જ જાતનું સોનું હોય - એક જ ટચનું-પણ કસોટી ઉપર એ સોનાને જેટલો ઓછોવત્તો ભાર દેવાપણું આપણે રાખીને એની કસોટી લઈએ તો એવી રીતનાં કસોટીનાં ચિહ્ન ઉપરથી તે જ સોનું જુદા જુદા ટચનું હોય એવું જણાય છે અને આ હકીકતે સાચું છે. એમ ગઈ કાલે રાત્રે ત્રણેક વાગ્યે..... એ જણાવેલું અને તમને પણ એ સમજ તો હશે. આ સમજણ મને તો ઘણી હૃદયથી ગમી ગઈ છે અને એનું રહસ્ય પણ અનેરું છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એનો અનુભવ થતો હોય છે. સાધકને એવા અનુભવો જ્ઞાનપૂર્વક થતા રહે, એની સમજણ પડ્યા કરે, તો જ લાભ થાય. બાકી તો ઉપર ઉપરથી જ બધું ચાલ્યું જાય અને પોતે કોરો રહ્યા કરે.

દરેક જ્ઞાન મળે તેમાં વિવેક અને મર્યાદા તે તે જ્ઞાનના ક્ષેત્ર પૂરતાં હોવાં જ ઘટે અને તે વિવેક મર્યાદાની યોગ્ય સમજણ ઉપરથી જ જ્ઞાનની શુદ્ધતાની સમજ સાધકને પડતી રહે છે.

(શિખરિણી-મંદાક્રાંતા)

તમે વ્હાલાં વ્હાલાં મુજ હૃદયમાં આટલાં કેમ તે છો ?
તમો સૌમાં જીવું, તમ મહીં મરું, તોય જુદો જીવું છું,
તમોમાં સૌ સાથે જીવન જીવતાં મેળ જે કૈં સધાયે
હૃદે તેવી વેળા પ્રગટી કરણે સૂક્ષ્મ ભાવો વવાયે. ૧

વળી જ્યારે જ્યારે તમ સહુમહીં મૃત્યુ સાથે જીવું છું,
કૃપાના જોરે ત્યાં પ્રતિક્ષણ ઊંડું તે ઘટાવા મથું છું.
છતાં બંને તેવી સ્થિતિ થકી જુદું કેમ રે'વાય જીવી,
કૃપાથી એણે તે સમજણ દઈ શીખવ્યું છે હૃદેથી. ૨

આ હકીકતપણે સાચું છે કે નહિ તે ત્યાં કોઈને પૂછી જોશો, પણ આ ઉપરનું વંચાવીને નહિ. એમ ને એમ, કે આવું ગુરુ કરતા હશે ખરા ? એટલે જેટલો મેળ સધાયા જાય તેટલું ઉત્તમ તો ખરું અને સાધનાની દૃષ્ટિએ તમે બંને એક સમજનાં એક દૃષ્ટિ, વૃત્તિ અને વર્તનનાં થઈ શકો તો એમાં લાભ 'ગુરુ'ને જ છે કે એને ઘણી સરળતા મળ્યા કરે. સૌ કોઈ પોતાના જ લાભ ખોળેને ? પણ આમાં તો લાભ આપણાં બધાંયનેયે સરખા જ છે.

---

હરિઃૐ

*બાર, તા. ૩૦-૧૦-૧૯૪૨*

# જીવનસાથી પ્રત્યેનો ધર્મ

(અનુષ્ટુપ)

દિલની વાસના ઊંડી છૂપી વાસ લીધાં કરે,
હૈયે જાણે અજાણે તે ચગવે ઉદ્ભવાવીને. ૧

આપણે દિલ બીજાંનું નથી જોવાનું કોઈએ,
આપણું દિલ જોવાનું રાખી જાગૃતિ આપણે. ૨

વેતરાતાં કશું ઊંધું ડો'ળાઈ નવ ત્યાં જવું,
ભૂલ ક્યાં શી થઈ એનું, મૂળ શોધી જ કાઢવું. ૩

મૂળ ઉચ્છેદવાને ત્યાં મથ્યાં તે કરવું સદા,
સર્વ કૈં બાબતે એવું જીવને તો વિચારવું. ૪

કેવા કેવા થરો ઊંડા ! આપણે તે ઉકેલવા,
ઊંડું ઊંડું નિરીક્ષાથી પ્રવેશો મહીં આપણા. ૫

આપણે આપણી જાત પૂરેપૂરી પિછાનવી,
કહીંએ દોરવાઈ ના એનાથી કૈં જવું કશે. ૬

સાધન પ્રેમનું વાચા લૂલું પાંગળું તે ખરે,
ઊતર્યા વિણ હૈયામાં પ્રયત્ન વ્યર્થ ત્યાં દીસે. ૭

મન, બુદ્ધિ અને ચિત્ત અહંકારાદિ સર્વની,
ભૂમિકા બદલાવીને જીવને મથવું તહીં. ૮

શુદ્ધ એ સર્વને પૂરાં આપણે કરવાં રહ્યાં,
પહેલાંનાં બધાં કર્મો તો રંગાયેલ જાણવાં. ૯

એમ સાત્ત્વિક પૂરું જ્યાં થવાશે આપણા થકી,
સૂઝશે આપમેળે ત્યાં, યોગ્ય શું ને અયોગ્ય શું. ૧૦

કેળવતાં રહેવાનું આપણામાંનું તે બધું,
કમીના રાખવાની ના લેવા સર્વ ઉપાય ત્યાં. ૧૧

એકની એક વાતે તે ઝાઝું ત્યાં નહિ ચૂંથવું,
સ્પષ્ટ કહેવાનું જે હોય તે કહી શાંત ત્યાં થવું. ૧૨

બીજાંની માન્યતા પેઠે ચાલવાનું ન જીવને,
આપણે માર્ગ જે લીધો તે રીતે ચાલવાનું છે. ૧૩

બીજું તો માગતું ર્‌હેશે એની રીતે ચલાવવા,
આપણે ડગવું ના ત્યાં ર્‌હેવું મક્કમ ત્યાં સદા. ૧૪

યોગ માર્ગે જવું જો હો એનાથી અન્ય રીતમાં,
તમને કો જવા પ્રેરે, ના કહો દૃઢતાથી ત્યાં. ૧૫

દુભાતાં દિલ બીજાંનું એવું કૈં કરવા જતાં,
પ્રેમ ઊંડો હૃદે ધારી એવાંને સમજાવવાં. ૧૬

રાખે જો ચાલવાનું તે, આપણે પથ તો ભલે,
થઈ જો ના શકે એવું, તો ના થોભવું આપણે. ૧૭

સાથીનો સાથ લેવાને સાથ દેવા કહ્યા કરી,
આપણે તો રહેવાનું સ્વ-માર્ગે દૃઢતા થકી. ૧૮

મૂકી દેવું નથી એને ઇચ્છા એવી નથી હૃદે,
મથે ના તોય એ પોતે, ધરો ચિંતા ન આપણે. ૧૯

બેળે બેળે બીજાને ના શકીશું લઈ આપણે,
હશે જો આવવું એને તો પોતાની મેળે આવશે. ૨૦

એ સાથે માથું ના ફોડો, જોતાં નિશ્ચય આપણો,
સાથે ર્‌હેવું હશે એને તો પોતે સમજી જશે. ૨૧

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૫-૨-૧૯૪૩*

## સાધુ પ્રત્યેની દૃષ્ટિ

પ્રિય...

તમે ગયા છો ત્યાં કશું લઈ જવા કરવાની કશી ભાંજગડ ન કરવી એવું તમારા તરફથી એ વિશેની અગાઉથી નક્કી કરેલી ગોઠવણ વિશે જાણ્યા પહેલાં, ભગવાને કહેવડાવેલું. હવે જાણવા મળે છે કે તેવું થયું હોત તો કશી અડચણ ન પડત, કારણ કે ત્યાં બધું આસાનીથી મળે છે. ચાલો આનંદ છે.

તમે જે ત્યાંથી લાભ લેવાનું સમજ્યા છો તે બરાબર છે, પણ કૃપા કરીને કોઈને ભૂલેચૂકે પણ, નાનોમોટો, ઊંચે ચઢેલો કે નીચે રહેલો સાધક છે એવી કલ્પના મનમાં રાખશો નહિ. ભગવાનના ભાવનો જ ખ્યાલ રાખવો. એવી ગણતરી કરવી એ ઠીક નથી. એટલે ખૂબ ખૂબ લાભ લેજો. મને એમાં તમે જે છાપરે ચઢાવવાપણું રાખો છો તેવું કશું નથી. આપણે ક્યાં વળી જુદાઈ છે ? તમે મારે માટે કેટલું કરો છો ? એટલે આપણે જે કામ માટે મળવું બન્યું છે એને જ આપણે સાર્થક કરતાં રહીએ એવાં આપણાં મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર બનતાં રહે તો જ એ સંબંધ ખપનો છે, નહિતર એ તો વેઠ જ ગણાય. અને સાધકોને રહસ્યમય અને માત્ર ઉપરછલ્લી રીતના પ્રશ્નો નહિ પણ સાધનાના માર્ગમાં આવતી સાઠમારીઓમાંથી આવિર્ભાવ પામતી સમજણો-સ્વભાવનું જોર ઓછું થતું જવું-સ્વભાવ, મનના વળાંકોનું સમજણ પડતું જવું અને એને કેવી રીતે રચનાત્મક વળાંકમાં વાળ્યાં કરવાનું બન્યા કરવું, તથા સર્વ ભાવે સર્વ રીતે સૌ કંઈ કેમ સમર્પણ કરાયાં જવાય ? સાધનામાં ગુરુની આવશ્યકતા જરૂરની ખરી ? અને હોય તો કેટલી હદ સુધીની ? ‘ગુરુ જ સર્વશ્રેષ્ઠ’ એટલે શું ? એનું શરીર મન બુદ્ધિ કે શું શું ? એવી એની સર્વશ્રેષ્ઠતાને એની દિવ્ય ચેતનાનો અનુભવ કેવી રીતે થવા દેવો અને એને હૃદયમાં દૃઢાવવા, એને જ સર્વ રીતે સંપૂર્ણ શરણે રહેવાવા કેમ મથ્યા કરવું !’ વગેરે વગેરે જરૂર પૂછવું, અને તે ઉપરાંત પણ આપણે જો આપણામાં મચેલાં હોઈશું અને જાણવાનો રસ હશે તો જરૂર પૂછવાનું મન થવાનું જ છે. તેમાં માત્ર

ઉપરછલ્લી રીતની ખંજવાળની લાગણી ન હોવી જોઈએ. શાહીચૂસ જેમ શાહી ચૂસી લે છે, એવી હૃદયની જિજ્ઞાસાવાળી ભૂમિકા અને મૃદુતાભરી ભાવના સાથે રાખ્યા કરવી.

પૂજ્ય...... સાથે બોલવા કરવાનું ઓછું થશે, કારણ કે રાત્રે તમે બધાં ડાયરી કે એવું લખશો. તો તે બાબતમાં પણ ખુલાસો કરી લેશો, કે જેથી એમની અવજ્ઞા ન થાય. ત્યાં માત્ર લહેર કરવા ગયાં નથી પણ તપ કરવા ગયાં છો તે મનમાં દૃઢાવશો. ઘણા વખતથી એક ઠેકાણે પુરાયેલા માણસોને થોડુંક બહાર નીકળવાની જરૂર જણાય છે - એવું આ માત્ર બહાર નીકળવા માટેનું પણ નથી તે પણ ખ્યાલમાં રાખશો. ભગવાનને ત્યાં જવાનું ઊભું કરાવવામાં કંઈક હેતુ હશે જ. આપણે શું જાણીએ ?એટલે એ રીતે જે તે બધું કરવાનું રાખશો.

........નું પૂરું મટી ગયું ન હતું છતાં યાત્રાના એ બે ત્રણ ચાર દિવસ માટે ભગવાને ઠીક કરાવડાવ્યું. એ અનુભવ......માટે ખાસ હતો. આ અનુભવ એ ખ્યાલમાં દૃઢાવે તો સારું. ભગવાને કૃપા કરી છે એવું એમના કાગળ ઉપરથી જણાય છે. આપણે ચાળણી જેવા રહીશું તો તો કામ ઊંધું થવાનું છે. એ પણ ગઈ કાલે લખ્યું છે.....

મારો એવો અનુભવ છે કે બહેનો નાહવા કરવામાં પુરુષ કરતાં વધારે વાર લગાડે છે, પણ એ વાત કોરે મૂકો, પણ કહેવાનું તાત્પર્ય એ છે કે ખાસ કરીને આવા યાત્રાના ધામમાં બહેને બને તેટલી રોજનાં કામમાં ઝડપ વધારીને, વખત બચાવીને તેટલો સમય બહેનોને અને ભાઈઓને મળવું કરવું, જરૂર પૂછવું, ખચકાવું નહિ. સાર ગ્રહણ કરવો. દિલ ઉપર

કશી ચિંતા, ભાર કે જૂના ખ્યાલો કે અથડામણના વિચારો જરાકે રાખવા દેવા નહિ. જો તેવું રહ્યું હશે તો યાત્રામાંથી ઉત્તમ સાર નહિ લઈ શકાય. ખૂબ ખૂબ ઉત્સાહી, આનંદી રહ્યા કરવું જોઈએ. ઉમંગ તો જાણે માતો ન હોય. આપણાં અંગેઅંગ થનગનાટ કર્યાં કરે, નાચીકૂદી ઊઠે એવી તનમનાટની વૃત્તિ રહ્યા કરવી જોઈએ. તો જ કામ થઈ શકવાનું છે. શરીર તો રગશિયું ગાડું છે, એનામાં જે પરોવાઈ રહે છે તે શરીરને જ મેળવે છે, શરીર જેવો (જડ) રહે છે અને થાય છે, પણ શરીરને સાધન માની એને એ રીતે જે રક્ષે છે, સંભાળે છે, સેવા કરે છે અને એને એ રીતે જ્યાં જ્યાં એની કુટેવો હોય તે સુધારી લે છે અને એને દિવ્યતર બનાવ્યા કરે છે, તે જ ઉત્તમ સાધક ગણાય. જોકે તેથી શરીરની અવગણના તો થઈ જ ન શકે. એવું જે સાધક થઈને કરે તે સાધક સાધનાનો મર્મ સમજ્યો નથી એમ જાણવું. માટે આળસ 'હોતી હૈ ચલતી હૈ' 'એવું બધું એની મેળે થશે' 'કંઈ ધાડાધાડ નથી' 'કોઈ ગભરાવશો નહિ' એવું જો હજુયે રહ્યા કર્યું તો અમારી કેડો વધારે ભાંગીને ભૂકો થઈ જવાની છે તે જાણશો. અને હવે કૃપા કરીને મારા ઉપરની મન વગેરેમાં જે કંઈ આંટી હોય તે સમૂળી છોડી નાખવા માતાજી ! કૃપા કરશો.

............ના કાગળ હવે તેમને મોકલીશ નહિ. એટલે મારે બમણી મહેનત લેવાની રહી. હું કંઈ તે એમને જ મોકલતો હોઉં એવું થોડું જ હતું ? એ કહેવાનું કોને અને મોકલવાનું કોને ? - પણ ચાલો.... હરિઃૐ. જે થાય છે તે

સારાને માટે જ. તમારો દોષ થયો છે કે ભૂલ કરી છે એવું કૃપા કરીને માનવાનું નથી.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૮-૮-૧૯૪૮*

## વૃત્તિનો ઉપયોગ

(અનુષ્ટુપ)

અંધારું ફેડવા કાજે, અંધારું કાઢવું પડે,
અંધારામાં હજી શાને મારો બાથોડિયાં તમે ? ૧

અંધારામાં પ્રવેશાતાં એને અંધારું જાણીને,
ચેતતો જે રહે પૂરો અંધારાથી બચી જશે. ૨

કોઈ ને કોઈ રીતે તો પરીક્ષા શી પ્રભુ કરે !
કેવી કેવી રહે વૃત્તિ તેવા પ્રસંગ સાંપડ્યે. ૩

એવા પ્રસંગમાં જેઓ વૃત્તિને સાચવી શકે,
ફેંકાતા વૃત્તિથી ના ર્હે એવા તે ઊગરી શકે. ૪

પોતાનો કોઈ જો હોય સાચો એવો પરીક્ષક,
પોતે છે એક જો જીવે સાચું જાગૃતિપૂર્વક. ૫

ઊઠતી સર્વ વૃત્તિઓ 'પોતે કેવા' જણાવશે,
તેથી જે વૃત્તિને પૂરી બેસે સાચવી, તે જીવે. ૬

વૃત્તિથી જે લહેરાય તે સંકોચાય વૃત્તિથી,
વૃત્તિને શક્તિ માની જે કામ લે, જીવતો નકી. ૭

બને વૃત્તિતણો દાસ વૃત્તિમાં જે તણાય તે,
બુડાડે વૃત્તિ એને તો ઊંચે તે આવવા ન દે. ૮

વૃત્તિથી આવરાતો જે વૃત્તિથી કેમ ઊગરે ?
એવાને તો વિના વૃત્તિ બીજું તે કેમ સૂઝશે ? ૯

વૃત્તિકેરા વળાંકોમાં કેવી શી લહરી ઊઠે,
પોતે ત્યાં મ્હાલતો કેવું એનાથી પરખાય તે. ૧૦

પ્રભુ પ્રસંગ આપે છે પોતાને જાણવા હૃદે,
ત્યાં ઉપયોગ એનો જે કરે એવો, તરી શકે. ૧૧

પ્રસંગ હેતુને જેઓ એ રીતે જાણતા હૃદે,
હેતુને તે ફળાવામાં એક ચિત્તે રહ્યા જશે. ૧૨

આડફંટે તમોને શા ફંટાવવા જ પ્રકૃતિ,
ખેલે શા દાવપેચો તે જાણમાં આવતાં નકી. ૧૩

વૃત્તિ સ્ફુરાવવા એવા પ્રસંગો મળશે સદા,
નથી પ્રસંગનો વાંક, વાંક કે 'નથી જાગતા'. ૧૪

વૃત્તિથી હીર ખોવાય, જીવનનૂર વૃત્તિ શું,
વૃત્તિથી સૌ કમાવાય સાચું હો હીર આપણું. ૧૫

વૃત્તિ સંભાળજો તેથી ચગી ના વૃત્તિથી જશો,
વૃત્તિને કામમાં લેજો લાભ મેળવશો પૂરો. ૧૬

---

હરિ:ૐ

*ચોરવાડ, તા. ૨૨-૫-૧૯૪૪*

# તકનો સદુપયોગ

પ્રિય...

આજે બપોરે અહીં આવ્યા છીએ. પવનની ઠંડી લહેરો આવે છે. ઘણે વખતે મીઠા બાજરીના રોટલા, ચોખ્ખું ઘી અને ઘરના ઢોરની મઝાની છાશ અને દહીં જમીને આ કાગળ તમને લખીએ છીએ.

પ્રિયજને પ્રિયજનને માટે હૃદયથી કરેલી શુભવાંછના કદી પણ ફળ્યા વિના રહી શકતી નથી. તમે તમારા તા. ૧૩મીના પત્રમાં પૂજ્ય......અમને પ્રેમભર્યો સત્કાર આપે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી અને એમણે અમને તારથી જ આમંત્રણ આપ્યું. તમારા આવા પ્રેમભાવ માટે હૃદયથી કદર હોવા છતાં કદર નથી એમ પણ કહું તો ઓછું ન આણશો. આપણું જીવન ઘણા માનવીઓ કહે છે તેમ ક્ષણભંગુર છે. જીવનમાં આપણે બીજું કોઈ ધ્યેય સ્વીકાર્યું નથી. પ્રભુને માર્ગે જ જવું છે, તો પછી હવે તેમાં ઉત્સાહ, ખંત, રસ વગેરે પૂરેપૂરો જીવતોજાગતો પ્રત્યક્ષપણે તેવા જીવનમાં ફલિત થતો ન અનુભવાય ત્યારે ત્રાસ તો થાય જને ? શું આપણે બધાં વાતો કરવા ભેગાં થયાં છીએ ? અને આપણા જીવનમાં નક્કરપણું જામતું ન અનુભવાતું હોય તો સુખ આરામની ભાવના કેમ કરીને જાગે ? તમે કહેશો કે 'હું શું કરું કે જેથી ઉપરનું બધું થાય, જે કંઈ બને છે તે કરી છૂટું છું.' બુદ્ધિની ગ્રંથિ તોડાવવા ભગવાને જે કૃપા કરી છે, તેમ છતાં બુદ્ધિના દોર હજી ઢીલા

થયેલા લાગતા નથી. ઘોડા ઉપર બાંધેલું જીન જેમ તંગ હોય તેમ બેસનારને તેમ જ તે સાથે ઘોડાને પણ સગવડતા ભરેલું થઈ પડે છે. એવી રીતે જેની બુદ્ધિમાં શરણાગતપણું પ્રગટ્યું છે, તેને પછી તો જીવનના સર્વ કોઈ ક્ષેત્રમાં પ્રભુનો ભાવ જીવતો રાખ્યા કરવાનું શક્ય બનતું હોય છે. એક વેશ્યા, એક જુગારી, એક કસાઈ કે એક રાજકીય રમતનો ખેલાડી- આવા લોકો પણ, જો તેમની બુદ્ધિ ભગવાનને શરણે ગઈ હોય તો તેમના તેમના ક્ષેત્રમાંયે ભગવત્ ચિંતવન જરૂર હૃદયથી કરી શકે છે. એટલે આપણે બુદ્ધિને પકવવાની છે. એ બુદ્ધિ પાકવાને માટે કે પકવવાને માટે ભગવાન સાધકને પ્રસંગો તો જરૂર આપે છે જ, પરંતુ આપણી જાગૃતિ, ઉત્કટતાભરી તૈયારી, તેટલા પ્રમાણમાં ન હોવાથી તે પ્રસંગો આપણા માથા ઉપરથી સરી જાય છે.

એક જ દાખલો આપીશ. ભગવાન આપણને તેની સેવા કરવાની અણધારી તક આપે છે, પણ આપણને કશી ગતાગમ હોતી નથી. તા. ૬ઠ્ઠીનો દિવસ હતો. દૈવાસુર સંપત્તિના યુદ્ધજીવનમાં તે દિવસ દૈવી સંપત્તિની જીતનો હતો. એટલું જ નહિ પરંતુ એક મહાન જુગ જુગ જૂની આર્યપ્રજાના મૃતવત્ જીવનમાં ચેતના પ્રગટાવનાર ભગવાનની વિભૂતિ કહો કે કોઈ શરીરધારી દૈવી શક્તિ કહો, તેને પરાણે છોડવી પડી.★ તે દિવસે આપણાથી કોઈ સુંદરમાં સુંદર કાર્ય થાય તો ભગવાનની એ પરમ કૃપાના શુભ આશિષ પગલાં તરીકે આપણે એને સમર્પણ કરી શકીએ. સારીએ પ્રજાની શક્તિ

---

★ પૂજ્ય ગાંધીજીને સરકારે તે દિવસે જેલમાંથી છોડ્યા

એને છોડાવવા અશક્ત બની હતી. ભગવાનના આપણી પ્રજા ઉપરના એવા અહેશાનના બદલામાં તેવે દિવસે કશુંક પણ શુભ કર્મ કરવાનું બની આવે તો ઉત્તમ. પહેલાં તો આપણે સાધક હોવા છતાં આવો વિચાર જ આપણને ન આવે એ જ આપણા બધાંની બલિહારી છે. બીજા પ્રકારના જે હશે તેમની વાત આપણે કરવાની નથી. જગત ઉપરની જીવતીજાગતી સર્વ વિભૂતિઓ આપણે મન તો પ્રભુની છે અને તેમનામાં પ્રભુભાવનું આરોપણ આપણે રાખવાનું છે.

અણધારી તક આ રીતે મળી. આગગાડીના ડબ્બામાં તો પ્રિય અને હું બંને હતાં. પાસે વાતો થયા કરતી હતી, પરંતુ જે ચકોર અને જાગેલો હોય તેનું જ તેમાં ધ્યાન દોરાય, અને વળી તેમાં તો આજના દિવસનું પર્વ કોઈ અનેરું હતું. તે દિવસે સેવા કરવાનું સહજ મેળે મળી જાય તો તે એક સદ્‌ભાગ્ય ગણાય અને શ્રીભગવાનને ચરણકમળે તે એક અણમોલી ભેટ ધરેલી પણ ગણાય. એવી તક અને પ્રસંગ પણ શ્રીભગવાનની કૃપાએ જ આવ્યો. એક સત્તર વર્ષની કુમારિકાના જીવનને બચાવી લેવાનું બન્યું. એટલું જ નહિ પરંતુ તે કુમારિકાના જીવનને કોઈ પણ રીતે સંસારવહેવારમાંથી પણ નીકળી જવાનું ના બન્યું અને જેની સાથે વિવાહ થયેલો તેની સાથે જ આખરે તો તેને પરણવાનું થયું. એ આખો પ્રસંગ ખુલ્લી રીતે લખવામાં તો સંકોચ થયેલો નથી, પરંતુ આ કાગળ હવે છપાવવાની ભૂમિકા સુધી આવેલો છે, એટલે તેમાંની વિગત ટૂંકાવેલી છે. બાકી તો તમે આ આખી ઘટના જાણો છે. એ આખા પ્રસંગને ભગવાનની કૃપાએ જ ફળાવ્યો છે, પરંતુ નિમિત્ત બનતાં પણ જેનામાં જાગૃતિભરી ચેતના હોય છે, તે જ યોગ્ય રીતે બની

શકે છે. એટલે આજના શુભ દિવસે આ મંગળ કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તે એને જ સમર્પણ હો.

કૃપા કરીને કશી વાતો સાંભળો તેના ઉપરથી મત બાંધી લેવાનો રાખશો નહિ. સહાનુભૂતિપૂર્વક અંતરસ્થ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં સાંભળવું તો ખરું, પરંતુ તેની સાથે આવરાઈ જવું નહિ અને તે વાતો ઉપરથી જે જણાતું હોય તેના ઉપર મન મદાર ન બાંધી લે, એટલી કૃપા કરીને કાળજી રાખશો તો આનંદ થશે. વાતો કહેનાર વ્યક્તિ ગમે તેટલી કુશળ હોય, બુદ્ધિવાળી હોય, સમગ્રવર્તી હોય અને ઠંડી હોય તેમ છતાં તે વ્યક્તિ સંપૂર્ણપણે કર્મનાં સર્વ પાસાં તોળી શકે કે સમજી શકે એવી અલિપ્તતા, અનાસક્તિ જ્યાં સુધી જીવનમાં પૂરેપૂરી કેળવાયેલી નથી ત્યાં સુધી આપણી ધારણાઓમાં ભૂલ રહ્યા કરવાની જ.

હું તો સંસારી જીવ છું. જેને મેં મારાં માન્યાં છે, તેને જીવનમાં અન્યાય થતો સહી શકાતો નથી. તેના દોષો સહી શકું છું, બેદરકારી સહી શકાતી નથી. દોષ પ્રત્યે જેઓ દુર્લક્ષ રાખે છે, તે પણ કેટલીક વાર તો કંપારી ચડાવે એવું બને છે. અમેરિકામાં વિજ્ઞાનશાસ્ત્રીઓ વૃત્તિના ઉશ્કેરાટથી હૃદયની સ્થિતિ માપવાના એક યંત્રની ખોજમાં છે, એમ ક્યાંક મેં વાંચ્યું હતું. તે વહેવારમાં જો ઉપયોગમાં આવે તો મારા જેવાને તમને બધાંને બતાવવાને માટે બહુ જ અનુકૂળ થઈ પડશે. તેને તો બુદ્ધિથી માનવું જ પડશેને ? તો કદાચ આપણી બુદ્ધિ વહેલું ભગવાનના શરણમાં જવાને પગલાં ભરે ખરી.

સાધક થયા પછીથી અને સંસ્થાનું કામ છોડી દીધા પછી તે વિશેના બાંધેલા મતો આપણે કદી સંઘરવા નહિ. સંસ્થાની રીતે જે કંઈ ઉકેલાતું હોય તેમ જ થાય તે ઈષ્ટ છે. સૌ કોઈનો ભગવાન છે. એમનું શ્રેય ભગવાન સંભાળશે જ. કોઈ કદર કરે કે ન કરે તે વિશે આપણી સંપૂર્ણ તટસ્થતા રહેવી ઘટે. ગત જીવનનાં જૂનાં સ્મરણો આપણને આવે અને તે રીતે આપણે વિચારીએ તે સાધકને માટે ઈષ્ટ નથી. ત્યાં આપણે બને તેટલું જ્ઞાનપૂર્વક ભગવાનને સોંપીને નિશ્ચિંત રહીએ. તે વિશેનો આપણો મત જ ન રહેવા દઈએ. મત રહે એનો અર્થ જ એ કે આપણે ભગવાનને તે તે બધું સોંપી શક્યા નથી.

ભગવન્મય જીવનમાં કદી હારને સ્થાન નથી. હારમાંથી જ તે જીતનાં પગરણ માંડવા માંડે છે. કાળજીપૂર્વક ભગવાનની ભાવના રાખ્યા કર્યા વિના તે કેળવાવાની નથી. અને તેને માટે ભક્તિ મોટામાં મોટું અંગ છે. ભક્તિ વિના ભાવ સતત ટકવાનો પણ નથી. ભક્તિ વિના જે કંઈ અનુભવો જીવનમાં થયેલા છે, તે ઊંડા ઊતરવાના પણ નથી. જીવનમાં એવા અનુભવ થયા હોવા છતાં જીવનને તે સ્પર્શતા નથી, એનું કારણ આપણામાં ભક્તિ નથી તે છે. આપણે બધાં જેટલી ભગવદ્‌ભાવના જીવનમાં ધાર્યા કરીશું તો મારું શરીર થનગન નાચવા મંડવાનું છે. એટલા માટે જ તમારાં બધાંની પાસે મારી એ પ્રેમની ભિક્ષા છે. તમારે માટે હું કશું કરી શક્યો નથી, તેમ છતાં તમે મારે માટે ઘણું કરી શકો એમ છો અને પ્રેમ બીજાનું ક્યાં જુએ છે ? એટલે તમે બધું જ કરી છૂટશો એવી અમર આશા રાખીને જીવું છું.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૨-૯-૧૯૪૨*

# માયાનાં સ્વરૂપ

(શિખરિણી-મંદાક્રાંતા)

તને મારે કેવી સમજવી ઘટે સર્વ બાજુ થકીએ ?
પ્રભુની માયાની અકળ ઘટના કેમ ભેદી શકું તે ?
રૂપો એમાં જુદાં સમય સમયે પાર તેનો ન દીસે,
અનાદિ એ માયા જરૂર દિન કો અંતવાળી જ થાશે. ૧

પડે છાયા જેવી તરુવરતણી નાનીમોટી દીસંતી,
ઘડીમાં તે હૈયે દઈ શીતળતા લુપ્ત થાતી વળી તે,
ન તે પોતે જાણે સ્વરૂપ નિજનું, હેતુ એનો ન પ્રીછે,
રહે છે વર્તી તે અગમ રમતે કોઈ જાણી શકે શું ? ૨

બધા નાખેલા દા સકળ જનના સર્વ પાછા પડે, ને,
હિતેશ્રી તે છો હો પણ કદીય ના તે મહીં એક થાયે,
હંમેશાંયે પાડ્યાં નિજની કરતી ભાત નોખી પથે તે,
સમાવાનું જેમાં ભૂલી જઈ ભૂલે જાતને સર્વ રીતે. ૩

જુએ પોતા માપે જગ સકળને એક માપે હંમેશાં,
કરે છે ધક્કેલ્યાં જગ સકળને એક પંથે જ પોતે,
મથ્યાં થાકી થાકી મુનિજન બધા તોય ના તત્ત્વ પામ્યા,
મહામાયા ! એવી રમી રહી તને કોટિ વારે નમું મા ! ૪

જગે જ્યાં ત્યાં તારા પળપળ રૂપો શાં બધાં છે નિરાળાં !
કશાનોયે જેમાં કંઈક પણ ના મેળ ખાતો જરી જ્યાં,
જુદા જુદા રંગો નભમહીં થતા સાંધ્યકાળે રૂપાળા,
મહામાયા એવાં પળપળ નવાં રૂપ સૌંદર્ય તારાં. ૫

હરિઃૐ

ખાર, તા. ૧૮-૧૦-૧૯૪૨

# હૃદય-આધાર

**(તમે મારા દેવના દીધેલ છો-એ રાગ)**

તમે મારા હૃદય-આધાર છો,
તમે મારાં જીવન-દ્યોતક છો. ટેક.

જીવનની જ્યોતને જલવાને,
સૌ તમે આધાર રૂપ.

કોડિયું તેલ ને દીવેટ સઘળાં,
રાંકનાં સાધન આપ - તમે મારા૦ ૧

ભાવનું તત્ત્વ જો હોય સાચું,
પ્રગટે આપોઆપ,
પણ પાટા તે ગાડીના બનવા,
બનવું પડશે આપ. તમે મારા૦ ૨

પ્રેમનો સ્વીકાર જ્યમ જ્યમ થાતાં,
કરશે એનું કામ,
તૈયારી જાગૃતિ બઢતી જાતાં,
જન્મશે અંતર રામ. તમે મારા૦ ૩

હરિ:ૐ

*ત્રિચિ, તા. ૧૮-૧૦-૧૯૪૨*

## અનુકૂળતા માટે પ્રાર્થના

(ગઝલ)

તમારામાં થવા માટે અનુકૂળતા મને દેજો,
તમારા દિલનું સાચું સ્વજન મુજને તમે કરજો. ૧

તમોને દુઃખ દેવાતાં તમે ના રોષ દિલ ધરજો,
કહેવાનો ઊંડો મર્મ સમજવા યત્ન ત્યાં કરજો. ૨

તમારું સુખ તે મારું તમે સુખ તે થવા દેશો,
મને સુખ ત્યાં જણાતાં ના, કહેવા ત્યાં મને દેશો. ૩

હૃદયપથ મોકળા કરવા મને દાખલ થવા દેશો,
અને એમ ઊતરાતાં ત્યાં થતાં કૈં સૌ સહી લેશો. ૪

તમારે તો બધાંનેયે સહેવાનું હુંથી આવે,
વળી રંજાડવાનું કૈં થતાં માફી મને દેજો. ૫

તમારા રોષને સ્હેવા નથી ત્યાં સ્થાન મારામાં,
ભવાં ઊંચાં થતાં જ્યાં તો હૃદય પામું હૃદય ત્યાં ના. ૬

તમારો પ્રેમ માગું છું હૃદયની ભાવના માગું,
તમારી ઝંખના માગું તમન્ના ઈશની માગું. ૭

તમારે દ્વાર આવીને ભિખારી થઈ હું તો ઊભો,
કરે ખાલી રખડતો ત્યાં ગરીબને શું મૂકી દેશો ? ૮

બધાંને કૈંક ને કૈંક તમોને આપતાં દેખું,
મને ત્યાં એકલાને કાં નહિ આપો, બને તે શું ? ૯

ભિખારી એટલું કહીને પડી મારે નથી રે'વું,
ચહું ત્યાં માગવા ધર્મ પ્રવેશાવા તમોમાં હું. ૧૦

---

હરિઃૐ

*ખાર, તા. ૧૩-૧૧-૧૯૪૩*

## વ્હાલાં-ચેતના ચિનગારી

(મંદાક્રાંતા)

જ્યાં જ્યાં વ્હાલાં, મુજ જીવનની પુણ્ય તે તીર્થયાત્રા,
એ વ્હાલાંનાં ચરણકમળે મારું સર્વસ્વ છે ત્યાં,
એ વ્હાલાં તો પ્રિય પ્રભુતણી પ્રેમ કેરી નિશાની !
એ વ્હાલાં તો મુજ જીવનની ચેતના ચિનગારી. ૧
એ વ્હાલાં તો પ્રિય પ્રભુતણું ભવ્ય પ્રાગટ્યરૂપ,
એ વ્હાલાંઓ મુજ પ્રભુતણી ભાવના સૃષ્ટિ રમ્ય,
એ વ્હાલાં તો પ્રભુજીવનનો પ્રેમનો આર્તનાદ,
એ વ્હાલાં તો મુજ જીવનનો ભાવ-પોકાર આર્દ્ર. ૨

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૨૨-૧૧-૧૯૪૩*

## ક્રિયા-પ્રેમની સફળતા

(વસંતતિલકા)

જે પ્રેમભાવ હૃદ હો તમ, મારી પ્રત્યે,
પ્રેરાવી જો નવ શકે તમ ધર્મ પ્રત્યે,
તો પ્રેમભાવ દિલનો તમ સર્વ મિથ્યા,
એવો ન પ્રેમ ખપનો મુજને જરાયે.

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧-૧૨-૧૯૪૪*

# પ્રેમભર્યું મલદાન

(શાર્દૂલવિક્રીડિત)

જ્યાં જ્યાં સ્પર્શ થતાં જ સાત્ત્વિક થજો સૌ વાસના અંતરે,
ત્યારે એવી જ પ્રાર્થના મન થજો એવું ઊંડું ઝંખીને,
જે ભાવે પ્રભુભાવને જીવનમાં લેશો તમે તે રીતે,
'એ' તેવું ફળ આપશે હૃદયથી તો ચાલજો ચેતીને. ૧

હૈયાનો કચરો બધો ઉમળકે આપ્યા કરો પ્રેમથી,
એને સંઘરી રાખતાં ઉકરડો કેવો બનાવો તહીં !
આપો મેલ ભલે છતાં હૃદયથી તે આપવાના સમે,
ખુલ્લું પ્રેમ પવિત્ર ઉર કરીને અર્પો પ્રભુપાદ તે. ૨

---

હરિઃૐ

*કરાંચી, તા. ૧૩-૮-૧૯૪૦*

# વૈરાગ્ય

આપણામાં વૈરાગ્ય બાબતમાં જુદા જુદા ખ્યાલો રહેલા છે. સાધારણ રીતે લોકો કુટુંબીજનોથી વિખૂટા પડવું અને કંઈ કામકાજ ન કર્યા કરવું એટલે 'વૈરાગ્ય' એમ સમજે છે, પણ તે સમજણ સાચી નથી. 'વૈરાગ્ય' શબ્દના મૂળ અર્થમાં જઈએ તો રાગ એટલે આસક્તિ. અને તે ઉપરથી વિરાગ કે વૈરાગ્ય એટલે અનાસક્તિ. આપણો આ માનવી દેહે જન્મ થયો ત્યારથી જ અમુક કર્તવ્યો તો આપણે ભાગે આવેલાં જ છે

અને જીવીશું ત્યાં સુધી આવવાનાં જ છે. તે આવી પડેલાં કર્તવ્યો કર્યા વગર આપણો છૂટકો નથી. તે તો આપણે પ્રેમપૂર્વક જ્ઞાનભક્તિભાવે ચેતનાથી કરવાનાં છે અને તે ભગવાનને સમર્પણભાવના સાથે કરવાનાં છે, પણ જો આપણને આપણા ધ્યેયની ખબર ન પડી હોત તો આપણે કેટલાંય નવાં બંધનોમાં પડતાં જતાં હોત. એ ધ્યેયનું જાગૃતિપૂર્વકનું જ્ઞાનભાન આપણાં કર્મમાં જેટલે અંશે રહેતું હશે તેટલે અંશે જ આપણા સાધના કામમાં પણ નવાં બંધનોમાંથી આપણે ઊગરી શકીશું. એટલે હવે જ્યારે આપણું ધ્યેય આદર્શ નક્કી થયું જ છે અને એ જ જીવનનો સાચો ઉદ્દેશ છે, એમ આપણને સમજણની ખાતરી થઈ છે, ત્યારે આપણે સમજણપૂર્વક ખ્યાલ રાખવો ઘટે છે કે જેટલાં કર્મ આપણે ભાગે આવેલાં કે આવતાં હોય અને તે પણ યોગ્ય હોય તેટલામાં જ આપણે રહેવાનું છે. અને તે પણ અનાસક્તિ-પૂર્વક કરવાનાં છે. એનો અર્થ એમ નથી કે તે કાર્યો જીવ વિના, જડની જેમ કરવાનાં છે, પણ તે કરતી વખતે પરિણામ વિશે આસક્તિ આપણામાં ન હોવી ઘટે. વળી, તે તે કાર્યમાં આપણી મર્યાદાનો અને જવાબદારીનો તેટલાં કાર્ય પૂરતો જ ખ્યાલ રાખ્યા કરી તે તે જેમ આવતાં જાય તેમ કર્યા કરીએ અને તે વિશે મનમાં કાર્ય કરતાં પહેલાં અને થઈ રહ્યા પછી વિચારો ન કર્યા કરીએ. કશી સગડગ થવા ન દઈએ અને મનને ડામાડોળ ન થવા દઈએ. આપણે જ્યારે જે જે કરવાનું આવે ત્યારે તે તે કરી નાખવું અને મનમાં તે વિશે પછીથી કશું ન રાખવું અને એમ જ્યારે તે તે કાર્યમાં આપણે સમજણપૂર્વક અનાસક્ત રહ્યા કરીશું તેમ તેમ આપણને રંગ ચઢવા લાગશે. જે લોકો એમ વાત કરતા હોય

કે 'એમ કરતાં કરતાં બીજા વિષયોમાં પણ માથાં મારવાં' તેમને એમ ભલે આપણે કરવા દઈએ. તેમને વિશે મનમાં કશો અન્યથા ભાવ ન આણવા દઈએ, પણ આપણે તો એકમાં જો રસ લીધા કરીશું તો જ આપણે અંતર્મુખ થઈ શકીશું, કારણ કે આપણું મન, ઈંદ્રિયો, બુદ્ધિ તથા ચિત્ત જેવી રીતે ગ્રહણ કરે તેવી રીતે મેળવ્યા કરે છે. એટલે એકમાં રસ લેવાનું રાખીએ તો જ ઈંદ્રિયો, બુદ્ધિ, ચિત્ત એમાં રસ લેવા માંડશે. અને તે દ્વારા મન અને મનની અંતર્મુખતા શક્ય થશે. આવી દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી જે જીવન ગળાય તે વૈરાગ્યમય જીવન.

તો હવે સવાલ એ થાય છે કે એવી સમજણ ક્યારે અને કેવી રીતે આવે ? 'ક્યારે'નો સવાલ આપણે કદી ઉઠાવવાનો નથી. એનો અર્થ એમ નથી કે આપણે ઉત્સુકતા, તમન્ના વધે એ માટે કશી ઈચ્છા ન રાખવી કે તે દિશા તરફ લક્ષ ન જ આપવું, પણ એનો અર્થ એ થાય છે કે તેની સાથે આપણામાં અપાર ધીરજ પણ જોઈએ. ગીતાજીમાં જેને 'સાત્ત્વિક' સાધક કહ્યો છે એટલે કે ધીરજ અને સાથે સાથે ઉત્સાહવાળો - એવું આપણે રહેવાનું છે.

જીવનની તમન્ના કેમ પ્રગટે એ વિચારવાનું કામ તો આપણું રહ્યું જ છે. જીવથી જે જે કાર્યો આસક્તિથી થતાં જાય છે, તેનાથી તે સતત બંધાતો જ જતો હોય છે. એની ગૂંગળામણ, અમૂંઝણ અને અકળામણ એમાં વધતી જ ચાલે છે. એની ચિંતાનો પાર જ રહેતો નથી. ઉદ્વિગ્નતા, ક્લેશ, સંતાપ અને મુશ્કેલીઓ એ તો જાણે એને વરેલાં જ હોય છે. એમાંથી કદી ઊંચો જ નથી આવી શકતો. એવા જીવના

સુખના અનુભવમાં કશું સુખ પણ શું ? એના સુખમાં પણ એને નિરાંત નથી, ચેન નથી, પરંતુ જ્યારે જીવને એવું જીવન હૃદયથી સાચેસાચું અને પૂરેપૂરું હૃદયથી ડંખવા લાગે છે અને એવું જીવન એને જ્યારે ખૂબ સાલવા માંડે છે ત્યારે જ તે પોતે કૈંક ઊંચે આવવાની શક્યતામાં પ્રવેશે છે, અને ત્યારે જ એ ઉચ્ચતમ જીવન વિશેની તમન્ના કેમ પ્રગટે એવી આશા પ્રગટી શકે છે. અનાસક્તિથી જેમ જેમ કર્મ થતાં જાય છે તેમ તેમ એનામાં એક પ્રકારની મોકળાશ પ્રગટે છે. એને નિરાંત વળે છે. એને કશો કોઈ જાતનો ઉજાગરો રહેતો નથી. પોતે અનાસક્ત થતો જતો હોવાથી એના રાગદ્વેષ મોળા પડતા જાય છે. એને કશા વિશે કશાનો ભાર લાગતો નથી. એ વધારે ને વધારે નિશ્ચિંત બનતો જાય છે. એક પ્રકારનું એવું હળવાપણું એનામાં પ્રગટે છે કે જેથી એ ઊડ્યા કરે છે. સકળ કર્મ એ સમર્પણ યજ્ઞાર્થે જ કર્યાં કરે છે. ઉચ્ચતમ જીવનની જીવનમાં હાકલ પ્રગટાવવાને માટે અનાસક્તિભર્યું જીવન જીવવાનો જેને અભ્યાસ છે, જીવતો ખંતપૂર્વકનો ઉત્સાહભર્યો, જાગૃતિ ચેતનાપૂર્વકનો જેને ઉત્કટ અભ્યાસ છે, એવાના જીવનમાં તમન્નાની જ્વાળા ભભૂકવાની છે. આપણું મન તે વેળા તે જ દિશામાં રહ્યા કરશે. જે દિશામાં જબરજસ્ત આપણી ગતિ હોય તેમાંથી ઊંધી દિશામાં જવાનું કદી બની શકતું નથી, એ જેમ હકીકત છે તેમ જીવની ગજગ્રાહની એવી મથામણમાંથી, એટલે કે આસક્તિ-અનાસક્તિનાં મંથનોમાંથી અને મથામણોમાંથી જીવ જ્યારે નીકળવા માંડે છે ત્યારે તે પર્વતોની કરાડોમાં અને કંદરાઓમાં પુરાઈ ગયેલી નદી, તે

બધાંને વટાવીને જ્યારે મેદાનમાં વહેવા માંડે છે ત્યારે એના વહેણમાં જે એક પ્રકારની મોકળાશ અને ઉન્મત્તપણું આવે છે, તેમ જીવનમાં પ્રત્યેક સાધક અનુભવે છે. અનાસક્તિ પ્રગટતાં જીવ કશામાં બંધાઈ જતો નથી. એની તમન્નાનો જ્વાળામુખી પછી તો વધ્યા જ કરે છે. એ કશામાં ભેરવાઈ પડતો નથી. એની અંતર્મુખતા પૂરેપૂરી જળવાઈ રહે છે. એવી લઢણમાંથી જ એની અંતરશક્તિ પ્રગટતી હોય છે. તમન્ના અને અનાસક્તિ એ પરસ્પર સંકળાયેલાં છે. એકબીજાંની સાથેનો સંબંધ એકબીજાંથી છૂટો નથી. એક આવે તો બીજું આવે અને બીજું હોય તો પહેલું હોય જ.

અનાસક્ત થતા જતા જીવાત્માને જેમ જેમ પ્રવૃત્તિ આવે તેમ તેમ તે અંતરથી વધારે પૂરી નિવૃત્તિથી વર્તાયા કરાય એવી રીતે જ તે તે વેળા કર્મને તેનાથી આચરાય છે. પ્રવૃત્તિમાં એની હૃદયની નિવૃત્તિ જોખમાતી નથી. નિવૃત્તિની ભૂમિકા ઉપરની તેની પ્રવૃત્તિ બનતી જતી હોય છે. એટલે જ હંમેશાં તે નિશ્ચિંત અને પ્રસન્નચિત્ત રહ્યા કરતો હોય છે, પરંતુ આપણી ચેતનાની ભૂમિકા તો એ બેમાંથી એકમાંની પણ રહેતી નથી અને બંને ભલેને વર્ત્યાં કરતાં હોય તોપણ એ પ્રવૃત્તિ એ પ્રવૃત્તિ પણ નથી અને નિવૃત્તિ એ નિવૃત્તિ પણ નથી. એટલે આપણે જો જીવનની ઉત્તમોત્તમ કક્ષાની ધગધગતી તમન્ના પ્રગટાવવી હોય તો સૌથી પહેલું કર્તવ્ય અને ધર્મ, જીવનમાં જે જે મળેલાં સંબંધો, વહેવાર, વર્તન તથા મળતાં જતાં કર્મોમાં આપણે જ્ઞાનભક્તિપૂર્વક રહ્યા કરવાનો જીવતો અભ્યાસ કેળવવાનો છે. એવી જીવનમાં પ્રગટતી જતી વૈરાગ્યની

ભાવના આપણા મનને બીજા બધા વિષયોમાંથી સંકળાઈ જતું અટકાવવવાને જીવતા સાધનરૂપે બનશે. વૈરાગ્ય વિના જીવનનો ઉદ્ધાર નથી. વૈરાગ્ય વિનાની સકળ કંઈ પ્રવૃત્તિ જીવને બંધનરૂપ જ છે. વૈરાગ્યની ભાવના પણ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રો પરત્વેની એકધારી એકસરખી રહી પણ શકતી હોતી નથી. જીવ એટલે દ્વંદ્વમાં જકડાઈ રહેલી મૂઢપણાની ચેતના. એ ચેતનાને મુક્ત કરવાનો પ્રથમ પાયો અનાસક્તિનો છે.

---

હરિઃૐ

*કાશી, તા. ૨૪-૪-૧૯૪૪*

# एक

(અનુષ્ટુપ)

આખરે એક તો સર્વ, એકમાં સૌ સમાયેલું,
એકથી સૌ પરિવ્યાપ્ત, છતાં કાં અન્ય લાગતું ? ૧

આપણે એક તો પૂરા થયેલા ના બધાં વિશે,
તેથી તો સર્વમાં એક દીસે આપણને ન તે. ૨

એકમાં એક સંપૂર્ણ એકથી એક એકમાં,
એકાકાર થયા વિના જણાયે કેમ એક ત્યાં ? ૩

એકની આગળે શૂન્ય, શૂન્ય પ્હેલાં થવું પડે,
થવાતું જાય છે જેમ શૂન્ય એક ઝગ્યાં કરે. ૪

શૂન્યતામાં રહેલો છે એકનો ગર્ભ ગૂઢ શો !
નકારાત્મક જે માત્ર ભાવ, ‘શૂન્ય’ ન જાણશો. ૫

'કશુંયે જે ન કૈં' એને લોક તો શૂન્ય કહે જગે,
ભાવમાં 'શૂન્યતા'નો તે એવો અર્થ ન સંભવે. ૬

અભાવાત્મક ના જાણો શૂન્યતાને ભૂલેચૂકે,
શૂન્યતા પ્રગટાવે છે ભાવ કો ઓર ગૂઢ તે. ૭

પ્રેરક ભાવ તો શૂન્ય શૂન્યની શક્તિ ઓર શું ?
'ખાલી'માં શક્તિ શી ભવ્ય ! વિજ્ઞાને સિદ્ધ તે કર્યું. ૮

ખાલી ના કૈં થવાયે છે એમનું એમ કોઈથી,
પૂરેપૂરો પુરુષાર્થ તે માટે કરવો પડે. ૯

એકલોયે પુરુષાર્થ કર્યે ત્યાં નવ પાલવે,
ભાન ને જ્ઞાન રાખીને મંડ્યા ર્‌હેવું ઊંડું પડે. ૧૦

એની મેળે બધું પોતે જશે ન મળી જાણવું,
ખંતીલા ઉદ્યમી રૈને ખૂંપવાનું સદા રહ્યું. ૧૧

જન્મ જીવનનો સાર્થ પ્રભુમાં ભળવા હૃદે,
જેણે કર્યો-બધાંનામાં ધારવો પ્રભુભાવને. ૧૨

પ્રકૃતિમાં પ્રભુભાવ છૂપો સૌ કોઈમાં રહ્યો,
પ્રકૃતિ છો જુદી લાગે છતાંયે એક ત્યાં રહ્યો. ૧૩

માનવી ચિત્તને જુદી લાગતી પ્રકૃતિ ભલે,
જામતાં શૂન્યતા ચિત્તે સત્ત્વ પ્રકૃતિનું મળે. ૧૪

પ્રકૃતિ પ્રકૃતિ પોતે એકલી તે કદી નથી,
પ્રકૃતિમાં રહી કોઈ એને ચલાવતું નકી. ૧૫

આપણે જેમ સંસાર ચલાવ્યા કરીએ છીએ,
સંસાર આપણાથી તે જુદો ના કોઈ રીત છે. ૧૬

આપણાં છોકરાં એ તો આપણાથી જુદાં ન છે,
આપણા સર્વ સંસ્કાર એનામાં ઊગતા દીસે. ૧૭

જશોદામાતને કૃષ્ણ ખેલ કેવા જુદા જુદા,
પોતે બતાવતા ! તોયે તે મહત્ત્વ ભૂલી જતાં. ૧૮

માયાના ઘૂંઘટેથી તે લપટાયેલ શો રહે !
માયાના અંતરે એને જોવા જે મથે, જુએ. ૧૯

માયાનો ખેલ મૂકીને પોતે છાનો ઊભો રહી,
સર્વના ખેલ તે દેખે પોતે નોખો તરી રહી. ૨૦

એવા સૌ જીવને ખેલ પ્રભુના જે નિહાળશે,
પ્રભુ પ્રત્યક્ષ એવાને થતાં વાર ન લાગશે. ૨૧

પ્રભુના ભાવની કક્ષા એક તો ના કદી હશે,
કક્ષા પ્રકાર એમાં શાં જુદાં ! એક છતાંય તે. ૨૨

મર્યાદા અમુકે જ્યાં તે વૃક્ષ પોતે ઊગી રહે,
સંભાળ સર્વે લેવાની એની ત્યારે મટી જશે. ૨૩

આપણા જીવને તેવું, કૂંળો જીવન છોડ છે,
ત્યાં સુધી સર્વ સંભાળ રાખવી પડશે હૃદે. ૨૪

તેવા પ્રયત્નમાંયે તે ઈશની ચેતના પૂરી,
આપણે રાખવાની છે બાકી કુટાઈશું મથી. ૨૫

પ્રત્યેક ડગલે એવું ચેતનાનું કરી હૃદે,
જીવને ચાલવાનું જે રાખે, તે પ્રભુ મેળવે. ૨૬

પ્રભુ મેળવવો બાકી એમ તો સૂહેલ ના પડ્યો,
અંધારામાં કુટાઈને નહિ તો ખોઈશું બધું. ૨૭

માનવી જીવને માત્ર ઈશને પામવાતણી,
શક્યતા તો રહેલી છે કિંતુ પામર માનવી. ૨૮

એ તો ના જાણતો કે શું મહત્ત્વ આ જીવ્યાતણું,
વિશ્વની ઘટમાળે તે ખાલી સૌ અથડાય શું ! ૨૯

યોનિમાં વિશ્વની સર્વ માનવી યોનિ શ્રેષ્ઠ છે,
તે વિના શક્યતા બીજે ઈશને પામવા ન છે. ૩૦

મને હકીકતે આવું લાગ્યા કરેલું છે હૃદે,
બુદ્ધિ કે તર્ક કે ન્યાયે ઠસાવી હું શકું ન તે. ૩૧

જીવન માનવીનું તે એવું દિવ્ય પવિત્ર હા !
બિચારો માનવી કિંતુ પ્રીછે એનું મહત્ત્વ ના. ૩૨

ઘરેડે માનવી કેવું જીવે નિર્માલ્ય જીવને!
છૂટા હાથે પ્રભુએ સૌ માનવીની દીધું દીસે. ૩૩

શી કૃપાળુ પ્રસાદી એ મળી માનવી જીવને !
કિંતુ પામરતામાં શાં સડ્યાં જ માનવી કરે ! ૩૪

તોયે પ્રભુ દયા લાવી માનવીને જગાડતો,
આઘાતો કૈંક આપીને જીવને તે મથાવતો. ૩૫

માનવીને ઊંડી રીતે પ્રભુ ચેતાવવા કરે,
ગૂઢ યુક્તિ-પ્રયુક્તિથી કલ્પનામાં ન જે ચઢે. ૩૬

કારમા યુદ્ધ પ્રેરાવી કારમા રોગ આપીને,
કારમો કાળ જન્માવી એને જગાડવા કરે. ૩૭

બેળે બેળે ઘણાં ઊંડાં મંથનો, દુઃખ પ્રેરીને,
વિચારો જગવી મૂકે માનવીમાં ઊંડું હૃદે. ૩૮

શ્રદ્ધા પ્રેરવવા હૈયે જીવતી માનવી હૃદે,
કરતૂકો પ્રભુ કૈંક એવાં એવાં કર્યાં કરે. ૩૯

પ્રભુનો હેતુ તે કિંતુ ઊગે ના માનવી દિલે,
ધક્કેલી દે પ્રભુને તે છતાં તે તો કૃપા કરે. ૪૦

બલિહારી પ્રભુની તે કૃપાની ઓર શી ખરે !
એની કૃપાતણો પાર પામી ના માનવી શકે. ૪૧

પ્રભુકૃપા પ્રસાદીનાં જ્યાં ત્યાં દર્શન થાય છે,
જેને તે સમજાતું ર્હે તે એને ચિંત્વશે હૃદે. ૪૨

હૃદે ચિંતવવા સૌને પ્રસંગો તે ઊભા કરે,
એવા પ્રસંગમાંથી જે મેળવે તે જ મેળવે. ૪૩

સર્વ જીવન એનામાં જેણે જ્યાં આપવું ચહ્યું,
પેલો ઊભાં કરી પહેલાં એને હલાવશે ઘણું. ૪૪

ગાંડુંઘેલું લખ્યું મેં તો જાણો છો આપ તો બધું,
છતાં જ્યાં પ્રેમ આવે છે રે'વાતું ના પછી કશું. ૪૫

વિવેકભંગ મર્યાદા જો થતો હોય રાંકથી,
તમારું છોરું જાણીને હૈયાથી ચાંપજો ચહી. ૪૬

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૬-૨-૧૯૪૩*

# જીવનમાં પ્રવેશવાની કળા

પ્રિય....

તમારો તા. ૧૩મીનો કાગળ આજે મળ્યો. તે કેમ બન્યું હશે તે ભગવાન જાણે. એમ દેખાય છે કે કુદરત પણ મારી સાથે કંઈ વિચિત્ર ગતકડાં હાલમાં કરે છે. 'કસોટીએ એણે મુજ જીવનને જે ચઢાવા ચહ્યું છે' એની મને ખાતરી થાય છે, પણ તેની તમારાં બધાંને નિસ્બત નથી.

કાગળ મોડો મળ્યો તે પણ ઠીક જ થયું. કાગળો જોયા વિના પણ ભગવાન બધું યોગ્ય જ કર્યા કરશે. એની ખબર આપણને પડ્યા કરશે.

તમે જ્યારે કંઈ લખી શકો એટલે કે બેચાર ત્યાંનાં શ્રવણમાંથી સમજેલા સારની માહિતી લખી શકો તો મને તપેલાને, તૃપ્ત હૃદયને ટાઢક વળે. લોહીનાં આંસુથી જે ન થઈ શકે તે ભગવાનની કૃપા જરૂર કરે. આખરે તો આપણે પામર માનવીઓ છીએ. અને પામર માનવીઓને માટે તો પારકી મા જ કાન વીંધે. જોકે એ મારે મન પારકી મા નથી, એ તો એક જ દિવ્ય ચૈતન્યશક્તિનું પ્રતિબિંબ છે. ત્યાં જુદાઈ શાની હોય ? એ રીતે તમે સમજો છો અને લાભ લો છો, તેથી મારું હૈયું ગજ ગજ ફૂલે છે, નાચે છે અને અંતરના ઉમળકાની માત્રા દિનપ્રતિદિન વધતી જાય છે. ભક્તને જ્યારે ભગવાન પોતાનામાં ખેંચવા માગે છે ત્યારે દરેક ઉપાય તે

અજમાવી જોવાનું બાકી રાખતો નથી. એ જે રીતે પોતાનામાં કેંદ્રિત થાય એમ હોય તે બધું તે કર્યા કરે છે, પણ જો એ સમજવા જેટલી આપણી બુદ્ધિ સાત્ત્વિક અને સૂક્ષ્મ થયેલી હોય તો, આપણને એમાં સંપૂર્ણપણે ભળી જતાં વાર લાગે નહિ. એની ધીરજને સીમા કે હૃદયમર્યાદા નથી. એની સહનશીલતા અપાર છે. એનો સદા જયજયકાર હો ! તમે અતિથિ ધર્મનું પુછાવેલું છે, તે બાબતમાં તો ગઈ કાલે જ બધું જે સૂઝયું છે તે લખી નાખ્યું છે, જે વાંચ્યું હશે જ.

એ યાત્રાધામનો લાભ આપણા મહેમાનોને અપાવવામાં આપણે કેવો ભાગ ભજવીએ છીએ એમાં જ આપણી કસોટી છે, પણ જે પોતાની યોગ્ય મર્યાદા સમજીને કરે છે તે જ યોગ્ય કરે છે. (જોકે સ્વાભાવિક રીતે આપણે લાભ અપાવનારાં કોણ ? ત્યાં જ મૂર્ખામી છેને ?) જે જે પોતે શૂન્યવત્ છે એવો હૃદયનો મૃદુતાભર્યો ભાવ અને સાથે અંતરના ઊંડાણનો મર્મભેદી-આપણા અંતરતમ પડને કોરી નાખે એવો-સાત્ત્વિક અહંકાર તે સાથે ભળી ગયેલો હોય, જેમાં લવલેશ માત્ર પાર્થિવતાનો અંશ ન હોય, કોઈ પણ ગુણનો સ્વભાવ કામ કરતો ન હોય તો જ સર્વ કંઈ થઈ શકે. ભગવાને જે કૃપા કરીને યોગાનુયોગ સંકળાવ્યો છે, એની પાછળની અને એની પારની લીલા તો તે જ સમજી શકે. તે આપણને કોને ખબર પડે ? પણ ભગવાનમાં રમી રહેવા ઈચ્છતા, મહાલતા, સાધકને એની પણ ગમ તો પડવી જ જોઈએ, કારણ કે એવાના મનનું તો સર્વ ભાવે અને સર્વ રીતે રૂપાંતર થઈ ગયેલું હોય છે જ, પણ સાધકે પોતાની સાત્ત્વિક બુદ્ધિનો ત્યાં પણ ઉપયોગ

કરીને એમાંથી મર્મ પ્રાપ્ત કરવાની સૂઝ સાથે સાથે કેળવવી જ રહી. ભલે તે થોડી ભૂલો કરે પણ પોતાનો હેતુ શુદ્ધ પ્રમાણિકતાભર્યો છે. એટલે એ વિશે નિર્ભય, નિશ્ચિંત તે રહ્યા કરશે, પણ એમ કરવા જતાં એના ઉપર જ અટવાઈ પડવાનું એવું ન બન્યા કરવું જોઈએ. થોડીક વારમાં એ બધું થવું જોઈએ. તો જ બુદ્ધિનું પારખું અને માપ બંને નીકળી શકે. જો તેમ ન થઈ શકે તો સાધકે ધીરજ, સહનશીલતા રાખી આત્મવિશ્વાસ કેળવવો રહ્યો કે જે આજે નથી આવી શક્યું તે કાલે આવવાનું જ છે. અને એમ માનીને બુદ્ધિને તેમ જ આપણાં બીજાં સર્વ અંગોને સાત્ત્વિક ભાવમાં લઈ જવાના સર્વ પ્રયત્નો જ પ્રભુપ્રીત્યર્થે યજ્ઞભાવે ચાલુ રાખ્યા કરવા જોઈએ. એ જ સાધનાની યોગ્ય તપશ્ચર્યા છે.

સાધકના જીવનમાં તેની પત્નીનો આધ્યાત્મિક સાથ ઘણો જરૂરી છે. ભગવાન કંઈ અમસ્તો મથાવતો નથી. એ તો ભીંતમાં માથાં ફોડ્યાં જ કરે છે, પણ માનવી પોતાનું બધું પકડી રાખવા જક-હઠ-કરીને સમજવા, આંખો ખોલવા ન માગે તો થાય શું ? તોય ભગવાન તો આપણને કંઈ થોડો જ છોડી દેવાનો છે ? એ તો એનું કરી છૂટશે જ. તમે બધાં ખૂબ ખૂબ અંતરથી, આનંદથી લહેરમાં, મસ્તીમાં રહેજો, ખૂબ ખૂબ લાભ મેળવજો, અને એ લાભ તમારી દોલત કરતાં વધારે કીમતી છે. પેલું ધન તમે તમારા પુરુષાર્થથી રળ્યા તેમ આ ધન પણ પુરુષાર્થથી રળશો તો આ મારું જીવન કૃતાર્થ થવાનું છે. મારે જગતમાં પ્રખ્યાત થવું નથી. મારે મહાત્મા તરીકે પંકાવું નથી. તમને એક વખતે કહ્યું હતું, ક્યાં તે યાદ હશે

જ, કે મારે મહાત્મા તરીકે કશું કરવાનું નથી. હું કંઈ તેવો નથી, તેવો મને ધારી લેવાનો પણ નથી, પણ જે રીતે હૃદયમાં સમજ આ માર્ગની ઊતરતી જાય છે તેથી મને ઘણો આનંદ થાય છે. ભૂલેચૂકે સરખામણીમાં ચઢતાપણામાં પડવું નહિ. બાબાના આવા ભાવને લીધે એના ઉપરના મમત્વને લીધે આપણામાં અભિમાન પેસી ન જાય તે લક્ષમાં રાખવું. એની ઉંમરનાને આવા સંતનાં દર્શન થાય એ આપણી લાયકાતનું પરિણામ નથી, ભગવાનની લાયકાતનું પરિણામ છે.

તમને ત્યાં વહેલા જવાનું કહેલું એ યથાર્થ હતું. એટલું સમજાયું એ પૂરતું છે. એના વિશે કશો હર્ષશોક કરવાની જરૂર નથી. કોઈને કંઈ આપવા કરવાનું મન થાય તો તે જરૂર જ્ઞાનભક્તિભાવે આપે. મનમાં જે કંઈ ભાવના થાય તે પ્રમાણે ખુલ્લા મને સંકોચ વિના કર્યા કરે. કોઈને કંઈ સંભારણું આપવાનું મન થાય કે બીજી વૃત્તિ થાય તો તે મનમાં રાખી ન મૂકે. સૌ. બહેનને જેને કોઈને કંઈ આપવાનું દિલ થાય ત્યાં તે આપણને પૂછે પણ નહિ તોયે વાંધો નથી. પછીથી જણાવવું હોય તે જ જણાવે. કોઈ જાતનું બંધન નથી, પણ ખૂબ ખૂબ દિલ ખુલ્લું રાખીને મન ઉદાર રાખીને, જૂનું બધું ખસેડીને, જે તે કંઈ બધું સમજવાની, જાણવાની ઉત્કટ વૃત્તિ ધરાવ્યા કરે. કશાથી ધરાઈ જાય નહિ. વધારે ને વધારે સમજે, અને તે હૃદયમાં ઉતારવા મથે અને ઘણા લોકો કરે છે તેમ તીર્થમાંનું તીર્થમાં જ પાછા મૂકતાં આવે છે તેવું આપણું થવા ન પામે એટલી ભગવાન કૃપા આપણા ઉપર તો કરશે જ. એ જ મહાન છે, એ જ સર્વ કંઈ કર્તાહર્તા છે. આપણે માથે ભારનો

ટોપલો લઈને નાચ્યાં કરીએ છીએ. એની જ જીત થવાની છે. માનવીના ધમપછાડા બધા જ વ્યર્થ છે. ભગવાનનું બળ કદી હારતું સાંભળ્યું છે ? થોડો વખત એમ દેખાય-જગતની નજરે-પણ ત્યારે પણ અંતરમાં તે કામ કરી રહેલું હોય છે જ.

તમારો બધાંનો ભક્તિભાવ, શરણભાવ, સમર્પણભાવ અને ભગવાનમાં શ્રદ્ધાવિશ્વાસ એ બધું જીવંત બનો એ જ પ્રભુને પ્રાર્થના, પણ વિરહીની આગ તો કોણ બુઝાવી શકે ? કેમ કેઃ-

આસક્તિ વિષયોની સૌ નિર્મૂળ જ્યાં સુધી ન થૈ,
ત્યાં સુધી સાંભળેલું, સૌ સાચું કામ ન આવશે.
શ્રવણાદિ ફળે તેને વાસના મુક્તિથી હૃદે,
જિજ્ઞાસા જાગી છે જેને, એવાને સાધના વરે.

તમે લખ્યું તે જાણ્યું છે. પૂજ્ય ગાંધીજીના સમાચારથી જરા પણ હાલી ઊઠશો નહિ. એનો અર્થ એવો નથી કે નરી શુષ્કતા તેમાં રહ્યા કરે, પણ ક્રિયાત્મક ભાવે તેનો ઉપયોગ કરવાનો છે. ભગવાન આપણી લાજ રાખે, એ જ એને વારંવાર પ્રાર્થના. જેણે પોતાનું બધું એને જ સોંપ્યું છે, એને તો આ બધાની કશી જ ચિંતા હોતી નથી.

જે કાંઈ કરવાનું હોય કે થતું હોય તેનું મૂળ આપણે જ પોતે છીએ અને આપણા પોતા કાજે જ જે તે બધું કરવાનું છે. બીજું જે કોઈ જણાય છે, તે તો ખાલી નિમિત્ત હોય છે.

હરિ:ૐ

*ત્રિચિ, મે, ૧૯૪૨*

# વ્યક્ત - અવ્યક્ત

(ઝૂલણા છંદ)

વ્યક્ત-અવ્યક્તના ભેદ વાણીતણા,
સત્ય હકીકતરૂપે તે ન જુદાં,
ભેદ-અભેદના ભાવમાં ફેર છે,
તત્ત્વરૂપે કશો ફેર ત્યાં ના. ૧

સચ્ચિદાનંદની જે સ્થિતિમાં રહે,
વ્યક્ત એને કહી તે શકાયે,
એ થકી પારની જે અનુભવદશા,
વ્યક્ત કો'થી કરી ના શકાયે. ૨

મન અને ઇંદ્રિયો, ચિત્ત ને પ્રાણથી,
હૃદય-આધારથી જે જણાયે,
વ્યક્ત એ સમજવું વ્યક્ત સૌ ભાવ એ,
હૃદયના ભાવથી તે જણાયે. ૩

ભાવનાનું ઘનીભૂત થવું એ જ છે,
ચિત્તના ક્ષેત્રની સીમમાંહે,
કલ્પના ચિત્ત-વ્યાપારનો ભાગ છે,
કલ્પનાતીત છે ભાવ રસ તે. ૪

વ્યક્ત તેથી ખરે ! ચિત્તથી પર વસે,
જાણજે વ્યક્ત તો ભાવ રસ તે,

વ્યક્તનું રૂપ તે તે છે કશું ના કશે,
ભાવ શું એકલા તત્ત્વરૂપે. ૫

તે મનેન્દ્રિય પરે ચિત્તવૃત્તિ પરે,
લાગણી ભાવનાથી પરે છે,
વ્યક્ત તે ભાવથી અનુભવે આવશે,
લક્ષથી અલખમાંહે જવાશે. ૬

વૃત્તિ તો લહરી છે ભાવના રૂપમાં,
ફેરવાવી ભરો પ્રાણ એમાં,
ચેતનારૂપ એ આપ બનશે તદા
ચેતનાને કરો શક્તિરૂપે. ૭

શક્તિનું હૃદય તે વ્યક્તનો ભાવ છે,
ત્યાં બધા ખેલ ને રમત ખેલે,
કલ્પનાતીત છતાં કલ્પનાગમ્ય છે,
તેથી તે પકડમાં આવી શકશે. ૮

જે થયો સ્થિર પ્રજ્ઞા વિશે ભક્ત તે,
વ્યક્ત સૌ ભાવકેરા પ્રદેશે,
જે ગુણાતીતની છે દશા વર્ણવી,
તે અવ્યક્તે જરા કંઈ પ્રવેશે. ૯

બ્રહ્મ, પરબ્રહ્મ, પરમાત્મભાવે હૃદે,
વ્યક્તના ભાવમાં તે રહ્યો છે,
પરમ પુરુષોત્તમે જે દશા પામશે,
તે અવ્યક્તે જશે ભાવ પર થૈ. ૧૦

સૂક્ષ્મથીયે ખરે સૂક્ષ્મ તે ભેદ છે,
વ્યક્ત અવ્યક્તના કોઈક જાણે.
મૂર્ખ અજ્ઞાનીના યત્ન ત્યાં વ્યર્થ છે,
ના કશું ત્યાં ગજું રાંકનું છે. ૧૧

મિત્રભાવે છતાં હૃદય જિજ્ઞાસુએ,
આ પૂછ્યું પ્રેમભાવે કરીને,
જે સૂઝ્યું કૈં મને ચિત્ત આવી ચઢ્યું,
તે કહ્યું મૂર્ખની તે બડાશે. ૧૨

જાણવા ના મતિ હૃદયના ભાવથી,
ના કશો ખ્યાલ એનો જરાયે,
તોય હું મૂર્ખ તે મહારથી-પગરખાં,
પ્હેરીને શો બધે વ્યર્થ મ્હાલે ! ૧૩

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૯-૩-૧૯૪૩*

## પાગલ હું !

(શાર્દૂલવિક્રીડિત)

જેવો પ્રેમ બન્યા કરે ગૂઢ હૃદે આનંદ ત્યાં ઓર રહે
તેવું ગૂઢ રહેવું આ જગતમાં એની મઝા ઓર છે !
મારે જીવન ગાળવું મુજ બધું એવી રીતે વિશ્વમાં,
એ રીતે જીવતાં, મળ્યા પથ જશે સ્વીકારીશું તે કૃપા. ૧

મારે નિસ્બત ના કશે પ્રભુકૃપાથી જે મળે તે બધું,
એને અર્પી દઈ મને કરવશે જે તે કર્યાં સૌ જવું,

ત્યાંયે બદ્ધ થવાપણું નવ રહે એની કૃપાથી કરી,
એવું નિસ્પૃહી ચાલવું જીવનમાં એના જ રંગે કરી. ૨

મારે તો મન રાખવું પ્રભુતણું, એનું ચહ્યું સૌ થવા,
હૈયે વર્તવું તે રહ્યું રસ ધરી સંચારશક્તિ થકી,
ખોટું બાપલિયો નહિ કરવશે કોઈ રીતે કોઈનું,
જેનું લેવું બને, પ્રભુ અપવશે તેને પૂરું સામટું ૩

દેવાદાર રખાવશે નવ મને, મારો પ્રભુ કોઈનો,
એ વિશ્વાસ મને ઊંડો પ્રભુતણો તેથી હું નિશ્ચિંત તો,
લેતાં સર્વતણું મને હૃદયમાં સંકોચ તેથી ન રહે,
આપે જે મુજને ગણું હૃદયના આપેલ સૌ તે મને. ૪

સૌ કોને વિનંતી કરી કરી કહ્યું ના આપજો કૈં કશું,
મારે જોઈતું કૈં નથી, શિર પ્રભુ ગર્જંત ઊભો લવું,
જ્યારે જે કંઈ જોઈશે અપવશે તે તે મને તે સમે,
એવું મેં નીરખ્યાં કર્યું અનુભવે એની મને હામ છે. ૫

મારું ના કંઈ તે કશું પડી રહ્યું, જે તે થયા સૌ કર્યું,
આવી સર્વ વિપત્તિઓ જીવનમાં, એણે નિવારી સહુ,
માથે બોજ ન રાખિયો, શિર થકી એણે ઉતારી લીધો,
દીધી સર્વ સ્વતંત્રતા ભટકવા દોરી ગ્રહી હાથ સૌ. ૬

ઠેકાણું નવ કંઈ કશું મુજ કશે બેહાલ એવો બન્યો,
એવાને શું તમે બધાં સ્વજન સૌ સંભાળીને રાખશો,
એને તો રીતભાત કોઈ રીતની ના આવડે છે પૂરી,
કૈં ઉધમાત જગાવતો, જીવનમાં સુખે રહેવા ન દૈ. ૭

જ્યાં કૈં સ્થિર થયા, નવું ત્યહીં વળી બીજું ઊભું તે કરે,
ને ક્યાંયે કદી જંપવા જ નવ દે-એને ચહો શીદને ?
છોડો છાલ નહિ કદી મન ભલે ના રાચતું હોય ત્યાં,
ને વેગે ઘસડ્યા કરે જહીં તહીં દેખીય કૈંયે ન જ્યાં. ૮

એવાનો ક્યમ તે તમે હૃદયમાં રાખો ભરોસો ઊંડો ?
ઊંધે બાપ પછાડશે જ તમને જ્યાં ખ્યાલ ના હો કશો,
જ્યાં સારું મન લાગતું કંઈ હશે એનાથી ઊંધું કરી,
ક્યાંયે ચેન ન આપશે મનમહીં માથાં કુટાવ્યાં કરી. ૯

એવાને ગ્રહીને કરી શું શકશો ? કો પામશો લ્હાણ શું ?
લાખો વાર વિચારજો દિલ પછી પસ્તાવું ના રહે કશું,
દેશો દોષ ન કોઈએ કંઈ મને નાદાન હું સૌ રીતે,
મારી ચાલતણી કશી સમજ સૌ કો પામી તે શું શકે. ૧૦

જ્ઞાની, ભક્ત ને કર્મયોગી કંઈ ના છું મૂઢ પૂરેપૂરો,
એવાથી ઉરમાં કશું પકડીને શું સાર લેશો ઊંડો ?
મારે તો બસ ચાલવું, મન રુચ્યું, સૌ દોર છૂટા મૂકી,
સ્વચ્છંદી સહુ વાતમાં, સ્વજનને તે આપશે શું પછી ? ૧૧

એવો તો સહુ રીત યોગ્ય સહુની ખાવા જ લાતો હૃદે,
તે દીધા કરજો સદા ઉમળકે સંકોચ રાખી ન કૈં,
એવી પ્રેમપ્રસાદી દિવ્ય પ્રભુની જેને મળ્યા તે કરી,
એવાને પ્રભુ પ્રેમ તે બહુ કરી ચાંપ્યા કરે છે ઉરે. ૧૨

મારી છે વિનંતી સહુ સ્વજનને જેવું હૃદે હો ઊંડું,
તેવું સ્પષ્ટ બતાવજો, કદી નહિ ઉચ્ચારશો કૈં બીજું,

લાગે જેવું કંઈ કશું મુજ, તમે તેવું જ કહેજો મને,
તેમાં શ્રેય રહ્યું સદા સહુતણું તે માનજો નિશ્ચિતે. ૧૩

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૧૧-૩-૧૯૪૬*

## અંતરનો પ્રલાપ

પ્રિય...

તમારા તા. ૧-૩- સુધીના કાગળો મળ્યા છે. બધાનો જવાબ વિગતવાર આપી શકાય તેમ નથી, કારણ કે મારો જીવ તો બધે બધાંમાં રહ્યા કરતો હોય છે.

ભાઈ.............ને જે હકીકત મૌનએકાંતમાં શ્રી...................ની દીકરી વિશે જણાવેલી, તે રજેરજ ખરી પડી છે. એવા અનુભવોથી માનવીનું દિલ જાણેઅજાણે મરતું મરતું હોવા છતાં પણ આ બાજુ જરા તરા સળવળતું રહ્યા કરે છે, એ એનો મોટામાં મોટો લાભ છે. અને આ બધું ધતિંગ નથી, પણ એમાં જરૂર કંઈ હકીકત છે. એવું જીવને સમજાયા વિના રહેતું નથી. એવું તો બીજું પણ કેટલુંક મૌનએકાંતમાં...ને જણાયેલું, જે પાછળથી ખરું માલૂમ પડેલું છે, તથા આ મૌન વખતે ભાઈ..........ને તેમનું કોઈ સગું ગુજરી ગયું. અને ત્યારે પાસે એમના ભાઈ બેઠા છે. અને તેમને જ હાથે અગ્નિસંસ્કાર થયા તે બધું જણાયેલું અને મૌન- એકાંતમાંથી બહાર નીકળ્યા પછી માલૂમ પડ્યું કે એમને મૌનમાં દેખાયેલું સાચું હતું. એમના તે પહેલાંના મૌન

દરમિયાન પણ પેરિસ જર્મનીએ કબજે કર્યાનું પણ તેમને મનમાં થયેલું. બીજાંઓનાં મૌનમાં બીજા પણ એવા દાખલા બનેલા છે. ઉપરના બંને વખતે મૌનમાં ઊગેલાની અને બહારથી બનેલા પ્રસંગની તારીખો સરખી જ હતી. મૌનએકાંતનો સમય મારે મન તો આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈ પણ મારી સાથે રહી શક્યું ન હોત.

કોઈ પણ જાતની કામના કે વૃત્તિ જગતની નજરે ગમે તેટલી અનિષ્ટ હોય અને ગમે તેટલા ભારે પ્રમાણમાં તે હોય, તોપણ તેની પણ મને તો પરવા નથી. તેને પણ પ્રભુની કૃપા ખાઈ શકે છે, જીરવી શકે તેમ છે. અને એ તો વૃત્તિના સ્થૂળ આધારરૂપે તેનામાં પ્રવેશવાની એક સૂક્ષ્મ આધાર ભૂમિકા છે, પરંતુ તેમાં પણ મનની ભૂમિકા અહમ્ વિનાની, શંકા વિનાની તથા સંપૂર્ણ પ્રેમભક્તિની હોય તો તે રીતે પણ જરૂર જીવનું કલ્યાણ થઈ શકે, પરંતુ એવી ભૂમિકા આપવાનું કામ તમારું છે.

તમે પૂછો છો કે તમારામાંની વક્રતા ક્યારે જશે ? પરંતુ મારા ભગવાનની કૃપામાં મને અનંત વિશ્વાસ છે. એની ધીરજનો પાર નથી. તમારામાંની વક્રતા ક્યારે સીધી દોર થશે તે કહી શકાય તેમ નથી, પણ થશે જ એ વિશે મને શંકા નથી, તે નક્કી જાણશોજી. મારે મન તો તે વાત દીવા જેવી નક્કી છે. તમારે મન તે ક્યારે નક્કી થશે તે તમારે સમજવાનું છે અને બુદ્ધિનો જો તેમાં સીધો ઉપયોગ કરતા રહો અને જે ભાવ રાખવાનો હોય તે ભાવને યોગ્ય રીતે પ્રેમભક્તિભાવે

ધર્મભાવનાપૂર્વક કર્મનું જ્ઞાનભાવે આચરણ કરતા રહો તો તમને પોતાને આપોઆપ સમજણ પડશે, તેમાં શંકા નથી જ. આપણા સંબંધનાં પાનાં પડ્યાં છે તો તે નિભાવ્યે છૂટકો છે, એવી રીતે આપણે રહેવું નથી. આપણો સંબંધ તો ઘણો પહેલાંનો છે. માટે, કંઈ પ્રેમભાવ રાખો તો સારી વાત છે.

તમે મારા ઉપર પ્રેમ કરો કે ગુસ્સો કરો તે બધું તમને કરવાની છૂટ છે. તમારાથી ગમે તેમ વર્તી શકાય, પરંતુ મારાથી ગમે તેમ વર્તવા જતાં તમારું મન ઉછાળો મારે એ પણ નવાઈની વાત છે.

મારે તમારામાં ભળવું છે, પણ તે તમારી રીતે નહિ બની શકે એ વાત નક્કી છે. આ જીવે અનેકના જીવનમાં કોઈ ને કોઈ વૃત્તિ દ્વારા તે તે જીવની તે તે વૃત્તિને સાધનરૂપે અને સહજમેળે વર્ત્યા કરેલો છે, અને ભલે પ્રખ્યાત ન થવાયું હોય પણ પ્રભુની કૃપાથી મને મારા જીવનના ધર્મમાં સંપૂર્ણ વિશ્વાસ છે. શ્રીભગવાને કૃપા કરી મને જે જીવનકાર્ય સોંપ્યું છે, તે કદી છોડી શકીશ નહિ, પછી એ જીવનકાર્યને અનુકૂળ તમે બધાં વર્તો કે નહિ એ સવાલ જ મારે માટે તો રહેતો નથી અને જો પ્રશ્ન રહેતો હોય તો એટલા જ કારણસર કે હું મને તમારામાંનો જ એક ગણું છું.

તમારા મનને તમારે અનેક રીતે સમજાવવું જોઈએ. મનથી જે બધું માન્ય કરેલું છે, તે બધું જ ઓકાવ્યા વિના પેટ ખાલી થવાનું નથી તે નક્કી જાણજો અને એવી ક્રિયા થતી હોય ત્યારે તે પણ જીવનની એક ધન્ય પળ છે એમ ગણીને મળેલા સદ્ભાગ્યની સાત્ત્વિક અસર સર્વ આધારમાં પ્રસરે એ જોવાનું કામ આપણું છે. શરણાગતિની ભાવના સર્વ રીતે

અને સર્વ ભાવે જ્ઞાનભક્તિપૂર્વક કેળવી કેળવીને સુમેળની ભૂમિકા પ્રગટી શકે તો જ કરણોમાં અને કરણો દ્વારા કંઈ થઈ શકે. સ્થૂળ ભૂમિકામાં કામની સરળતા સામા પાસેથી મેળવવી સહેલી છે, પણ તમારી પ્રકૃતિ સાથે જે કામ પડેલું છે, તે એક સ્થૂળ ભૂમિકા પૂરતું નથી. એટલે એમાં ફરક છે અને તે 'ફરક' શબ્દની રીતે બોલવામાં સરળ છે, અને વળી જો તમે રચનાત્મક રીતે વર્તી શકો તો સરળ પણ છે.

બુદ્ધિ બળવો કરે છે એમ તમે લખો છો, પરંતુ બુદ્ધિ બિચારી તો દાસી છે, એ તો જેવું અંતરમાં વલણ હોય તેવું પણ સુઝાડે છે. તમારી સાથે હું લઢવાડ કરતો નથી. મારે ચાલે તેમ પણ નથી. મારે તો બનાવવું છે. પ્રારબ્ધના લેખ સમજીને મારે કંઈ તમને સહી લેવા નથી. સહી લેવામાં એક પ્રકારની બેળે બેળેની વૃત્તિ રહેલી છે. અને અહીં તો એવું કશું નથી. જેમ તમને નાની બાબતમાં કોઈક વાર મહત્ત્વ દેખાય છે, તેમ મને તો દરેક વાર દેખાય છે.

પૂજ્ય ગાંધીજી ગમે તેટલો સંબંધ હોવા છતાં કોઈનું એવું (અયોગ્ય) નિભાવી લે નહિ અને જો નિભાવી લેતા જણાતા હશે તો એ વાતની એમને પૂરેપૂરી ખબર પડેલી નહિ હોય તો જ એ કદાચ અજાણમાં ચાલવા દઈ શકે. કોઈ પણ એક બાબતનો નિર્ણય એક રીતે અને એક સરખી રીતે કદી પણ થઈ શકતો નથી, પરંતુ માનવી જીવ સંપૂર્ણ તટસ્થપણામાં આવ્યા વિના તેનું કશું પણ બીજી રીતે સમજવાનું બનતાં, આપણે તો અંતર્મુખની સ્થિતિમાં જ રહેવું, અને તેવી જ વૃત્તિ કેળવવી. અંતરમાં અંતર ભળ્યા વગર અથવા તો અંતરમાંથી

અંતર ગયા વગર બે જીવની એક દૃષ્ટિ વૃત્તિ થઈ શકતી નથી. અને મારે તો જેની તેની સાથે ગમે તે રીતે એક થવું છે. એક થયા વિના આ જીવને ક્યાંય ચેન પડતું નથી, અને એ ચેન નથી પડતું એટલે તો એ બિચારો બખાળા પાડ્યા કરે છે. એટલે કોક દિવસ તે જરૂર સંભાળશે, એની દિલમાં જરૂર ખાતરી ઊગે છે. તમારામાં રહેવાનું છે એ વાત નક્કી છે. 'ક્યારે' એ શબ્દ મારા શબ્દકોશમાં નથી.

મારું ત્યાં આવવાનું કશું નક્કી નથી. નક્કી થશે તો તારથી તમને જણાવીશ. તમારે જો મારી સાથે લડાઈ જ કરવી હોય તો તમને મળું ત્યારે ગળું દબાવીને ગૂંગળાવી નાખવાની છૂટ છે. તોપણ કોઈ કોઈનાથી છૂટું થઈ શકવાનું નથી.

કોઈ સ્વામી કે સંન્યાસી આપણને શિષ્ય બનાવવા આકર્ષતું હોતું નથી. એ તો આપણા મનની ખાલી ભ્રમણા છે. એવી મનની કલ્પના કરવી એ નર્યું ગાંડપણ છે. અને ગાંડપણનો અધિકાર તો મને એકલાને જ રહેવા દેજો.

## તમને કેમ કરી સમજાવું ?

હૈયે હૈયાની પ્રેમની રીત કે કેમ કરી સમજાવું ?
પડે શોષ કેવા મને નિત્ય કે કેમ કરી સમજાવું ?
જરા ઉદાર દિલથી પ્રીછો કે કેમ કરી સમજાવું ?
ધરું ધીરજ કેટલી અદીઠી કે કેમ કરી સમજાવું ?
બનો હૈયામાં ચેતનવંતા કે કેમ કરી સમજાવું ?
તમને નિભાવશે ભગવંત કે કેમ કરી સમજાવું ?
મારે કોઈ નથી હવે આરો કે કેમ કરી સમજાવું ?

પડ્યો પાલવ તમારે ઉગારો કે કેમ કરી સમજાવું ?
ભલે જેવો તેવો તોય તારો કે કેમ કરી સમજાવું ?
લાજ રાખીશ તું એ ભરોસો કે કેમ કરી સમજાવું ?
ધર્યું ખોળિયું હું ત્યારથી જૂઠો કે કેમ કરી સમજાવું ?
પ્રભુ મારો તે વેળથી રૂઠ્યો કે કેમ કરી સમજાવું ?
કીધી કૃપા વ્હાલાએ મધુરી કે કેમ કરી સમજાવું ?
તેથી જીવાય છે એને ધારી કે કેમ કરી સમજાવું ?

---

હરિઃૐ

*ત્રિચિ, તા. ૭-૧૦-૧૯૪૨*

# જેલમાં ગયેલા સ્નેહીને

(દેશના જુદા જુદા ભાગોની બહાર પરિસ્થિતિ તથા ભવિષ્ય સૂચવવા તે વખતની ઋતુનું આલંબન લીધું છે.)

(મંદાક્રાંતા)

ત્યાં શાંતિ છે, ‘વિરમી શકવા શાંતિમાંહી તમોને’,
ડહોળાયેલું અહીં બધું દીસે વાદળાં ધુમ્મસે તે,
વાયુ વાતો કહીંક ઝડપે, ક્યાંક તે મંદ ભાસે,
કોઈ એવા સ્થળ પણ વિશે તે પૂરો સ્થિર લાગે. ૧

કાળાં અભ્રો કદી કદી ધસી આવતાં ખૂબ જ્યારે,
કૂંળાં ઝાડો ભ્રમિત બનતાં વાયુ વાતાં પ્રચંડ,
ને કૈં હૈયાં થર થર ધ્રૂજે બીકથી માનવીનાં,
એવામાંયે તરુવર કંઈ છાતી કાઢી ઊભાં રહે. ૨

દીઠું ન્હોતું કદીય પણ જે કલ્પ્યુંયે કાંઈ ન્હોતું,
એવું એવું અવનવું બન્યાં આપમેળે કરંતું,
હાંજા કૈંના ગગડી જ જતાં વીજળી કાટકાથી,
જ્યાં ત્યાં કોઈ બચી નવ શકે આમ-વંટોળિયાથી. ૩

એણે ક્યાં ક્યાં ધૂળ રજકણો એવી ઉરાડી છે કે-
આંખો મીંચી કંઈ કંઈ જનો આવરી મુખ ત્યાં લે,
આઘાંપાછાં કંઈ થઈ જતાં શાંત કો બેસી ર્‌હેતાં,
ને કોઈને નહિ પણ દીસે આભમાં તેજરેખા. ૪

નાના નાના બહુ જ કુમળા છોડવાઓ બિચારા,
ધ્રૂજે બીકે જગ ઊગરવા ક્યાંય આરો ન એને,
ચારેબાજુ પવન બહુ જ્યાં જોરથી ને ફૂંકાતાં,
ઝંઝાવાતો કઠણ મનને સૌ કરી જોઈ લેતા. ૫

એથી જ્યાં ત્યાં જન મન ઊંચાં વ્યગ્ર ચિંતાથી રે'તાં,
ચોમાસું ના હજુ વીતી ગયું કો સ્થળે બેઠું હાવાં,
જ્યાં ત્યાં સૌનાં ભ્રમિત મન કૈં શું ભરેલું ભવિષ્યે,
કો જાણી ના કંઈ પણ શકે ગૂઢ તે એવું ભાસે. ૬

'પાશેરામાં પ્રથમ પૂણી આ' 'કો'કની કિંવદંતી,
વાયુ વાશે અધિક અદકો ઘેરી લેશે બધાંને. ૭

---

હરિઃૐ

*બાર, તા. ૨૧-૧૧-૧૯૪૩*

# અંતરનો બળાપો

પ્રિય...

આપણે કોરા ન પડી જઈએ એ આપણે ખાસ જોતા રહેવાનું છે. તમારે બધાંએ મને કામ કરવાને ભૂમિકા રચાવી દેવી પડશે. ખુદ ભગવાન પણ પ્રકૃતિ દ્વારા લીલા કરી રહી ખેલતો હોય છે. એટલે મારા જેવાને પણ સૌ સોની પ્રકૃતિ દ્વારા જ કામ લેવું પડે છે.

તમારામાં ચોકસાઈનો ગુણ તો છે, પણ તમે જે જે બધું નોંધી લેવાનું રાખો છો તેને બદલે થોડો સમય તે નોંધ્યા વિનાનો જ તે તે કાળે આપો આપ યાદ આવી શકે એવી રીતે વર્ત્યા કરવાનો અનુભવ કરી જુઓ, તો પેલી ટેવમાંની જડતા નીકળી જાય. થોડું ભુલાઈ જવાશે તો વાંધો નથી, પણ પછી તે સ્વાભાવિક થઈ જાય, પણ તે સાથે તે યાદ કર્યા કરવાની ચિંતા, ભાર એવું કશું ન લાગવું ઘટે, તે પાછું સંભાળવાનું છે. ચિંતવન આપણું ભલે હોય પણ ચિંતા તો ના જ હોય. ચિંતા આપણને માત્ર એક ભગવાનની પુણ્ય મંગળમયી પ્રેમસ્મૃતિની જ ઘટે.

આ વખતે આમ કેમ ? સરળ સુતરું વહેતું જતું લાગતું નથી. મનમાં પ્રેમભાવની સ્નિગ્ધતાનો સ્પર્શ હૃદયે મને કેમ થતો નથી ? મને તેના વિના ચાલતું નથી. કરોળિયાને ચઢવાને માટે આધાર ભૂમિકારૂપે સૂક્ષ્મમાં સૂક્ષ્મ તાંતણો જેમ જરૂરનો

છે તેમ મારે પણ તેવું છે. મને કૃપા કરીને પડી રહેવા ન દેવા તમને બધાંને ઘણી ઘણી વિનંતી છે. પડ્યો તો ઘણો કાળ રહ્યો. હવે તો ચઢવા વિના જંપ નથી વળતો. મારી વાત કોને કહું ? કોણ સાંભળે ? જે સમજે તેને જ કહેવાયને ? સમજે છતાં ન સમજે અને મને અંધારામાં રાખ્યા કરે ત્યારે કેવું થાય ? આવા યાત્રાધામમાં આપણી પારાશીશી કેવી, કેટલી અને સર્વોપરી હોવી ઘટે એનાં ભાન, ખ્યાલમાં જ મારાથી જોવાવાનું દિલ રહે. તેમાંથી યોગ્યપણું એટલું જ નહિ પણ ચઢિયાતાપણું આપણું ન દેખાતાં જીવ અધીરો બને અને મનમાં અજંપો ધારણ કરે તે વેળા એને આશ્વાસનનું કયું ઠેકાણું ? પ્રેમી-વહાલાંનું હૃદય એ જ એને ઠરવાનું ઠામ હોય છે.

**'વહાલાંઓ તો મુજ જીવનની ચેતના-ચિનગારી'**

એ ચેતના-ચિનગારીની સતત અંજલિઓ યજ્ઞ દ્વારા ન મળ્યા કરતી હોય તો યજ્ઞદેવતાને ખોરાક-પ્રાણ પણ કેમ મળી શકે ? સહુ કોઈ પોત પોતાનો જ વિચાર કરે છે, પણ પેલાનો કોઈ વિચાર (જે મહત્ત્વપણે આપણે સતત હૃદયસ્થ અંતસ્થ રાખીને) કર્યાં કરવો ઘટે, એને કેટલું સ્થાન અપાયા કરાય છે, એ આપણાથી ઓળખાય છે ખરું ? એ જોવાયા કરાતું હોય તો કાંટો ઊંચોનીચો થતાં જ ચેતવાનું કે ચેતી જવાનું બની જ જાય, જાગૃત પણ થતું રહેવાય. આપણું સાધન જીવતુંજાગતું રહેવું ઘટે.

**'પ્રત્યેક પળ જીવંતી ચેતનાશક્તિથી ભરી,**
**માણી તે શકીએ જ્યારે ફળંતી સાધના ખરી.'**

એ આપણી સાધનાનું માપ-લક્ષણ ગણાવું ઘટે. માટે, કૃપા કરીને ભૂખ્યો રાખ્યા ન કરશો. તમારાં ચરણકમળમાં પડેલો

છું. ભીખ માટે પોકાર પાડ્યા જ કરું છું. એને તમારા હૃદયની તેજસ્વી અંજલિઓ સતત આપ્યા જ કરવા વિનંતી છે. મોટા માણસને આશરે પડેલા ગરીબ માણસને તે પછી કશી ચિંતા રહેવી ઘટે ખરી ? કોઈ કહેશે કે 'તમારો તો એવો સ્વભાવ જ પડી ગયો છે, તે એવાને તે કેમ કરી સંતોષાય ?' કૃપા કરીને એવી દલીલ કરીને મને હડસેલી મૂકશો ના. ઊંચે જ જોવાનું રાખ્યા કરી માત્ર અંતસ્થ વલણ ભાવ રાખ્યા કરી પ્રેમભાવ કેંદ્રિત કર્યા કરીને તટસ્થતા, સ્વસ્થતા, સમતા, શાંતિ જે તે સર્વ કંઈ કર્યાં કરીને (તેમાં તેમાં પ્રભુભાવ ધારીને) એને સમર્પણ કર્યાં કરવાનું ભાન આપણને ઊગતું જવું જોઈએ, ત્યારે ખરી મઝા શી છે એનો કૈંક સ્વાદ ચખાય.

---

હરિઃૐ

*કુંભકોણમ્, તા. ૧૭-૧૦-૧૯૪૩*

## પ્રેમની તાવણી

(અનુષ્ટુપ)

'તમારા પ્રતિ હો પ્રેમ' લખ્યા એમ કરો તમે,
પાણીના પરપોટાના જેવું તે જાણજો હૃદે. ૧

પોતાની જે અશુદ્ધિઓ એને સુધારવા હૃદે,
ઈચ્છા ઉત્કટ તે રાખ્યા વિના ના કદી પાલવે. ૨

જ્યાં સુધી સર્વ ભાવોમાં એને ના ઠેરવી શકો,
ત્યાં સુધી તે પ્રમાણેની તમન્ના રાખવી ઘટે. ૩

તમારો મારી પ્રત્યેનો શુદ્ધ પ્રેમ તમે ધરો,
અહેતુક, નિરાલંબ, નિરપેક્ષ ભલે રહો. ૪

'ઓટ ને ભરતી કિંતુ તેમાં કેવી થયા કરે',
જોવાનીયે ન છે જેને ચિંતા, તેવો શું તે કરે ? ૫

મારી પ્રત્યે હૃદે એવો જેને પ્રેમ થયા કરે,
તેવા પ્રેમ પ્રમાણેનાં કર્તવ્યોથી મપાય તે. ૬

ખાલી તે બોલવાથી કૈં મૂર્ખ આ સમજી ન લે,
કર્તવ્યો કરીને તેવાં પ્રેમ તે બતલાવજો. ૭

હૈયે પ્રેમ જગાડીને તે પ્રેમે ચેતના ગ્રહો.
ચેતના મેળવી ભાવે તાદાત્મ્ય કેળવ્યા કરો. ૮

પ્રેમ જેવો ધરો હૈયે તેવો પ્રેમ મળ્યા કરે,
પાણી ડહોળાયેલું જો હો ગળાવી લેવું તે પડે. ૯

ગળાવી પ્રેમ તે રીતે શુદ્ધ સાત્ત્વિક તે કરો,
પ્રભુનો ભાવ હૈયામાં રાખવા વાપર્યા કરો. ૧૦

'પ્રેમ પ્રેમ' કર્યે ખાલી પ્રેમ ના જાગશે હૃદે,
પ્રેમને યોગ્ય કર્તવ્યો કરંતાં પ્રેમ જામશે. ૧૧

પ્રેમની ભાવના હૈયે કેટકેટલી તે ધરો,
પૂછી જુઓ તમારાં તે હૈયાને પછી કૈં વદો. ૧૨

પ્રેમની સ્મૃતિ તો ઊંડે કર્મે તે કેટલી રહે,
તપાસી જોઈને બોલો જે જે સૌ બોલવું ઘટે. ૧૩

આપણી જાતને પૂરી તપાસી લેવી તે ઘટે,
કસોટીએ ચઢાવીને પ્રેમની તાવણી કરો. ૧૪

પ્રેમ તાવ્યા વિનાનો તે કામ ના આપશે કશું,
કંઠે ત્યાં પ્રાણ આવે છે તવાવાતાં જતાં કશું. ૧૫

પૂરી તત્પરતા પ્રેમે રાખો સર્વ પ્રકારની,
ઊતર્યાં જે મહીં એને ઉતારો પાર પ્રેમથી. ૧૬

ઘડાવા જે મળ્યું પ્રેમે એનો હેતુ હૃદે ધરી,
રૂપાંતર કરાવાને નિત્ય નિત્ય મથો ચહી. ૧૭

એટલો એક તે પ્રેમ મારે તો જોઈએ ભલા,
રહેવા દેજો બીજો પ્રેમ તમારી પાસ તે ભલા ! ૧૮

## નિઃસ્પૃહી પ્રેમ

(અનુષ્ટુપ)

સ્વરૂપ જાણવું તોયે હૃદે પ્રેમાર્દ્રતા પૂરી,
પ્રેમીની ઉપરે રાખી રાખવો પ્રેમ નિઃસ્પૃહી. ૧

બલિદાન અને ત્યાગ સર્વ ભાવે સમર્પણ,
ઉચ્ચ રૂપાંતરો હૈયે ચહો ઉદ્‌ભવવા મન. ૨

આત્મીય જન પોતાનું ભલેને આઘું બેસતું,
આપણું ચાલતું સૌ કૈં કરી ત્યાં છૂટવું પૂરું. ૩

ઉત્સાહી ખંતીલા ર્‌હેવું સ્‌હેજ જો વળતું જુઓ,
નમ્યે વેંત નમો હાથ રીત એ ગ્રહવી હૃદે. ૪

થયું છે આપણું ભાગી, કરો ભાગી બધાં વિશે,
‘આપણો વાંક ર્‌હે ક્યાંયે ના’એવી રીત વર્તજે. ૫

આપણે આપણો ધર્મ યથાયોગ્ય બજાવવો,
બીજાને ધર્મ તે લાગે આકરો તોય ના હઠો. ૬

સાચી રીતે બતાવાનું કોઈ દી ચૂકવું નહિ,
‘માને કે નવ માને’ તે ધારવું લક્ષમાં નહિ. ૭

સ્વરૂપ આપણું જોઈ એને એનું બતાવવું,
ખંચકાવું કદીયે ના સ્‌હેવા તત્પર સૌ થવું. ૮

તૈયારી રાખવી પોતે બધી વાતે ઊંડું જવા,
દેખાયે જે, બધું જોવું પોતે ત્યાં અળગા રહી. ૯

કઈ વેળા કહેવું તે એનો વિવેક રાખવો,
મૃદુતા રાખીને ખંતે, ધૈર્ય પ્રેમ ધરી ઊંડો. ૧૦

સહાનુભૂતિ અને હૂંફ, લાગણી હમદર્દીની,
રાખીને ચાલવાનું છે પંથમાં પંથ કાપતાં. ૧૧

સ્વસ્થતા આપણી કો’દી ડગી જાય ભલે છતાં,
યુદ્ધ તે સાથ આપ્યાનું લક્ષ ના છોડવું કદી. ૧૨

હરાયે તેની ના ચિંતા, અપાયું યુદ્ધ હોય ના,
કારમો લાગવો ત્યારે ઘટે ઘા આપણા હૃદે. ૧૩

આપણે કાર્ય પોતાનું આપણી રીતથી થવા,
મંડ્યા રહેવું ખંતેથી તેમાં ના ચૂકવું જરા. ૧૪

પાછી પાની કશા વિશે આપણી થાય ના કદી,
તૈયારી એટલી હૈયે આપણે રાખવી રહી. ૧૫

છતાં પ્રભુની ઇચ્છાને તાબે થૈ વશ વર્તવું,
એને તો સૌ સમર્પીને ખાલી ને ખાલી તો થવું. ૧૬

આત્મનિવેદનો પ્રેમે સદા એને કર્યાં કરી,
હૃદે સંબોધવો એને વારંવાર ઘણું ચહી. ૧૭

પ્રભુનો પ્રેમ તો સૌમાં વસેલો જાણવો રહ્યો,
પામવાનો રહ્યો છે તે વર્તને સર્વ આપણે. ૧૮

---

હરિઃૐ

*કરાંચી, તા. ૨૧-૧-૧૯૪૪*

# અનુભવનું મૂળ હૃદય

પ્રિય ભાઈ,

હૃદય દ્વારા જ બધા ઇંદ્રિયજન્ય અનુભવો કરવાનું આપણે રાખવું ઘટે. આપણાં અંગ-પ્રત્યંગ, આપણી ઇંદ્રિયો એ બધું જ હૃદયમાં કેંદ્રિત થયેલું તેમાં જ મગ્ન થયેલું હોવું ઘટે. એકલી બુદ્ધિ કે તર્ક જઈ જઈ કેટલે જઈ શકે ? એ સ્વતંત્રપણે તો થોડેક જઈને અટકી જ પડે છે અને પછીથી ભોમિયા તરીકે નહિ પણ મદદગાર તરીકે કામ લાગે છે ખરાં, પણ પ્રેરણાત્મક જ્ઞાન કે અનુભવ તો હૃદય દ્વારા જ થવાના છે. અને હૃદયનાં દ્વાર પ્રેમ વિના કદી કોઈનાં ખૂલ્યાં જાણ્યાં નથી.

આપણે ત્રણે ઉપર ભારે મહત્ત્વ આપ્યા કરવાનું છે. (૧) વિચાર (૨) સાચી ધગશ (૩) હેતુની શુદ્ધતા - ધ્યેયની શુદ્ધતા.

વિચારની શક્તિના, ધગધગતી તમન્નાની શક્તિના તથા ધ્યયની-હેતુની શુદ્ધતાની શક્તિના આપણને સાચેસાચ અનુભવો થયા કરવા જોઈશે. આપણી જીવનધ્યેય - આદર્શ, પરત્વેની દૃષ્ટિ કેટલી અને કેવી છે એના ઉપરથી પણ ઉપરનાં નક્કરપણે ઘડાતાં જતાં હોય છે અને આપણી સંકલ્પશક્તિ જેમ જેમ દૃઢાત્મક થતી જાય છે, બીજાં બધાં ક્ષેત્રોમાંથી આપણો આગ્રહ જઈને માત્ર સાધનાના ક્ષેત્રમાં જ કેંદ્રિત થતો જાય, તો પછી પર્વત જેટલી મુશ્કેલીઓ છોને આવે-મરણ છોને સામે આવીને ઊભું રહે-ભલેને આખી દુનિયા આપણી શત્રુ બની જાય, ભલે ધન, માલમિલકત નાશ પામતાં હોય, ભલેને પુત્ર, પરિવાર, પત્ની, માતાપિતા, ભાઈભાંડુ વિરુદ્ધ બને તોપણ કોઈ શક્તિ આપણી તેવી સ્થિતિ થતાં આપણને ચળાવી શકવાની નથી. ધ્યેય વિના બીજે ક્યાંય આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ઠરી શકવાનાં નથી. હૃદયની ધ્યેય પરત્વેની એમ દૃઢાત્મક થયેલી ઈચ્છાશક્તિ સર્વ કંઈ કરતાં વધારે પ્રાણવાન છે. સર્વ કંઈ એની આગળ નમાલાં બની જાય છે, એવી એ ભગવાનના તત્ત્વની પ્રતિછાયારૂપે છે. એવી ઈચ્છાશક્તિ થતાં એનાં દિવ્ય ભગવતીનાં ચરણકમળના નૂપુરઝંકાર હૃદય જરૂર સાંભળી શકે છે. એવી પવિત્ર અને નિશ્ચયાત્મક ઈચ્છાશક્તિ સર્વશક્તિમાન છે. એની અગાડી કશું અશક્ય નથી. ભગવાનનું તત્ત્વ પ્રગટ કરવામાં એ જ એક સાધન છે. એવી ઈચ્છાશક્તિ પાછળ હૃદયની અભીપ્સા-તમન્ના-જિજ્ઞાસા જ મૂળ પ્રેરકબળરૂપે હોય છે.

મર્યાદિત અને બંધનકારી તર્ક કે ન્યાયના કબજામાંથી બહાર જવાના આપણા પ્રવાસમાં આપણી બુદ્ધિએ સંમત થવું પડશે અને સહાય અને ટેકો આપવો પડશે, અને અમર્યાદ અનંતના સૂક્ષ્મ ન્યાય સ્વીકારવાનો, તે મુજબ વર્તન કરવાની પ્રેરણા કરવાનો મહાવરો બુદ્ધિએ પાડવો પડશે. જે જાતનું જ્ઞેય છે તેને જાણવાનું સાધન પણ તેવી જાતનું હોવું જોઈએ.

---

હરિઃૐ

*એલિસબ્રિજ, તા. ૧૨-૮-૧૯૪૫*

# પ્રેમની ફનાગીરી

(ગઝલ)

હૃદયનો પ્રેમ જેને છે ફના થાશે ફના થાશે,
ફના એવા થવામાંથી જીવનને તે અનુભવશે. ૧

હૃદયના પ્રેમીને કાજે ગમે તેવું સહન કરતાં,
ન લાગે ત્યાં સહન કરવું 'સહેવું' ભાવ રહે ત્યાં ના. ૨

હશે જે ધર્મ પોતાનો કરી ચૂકવા વિશે પોતે,
કરી જાણે બધું ને તે હૃદયના સૌ ઉમળકાએ. ૩

કશીયે કલ્પના બીજી બીજા વિશે હૃદય ત્યારે,
ઊઠે છે ના, હૃદય ભાવો થવાનું એક પિછાને. ૪

થતાં સૌ કર્મની અંદર રહે જે પ્રેમના ભાવે,
કશો ઉદ્વેગ તેને તો રહે ના કોઈ રીતેયે. ૫

કૃપાથી એટલું માગું સદા રાજી પૂરાં રહેજો,
કદી અકળાઈ જાવાનું થતાં ત્યાં ચેતતાં રહેજો. ૬

પ્રભુનું નામ લીધા તે સતત કરજો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે હૃદય વિશ્વાસ ધરજો તે. ૭

---

હરિઃૐ

*સુરત, તા. ૩૦-૭-૧૯૪૫*

## હૃદયનો પ્રેમ

(ગઝલ)

હૃદયમાં પ્રેમ જેને છે હૃદય ડૂલ્યું જ જેના પર,
હૃદય તે ભાવમૂર્તિને કરે ઝંખ્યા સતત મદભર. ૧

હૃદયનું પ્રાણપ્યારું જે કરે છે માગણી એને,
કરે પૂરી જઈ વારી હૃદયથી પ્રેમ પ્રેરી તે. ૨

જીવનને હોડમાં મૂકતાં હૃદય ન્યોછાવરી પેખે,
હૃદયના પ્રાણની તે જ હૃદયથી માગણી પૂરે. ૩

હૃદયના પ્રિયને દેવા પૂરો સંતોષ જીવનને,
ગળાવી જે શકે પૂરું ભળે તે પ્રેમના ભાવે. ૪

સમર્પણ સર્વ ભાવેથી હૃદયના પ્રિયનાં ચરણે,
કરે છે જે ઉમળકાથી ન એને દુઃખ ક્યાંયે છે. ૫

બધાંએ કર્મની અંતર જુએ છે પ્રિય વહાલો જે,
નથી વહાલો કદી દૂર હૃદય પ્રણયીથી એવાને. ૬

જુએ જે, ને અનુભવશે હૃદયના પ્રાણપ્યારાને,
મળેલાં કર્મ જીવનમાં 'હૃદય-પ્રિય' પાસ ત્યાં ભાસે. ૭

'હૃદયનું પ્રિય'ના સ્થૂળ 'હૃદયનું પ્રિય' તો સઘળે,
ચરાચરમાં સમાયેલું પછી તે દૂર શાથી છે ? ૮

હૃદયનું પ્રિય હૃદયે છે હૃદયમાં તે રહેલું છે,
હૃદયથી જે હૃદય નીરખે હૃદયને તે અનુભવશે. ૯

હૃદય જેને હૃદય માને પરસ્પર ત્યાં હૃદય ભેળાં,
ભળી શી શી રમતલીલા રમે તે કોણ જાણે ત્યાં ? ૧૦

હૃદયને જે થતાં કામે પરોવી, જે અલગ રાખે,
હૃદયના પ્રિય સંધાણે હૃદય તે પ્રેરણા પામે. ૧૧

હૃદયપ્રિયનું પરિશીલન નીગળતી ભાવના રૂપે,
કરે વ્યવહારમાં નિજના શકે ત્યાં પ્રીછી તે પ્રિયને. ૧૨

સુવાડી કાં મૂકો વહાલો ? વહાલો યાદ કાં આવે ?
હૃદયના ભાવનો ભૂખ્યો રવડતો તે બિચારો છે. ૧૩

બિચારાને બિચારો કાં સ્વજન રાખ્યા કરે હૃદયે,
'કૃપા દાખી જરા સામું જુઓ' એ પ્રાર્થનાં ચરણે. ૧૪

હૃદયનાથી કશું વહાલું નથી એને બીજું ક્યાંયે,
હૃદયનાં ના જુએ પૂરું હૃદય એ ત્યાં વલોવાયે. ૧૫

હૃદય પ્રિયનું દુઃખ હૃદય જે જે પિછાને છે,
ગમે જે પ્રિયને તેવું કરી આનંદ દે પ્રિયને. ૧૬

હૃદયથી કાં વીલો પ્રિયને મૂકીને પ્રિય સંતોષે,
ભલા સુખ શું તહીં તમને કૃપા કરીને પૂરાં ચેતો. ૧૭
પળેપળ જિંદગીકેરી રહી અણમોલ ભારે શી !
સ્વજનને કાં ન તે સૂઝે જિવાડો પ્રિયને જીવી. ૧૮
હૃદય નિજ જીવને પ્રિયને પૂરો કૃતાર્થ જે કરવા,
સતત જે ભાવ પ્રેરાવે મળે તે પ્રિયને હૃદમાં. ૧૯
સ્વજનમાં આશ ધારીને જીવન જીવ્યા કરું હું તો,
કૃપા કરજો, કૃપા કરજો, જરા પ્રિયનું હૃદય લેજો. ૨૦

---

હરિઃૐ

*એલિસબ્રિજ, તા. ૨૭-૧૨-૧૯૪૩*

## ભાવરસ

પ્રિય...

તમને જે સ્વપ્નું આવ્યું તે તો યોગ્ય જ હતું. હમણાં તો આપણે નસ્તરક્રિયા-ઑપરેશનની ભૂમિકામાંથી પસાર થઈએ છીએ. સાધકના જીવનમાં કંઈ કંઈ મડાગાંઠો હોવાની જ. જો તે પૂર્ણપણે ખુલ્લો ન રહ્યા કરે, એનાથી નોખાપણું ન રાખ્યા કરે તો તે જરૂર ક્યાંક ને ક્યાંક ફસાઈ જાય. એટલે સાધકે પોતાના મનના વિચારોને આત્મનિવેદનની ભાવનાથી જણાવ્યા કરવામાં ક્યાંય પણ ગેરલાભ નથી. જે વિચારો ઘણા વખત સુધી મનમાં સૂક્ષ્મપણે છુપાયેલા પડ્યા હોય છે, તે વિચારો વખત જતાં બળવાન બને છે અને આપણને તે ઊંધે પાટે પણ ચઢાવે છે. વિચારોનું બળ જેવું તેવું હોતું નથી. એટલા માટે

જ આપણામાં આત્મનિવેદનનો પ્રકાર એ ઉત્તમ પ્રકારની ભક્તિ ગણેલી છે. જે સંપૂર્ણપણે માનતા ન હોઈએ અને તે અંગે મૌન સેવીએ તેમાં જો આપણી બુદ્ધિ કે મન બીજી રીતે વિચારતું હોય તો તેને શુદ્ધ ભાવનાની દૃષ્ટિએ બેળે બેળે નહિ સમજાવવું રહ્યું, ઠસાવવું રહ્યું.

સત્યને કદી ચોકઠું હોતું જ નથી, પરંતુ તેથી આપણે બધાંએ પૂરેપૂરી સાવચેતી રાખવાની છે. ગીતાજીમાં જણાવેલા સોળમા અધ્યાયના સાત્ત્વિક ગુણો આપણી સાધના માટે ફલિત થતા જતા આપણને લાગવા જોઈએ. તેની પ્રત્યે આપણી દૃષ્ટિ અને વૃત્તિ રહેવાં ઘટે. ઈશ્વરને સર્વ સમર્પણ કરવાનો જેણે નિર્ધાર કર્યો છે, એવાએ તેવા તેવા ગુણો કેળવવામાં ગોંધાઈ જવાનું નથી. આપણી એ ભાવના જો હૃદયપૂર્વકની થયા કરતી હશે તો એવા ગુણો આપોઆપ આપણામાં ખીલતા જતા આપણે જોઈ શકવાના છીએ, અને છેવટે તો તેવા ગુણોથી પર થવાનું રહેલું છે, પણ પર થતાં પહેલાં આપણે આપણા જીવનના ધ્યેયથી અન્ય માર્ગે લઈ જતા હોય એવા ગુણોનો આશ્રય આપણે કદાપિ ન લેવો ઘટે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે હથિયાર ન ઉગામવાની પ્રતિજ્ઞા લીધી હતી, પરંતુ ભક્તની વહારે ચઢવા માટે પ્રતિજ્ઞાધર્મનું પણ એમણે ઉલ્લંઘન કર્યું, પરંતુ આપણો ધર્મ તો સંપૂર્ણપણે પ્રતિજ્ઞા પાળવાનો છે અથવા તો તેમના તેવા કર્તવ્યમાં જે જ્ઞાનનિષ્ઠા હતી કે હેતુનિષ્ઠા હતી તેનો આપણે જીવતો ખ્યાલ રાખ્યા કરીએ. આપણે જે બાજુએ જવાનું છે તે બાજુએ જવામાં જે જે કંઈ નડતરરૂપ બન્યા કરતું હોય તેના વિશે ઊંડો વિચાર કરીએ,

અને આપણું નિર્દય રીતે પૃથક્કરણ આપણે કર્યા કરીએ. સાધકે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર-એ પાંચ તત્ત્વના વળાંકોને પૂરેપૂરા સમજી લેવા ઘટે. એને સમજ્યા વિના પણ એકલું ભગવાનનું નામ લીધે તે ઠેકાણે આવી શકે છે ખરાં, પણ આપણે તો જ્ઞાનસહિત બુદ્ધિની મદદ લઈને તે તે બધું કર્યા કરવાનું છે. ગઈ કાલે પૂજ્ય....ની સાથે કથામાંથી પાછા ફરતાં તેમણે પૂછ્યું કે આ સંતે-મહાત્માએ ભગવાનનું નામ લેવા બાબતમાં જે સમજાવ્યું તે તો બધું ખાલી બુદ્ધિનું અનુમાન છે. અને ઘરેડ પ્રમાણે જો નામનું સ્મરણ થયા કરે તો શો ફાયદો ? મેં તેમને કહ્યું કે નામનું **સતત** સ્મરણ થવું તે સહેલી વાત નથી. તમે આટલા દિવસથી મનને ટકોરી ટકોરીને નામનું સ્મરણ કરવાનું રાખો છો, તોપણ તે ભૂલી જવાય છે. તો કોઈ માણસ ભગવાનનું નામ એમ ને એમ લઈ શકતો હોતો નથી. સતત ભગવાનનું નામ લેતાં રહેવું એ હાંસીખેલની વાત નથી. જો આટલી બધી ચેતનતા રાખ્યા છતાં અને જાગૃતિ રાખવા છતાં નામ રહેતું નથી, તો ઘરેડ પ્રમાણે રહે જ કેમ ? અને ધારો કે ઘરેડ પ્રમાણે રહે તોપણ એનું પરિણામ નકામું જતું નથી, પરંતુ જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં પોતાના ખેતરને ખાતર નાખી ખેડીને જમીન પોચી પોચી બનાવે છે અને પછી બી નાખે તો અને ભગવાનની કૃપારૂપી વરસાદ વરસે તો તેમાંથી પરિણામ નીપજ્યાં વગર રહેતું નથી, પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડખાતર ન કરે અને બી વાવી દે તોયે થોડું ઘણું ઊગ્યા વિના રહેતું નથી. કંઈ નહિ તો ઢોરને ખાવાનાં રાડાંયે પાકે. એટલે ભગવાનનું નામસ્મરણ

જો ખાતર અને ખેડ નાખીને એટલે કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર તે તે બધાંને નામસ્મરણને ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યાં કરવાનું રાખીને નામસ્મરણ લીધા કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આને માટે અત્યંત અપાર ધીરજ અને ભારે પુરુષાર્થની જરૂર હોય છે.

તમારો પ્રેમભાવ મને આપ્યા કરશો. તમારામાં રહેવાને મારે તો એ જ એકમાત્ર સાધન છે. એ પ્રેમ વિના હવે જીવવું આકરું લાગે છે અને તે બાબતની તા. ૧૮મીની રાત્રિની કવિતા ફરીથી વાંચશો, તે આ સાથે છે.

કવિતા એ હૃદયની ભાવનાનું પ્રતિબિંબ છે અને કવિતામાં સાથે સાથે અતિશયોક્તિ પણ સંભવી શકે છે. કાવ્ય એ આત્માની ભાવનાનો એક જાતનો આર્વિભાવ માત્ર છે. કવિઓની કવિતા અને પ્રખર સાધનામાંથી પરિપક્વ બનેલી ભાવનામાંથી બનેલું કાવ્ય એ બેમાં ઘણો ફરક છે અને કાવ્યની એવી અતિશયોક્તિથી ઘણાંના મન પરાઙ્મુખ થઈ જાય છે તે પણ સ્વાભાવિક છે, પરંતુ જે માનવી સાધનામાં ઓતપ્રોત થતો જાય છે, તેનામાં તો જ્યાં જ્યાં જગતમાં સૌંદર્યની ભાવના કોઈ પણ કળારૂપે વ્યક્ત થયેલી હોય તેના પ્રત્યે તેના હૃદયની કદરવૃત્તિ ખીલતી જ જવી જોઈએ. આપણે સાધનાના માર્ગે ખૂંપતા જઈએ છીએ તેનું આ એક માપ જરૂર ગણાવી શકાય. સુંદર સૂર્યોદય કે સૂર્યાસ્તના સમયે, આકાશમાં પૂનમની ચાંદની ખીલી હોય, જંગલની વનસ્પતિનું કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું હોય તથા માનવીના હૃદયના સદ્‌ભાવમાં

નૃત્ય, સંગીત, ચિત્રકળા, શિલ્પકળામાં બુદ્ધિની તેજસ્વિતાનાં દર્શનમાં અને કલ્પનાના ઉડ્ડયનશીલ પ્રભાવમાં અથવા કોઈ આકાશી ઊર્મિને લીધે જે જે બધું લખાયેલું હોય તે તે બધામાં આપણી કદરવૃત્તિ જાગૃત થયેલી જો આપણે અનુભવી શકતા હોઈએ અને તે તે બધામાં ભગવાનની ચેતનાશક્તિનો ચમત્કારી સ્પર્શ થયેલો છે એમ હૃદયની ધારણા ધરાવાઈને ત્યાં ત્યાં આપણું મસ્તક પ્રાર્થનાભાવે નમે, ત્યારે જરૂર આપણામાં ભાવનાનો ઉદ્રેક થતો જાય છે, એમ માનવાનું છે. સાધકના જીવનમાં ક્યાંયે શુષ્કતા ન હોવી ઘટે. એનામાં પ્રેમભાવ ઉત્તરોત્તર વધતો જવો જોઈએ.

ભગવાન એ ભાવરૂપે છે અને તેનું આપણા હૃદયમાં જાગવાનું બન્યા કરવું જોઈએ. કેટલીક વાર આપણને તેવી સમજણ ન હોવાથી પણ તેવી જાગતી ભાવના કેળવવાનું આપણને સૂઝતું પણ હોતું નથી.

---

હરિઃૐ

*તા. ૧૮-૧૨-૧૯૪૩*

## સંસારમાં રસ

(મંદાક્રાંતા)

મારું હૈયું કુમળું અતિશે સાવ શું નમ્ર પોચું,
ઊર્મિ આવે મનમહીં સરે લાગણીકેરું અશ્રુ.

(શિખરિણી-મંદાક્રાંતા)

પ્રભુએ બક્ષેલું રહમ કરીને કુમળું ફૂલ રૂડું,
બધા ભાવે એને અમ પતિતને રક્ષવા શક્તિ દે તું,

કરાવ્યું હૈયામાં સ્મરણ મુજને કેવું તેં તીવ્રભાવે !
ઘડી રોમાંચે હું ગદ્‌ગદ થયો ને નચાવ્યો મને તેં. ૧

પૂરો સંસારી હું જીવનની કળામાંહી આનંદ માણું,
રહેવું મારે ના મનહૃદયથી શુષ્ક યોગીપણામાં,
મને પૂરેપૂરો જીવન જીવવા પ્રેમના ભાવકેરો,
બધે જ્યાં જ્યાં ઊંડો રસ રસ મળ્યા તે કરે શ્રેય લાગે. ૨

પ્રભુએ દીધેલું જીવન સઘળું પ્રેમ આનંદ લેવા,
અને રોમેરોમે છલ છલ ભર્યો ભાવ અમૃત પીવા,
વિતાવાને એવું જીવન નિજનું સર્વદા કાળ વાંછું,
મને લાગે જીવ્યું રસ વગરનું શુષ્ક તે કારમું શું ! ૩

ગણે ના છો કોઈ જગત મુજને ભક્ત કે જ્ઞાની, યોગી,
રહીને સંસારી જીવન જીવવું પ્રેમની ભાવનાથી,
બધી વેદાંતીની સમજ મુજને કોરી કોરી શી લાગે !
નથી મારે એનો લગીર ખપ, જ્યાં ભાવ ના રંગવાળો. ૪

પ્રભુ તે મારો તો રસ રસ ભર્યો ભાવ આનંદપૂર્ણ,
ઊંડે પ્રેરાયેલો અણુ અણુ વિશે મસ્તીથી પ્રેમપૂર્ણ,
થવાવામાં વ્યક્ત હૃદય સ્ફુરતા ભાવ આવેશને તે,
બિચારાં શું જાણે જગત જીવ ત્યાં પ્રેમનો સ્વાદ શો છે. ૫

મળેલા સંબંધો જીવનરસથી મ્હાલવાને મળ્યા છે,
બધાંમાં જીવ્યાનો રસ ન છલકે જીવને શી મજા તે ?

પ્રભુ તો છે પૂરો રસ રસ ભર્યો તે વિના ના બીજું છે,
થવાતાં એનાં જો રસ નવ ઝરે જીવ્યું મિથ્યા બધુંએ. ૬

બનાવ્યું એણે તો જગત રસને માણવા ઉર પૂરો,
થયો એકાકી તે બહુ બહુ રૂપે મ્હાલવા ભાવ ઊંડો,
ફરે જ્યાં જ્યાં દૃષ્ટિ રસ રસ તહીં ઓર એને મળે શો !
થતાં કોરું હૈયું, હૃદય સમમજો કે પ્રભુને ભૂલ્યાં છો. ૭

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.